Chapter-6

## પ્રકરણ : ૬

## 'કૌમુદી' અને 'માનસી'

## શુધ્ધ સાહિત્યિક પત્રકારત્વનો અભિલાષ.

'કૌમુદી' અને 'માનસી'નાં ઘરે કેટકેટલા લેખકો અને વિવેચકો કેળવાયા હશે ? ગાંધીયુગની સાહિત્યરુચિ અને શકિત કેળવવામાં વિજયરાયનો ફાળો રા. વિ. પાઠક કરતાં ઓછો મૂલ્યવાન તો નથી જ.'

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (કુસુમપર્ણ, પૃ. ૧૦૩)

•

' આ સાહિત્ય પરિષદવાળા (મુનશીયુગ પહેલાનાં) સાહિત્યનું ત્રૈમાસિક કાઢવાનાં વિચારો ને વાતો કરે છે ઘણાં વખતથી, પણ એ કરી બતાવ્યું તમે ઓલ ગ્રેટ વર્ક ઈઝ ડન બાય ઈન્ડીવીઝ્યુઅલ્સ, બાય કેપેબલ, સીંગલ - માઈન્ડેડ મેન ... [વિજયરાયનાં સંસ્મરણો.

બ. ક. ઠાકોર ( હીરા અને પન્ના, પૃ. ૨૩૪ )

## પ્રકરણ : ૬. 'કૌમુદી' અને 'માનસી'

### ૦ ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વની એક વિશિષ્ટ ઘટના :

૧૯૨૦-૨૩ ના સમયગાળામાં બચુભાઈ ઉમરવાડીયા સાથે સંપાદિત કરેલા 'ચેતન' સામયિકમાં નરસિંહરાવ જેવા દુરારાધ્ય ગણાતો સાહિત્ય પુરુષ સામે વિજયરાય બંડ પોકારી ચૂકેલા. આ બંડખોર લખાણો વાંચી નૃસિંહ વિભાકર અને મુનશીએ ચંદ્રશંકર પંડ્યાને ત્યાં દોડી જઈને આમ પૂછેલું : 'નરસિંહરાવ જેવાને પણ આમ ઉચકનારો આ નવો લેખક વિજયરાય છે કોણ ? [1]

પ્રારંભથી જ વ્યક્તિત્વમાં તેમ લખાણોમાં તેજ તોખાર રહેલા વિજયરાય જાણે કે સાહિત્યિક પત્રકારત્વને માટે જ જીવતા વ્યક્તિ હતા. 'હિંદુસ્તાન'માં અગિયાર માસ સેવા કર્યા પછી 'ચેતન' સામયિક ત્રણવર્ષ ચલાવ્યું. એમાં, 'ક્રિટીક', 'મધુરાનંદ', 'વિનોદકાંત' એવા ઉપનામે કરેલાં વિવેચન-સર્જનમાં, એમની ઘડાઈ રહેલી સૂઝબૂઝની પ્રતીતિ થાય છે. 'ટાગોર અંક' અને 'હાજી મહમંદ અંક' જેવા 'ચેતન' ના વિશેષાંકો ધ્વારા વિજયરાયની સામયિક અંગેની સૂઝ વિકસતી રહેલી. જો કે પત્રકારત્વની આંટીઘૂંટીની અને એ કાર્યક્ષેત્રની વધુ તાલીમ તો વિજયરાયે 'ગુજરાત'માં પૂરા બે વર્ષ સુધી ઉપતંત્રી તરીકે કરેલી કામગીરીમાં લીધેલી મુનશીના સીધાજ માર્ગદર્શન અને અનુભવને કારણે પત્રકારત્વની દિશામાંજ જીવન સર્વસ્વ અર્પણ કરવાનો વિજયરાયનો મક્કમ ઈરાદો ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વ માટે સુચિહ્ન બનીને રહયો.

સાહિત્ય જગતમાં કંઈક નવુ કરવા મથતા વિજયરાયે 'ગુજરાત'ના દિવાળી અંક (૧૯૨૩)માં, હંમેશ પ્રથમ પાને છપાતાં મનહરરામના 'જય થજો જય થજો' કાવ્યને બદલે લલિતનું કાવ્ય પ્રસિધ્ધ કરી દેતાં મુનશી રોષે ભરાયેલા એથી, તેમજ 'ગુજરાત' ના અંકો મોડા થવાની બાબતે અને ઉતરતી જાતના કાગળ વપરાતા હોવાની બાબતે મુનશી સાથે મતભેદ થતાં વિજયરાયે 'ગુજરાત'માંથી છૂટા પડીને ૧૯૨૪ માં 'કૌમુદી' ત્રૈમાસિક નો પ્રારંભ કર્યો.

'કૌમુદી' નું પ્રકાશન સ્થાન 'કુમાર કાર્યાલય' (અમદાવાદ) રહેલું 'કુમાર'ની મુદ્રણક્ષેત્રની ખ્યાતિનો પરિચય 'કૌમુદી'ના અંકોની સુઘડતામાં મળે છે, આ પછી

'નવજીવન' માં સ્વામી આનંદના હાથ નીચે અને અમદાવાદના આદિત્ય મુદ્રણાલયમાં પણ 'કૌમુદી'નું પ્રકાશન થયાની નોંધ પ્રાપ્ત થાય છે.

ત્રૈમાસિકનું નામ 'કૌમુદી' એવી દૃષ્ટિથી રખાયેલું કે ચન્દ્ર જેમ સૂર્યની પાસેથી પ્રકાશ મેળવીને એની કૌમુદી પૃથ્વી પર પ્રસારે છે તેમ આ પત્ર સ્વદેશ તથા વિદેશોની સાહિત્યમાં જે જે સહસ્ત્રરશ્મિ સમાણું ઉત્તમ, તેજોમય, તેનો પ્રકાશ ગુજરાતી ભાષા ધ્વારા ભારતમાં પ્રસારવાની આકાંક્ષા વ્યકત કરે છે. આ ઉદ્દેશનો આવિર્ભાવ 'કૌમુદી'ના મુખપૃષ્ઠ પર પણ જોઈ શકાય છે. તેની પીઠિકામાં ચંન્દ્રબિંબ છે અને આગળ છે ચાંદનીમાં બિસતંતુવાળો ઊડતો હંસ, સરસ્વતી વાહન એ ધવલ પક્ષી.[2] આ મુખપૃષ્ઠ 'કુમાર' કાર્યાલયમાં બચુભાઈ રાવતે તૈયાર કરાવી આપેલું.

સાહિત્ય, કલા અને વિવેચનના ત્રૈમાસિકને એકલે હાથે શરૂ કરવાના 'એ જમાનાના કદાચ સૌથી મોટા સાક્ષરી સાહસ'[3] ની અનિવાર્યતા કઈ ? તંત્રી વિજયરાય કહે છે કે ગુજરાતી સમાજની આ દશાએ પ્રજાસમૂહે કલા અને સાહિત્યનો વિચાર જીવંત ને સબળ રસવૃત્તિથી તેમજ તુલના દૃષ્ટિએ કરવો જ રહયો. સાહિત્યના વાચનથી ઉપજતો આનંદ સતત રસભોગ વિના સમૃધ્ધ ને વ્યાપક નથી બનતો તેમ તુલના વિના પકવ ને ઊંડો નથી હોતો તેમ તંત્રી માને છે આ સમયગાળાના નિસ્તેજ વાતાવરણને વ્યકત કરતાં તે લખે છે કે :' અત્યારે તો વાંચનારનો એક વર્ગ છાપાં ઉપજાવી શકે એવી રસિકતામાં તો બીજો સચિત્ર વાર્તામાસિકોની ભારેખમ શુષ્કતામાં ત્રીજો ? અને ચોથો અશિષ્ટ ગ્રંથોના કામણગારા રંગરાગમાં તો પાંચમો કાલાતીત શિષ્ટ લેખકોના અમર્યાદિત સેવનમાં કાલનિર્ગમન કરે છે ને પોતપોતાના સાહિત્ય અવતારની ધન્યતા તેમાં માને છે'[4] આ વસ્તુસ્થિતિ કાળબળે, શિક્ષણના કારણે સુધરવાની આશા જોતાં તંત્રી ઝંખે છે કે ભાવનાઓ અને સિધ્ધાંતો વધુ પ્રસરશે એમ એમ ઉપરનાં સકળ તત્વોનાં વહેણોનું શુધ્ધિકરણ થશે. ભાષા અને રસની શુધ્ધિ આપણા સાહિત્યનો શણગાર બનવાની, નવા સાહિત્યનાં પરિશીલન ધ્વારા દૃષ્ટિક્ષેત્રં વિકસાવાની અને પ્રજાજીવનને સમજતાં થયેલા સાહિત્યકારો અમરસાહિત્ય રચી શકશે એવી, એમની દૂરગામી આશા પણ એમાં

ડોકિયાં કરે છે. 'કૌમુદી'ની આ ભાવના વિશે લખાયેલી તંત્રીનોંધમાં 'કૌમુદી' ને પ્રકટ કરવાના ઉત્સાહ સાથે ગુજરાતી સામયિકોમાં જુદાજ તરી આવવાનો એમના કોડની ઝાંખી પણ થાય છે. જુઓ એ નોંધ : 'એ સાહિત્ય સદ્મમાં કુલવિજ થવાની લાયકાત ને શક્તિનો કોઈક વિરલ શારદા સેવકની જ હોઈ શકે પણ બને તો તેમાં હોતા થવું ને પરિચાયકની પદવી તો અવશ્યમેવ વરવી એવી 'કૌમુદી'ની ભાવના છે. સાહિત્ય સ્વામીઓની પ્રતિભા ભર્ગે વરેણ્યં ઝીલીને લેખક સમાજ તે પ્રકાશ પ્રાંતમાં વિસ્તારે, એવો 'કૌમુદી'નો અભિલાષ છે. આ અભિલાષ બે રીતે પૂરો કરી શકાય. રસ સાહિત્યના સારા નમૂના રજુ કરીને તથા વિવેચન સાહિત્યના અંગોપાંગને પોષીને પહેલી રીત દ્રષ્ટાંત વડે જ ઉંચી સાહિત્યભાવના ખીલવે. બીજીરીત સિધ્ધાંત ચર્ચા ધ્વારા સાહિત્ય પરીક્ષાનું કૈક નિયમિત ધોરણ બાંધવામાં મદદ કરે અને તેમાંથી એકકે સંકુચિત કે અલ્પસંતોષી થઈ ન જાય એટલા સારું દરેકને ઉપયોગમાં લેતા પરદેશોને પરપ્રાંતોના સાહિત્યને પણ દ્રષ્ટિ ફલકમાં પટતે સ્થાને ગોઠવવા એ જરૂરી, પરિણામે લાભકારક જ છે'[૫] અહીં 'કૌમુદી' સાહિત્યનું એક ચોકકસ ધોરણ ખીલવવાં માટે એ સબંધી લખાણો, અનુવાદો, પૂર્વ-પશ્ચિમ સાહિત્ય કલાના પરિચય લેખો, સાંપ્રત સાહિત્યનાં વિવેચનો અને આપણા સાહિત્યિક વાતાવરણ વિશે વ્યાપક ચર્ચાઓ પ્રકટ કરવાનું તાકે છે. જે એ સમયગાળાનાં સામયિકોમાં તદ્દન ભિન્ન અને વિશિષ્ટ છે. કેવળ સાહિત્યને અને સાહિત્યની ચર્ચાને જ કેન્દ્રમાં રાખવાની ખેવનાને માટે વિજયરાય નોંધે છે : 'અન્ય સામયિકો જાણે બેકન સાથે સ્પર્ધામાં ઉતરતાં હોય તેમ જ્ઞાનના પ્રદેશમાત્રને પોતાનું કાર્યક્ષેત્ર માને છે. એટલી અસાધારણ તો અમારી મહત્વાકાંક્ષા નથી પણ શુધ્ધ સાહિત્ય કલા અને વિવેચનના પૃથક સેવનનો કાળ હવે ગુજરાતમાં આવેલો જણાય છે. તેથી એ વિષયને જ ઉપલી રુપરેખા અનુસાર છેડવા એવી યોજના છે.'[૬]

આમ, 'કૌમુદી' નું પ્રાકટ્ય ગુજરાતી સાહિત્યના પત્રકારત્વ ક્ષેત્રે વિશિષ્ટ સીમા ચિહ્ન રૂપ બને છે. 'સરસ્વતી ચંદ્ર' જેવી મોટાગજાની કૃતિને મૂલવવા માટે સમીક્ષાનું સ્વતંત્ર સામયિક હોવું જોઈએ એવા હૃદ્યોદ્ગાર કાઢનાર નવલરામે જ્ખ્યુ હતુ તેવું વિવેચનનું સામયિક ગુજરાતને આપવાની મહત્વાકાંક્ષા વિજયરાયને હતી.

'હિંદુસ્તાન', 'ચેતન' અને 'ગુજરાત'માં પરોક્ષ જવાબદારી હતી એ હવે પ્રત્યક્ષ બનતાં 'કૌમુદી'માં વિજયરાયનાં સાહિત્યિક લેખનો ખરો પ્રારંભ થયો. કૃ. મો. ઝવેરીના મતે વિજયરાયનો આ લેખ તે અસિધાર નૃત્ય હતું. આ પ્રકારની વિકટ સ્થિતિ વચ્ચે ઝિલાતાં રહેલા પડકારો અને સાહસોમાંજ તેઓ ગુજરાતી સાહિત્ય વિશે શ્રધ્ધા બાંધે છે.'[૭]

વિજયરાયના સદ્ભાગ્યે બટુભાઈ ઉમરવાડિયા, વિશ્વનાથ ભટ્, ચન્દ્રવદન મહેતા, ગગનવિહારી મહેતા, ર. વ. દેસાઈ, ધનસુખલાલ મહેતા અને જ્યોતીન્દ્ર દવે જેવા મિત્રવર્તુળનો સાથ સહકાર પ્રાપ્ત થયો હતો. નરસિંહરાવ જેવા સાક્ષર સાથે મમતાભર્યા સંબંધોનાં કારણે 'કૌમુદી'નાં પ્રથમ અંકથી 'ગુજરાતીમાં સંગીતકાવ્ય' એવો પ્રસિધ્ધ લેખ પ્રાપ્ત થયેલો આ કારણે 'કૌમુદી'ને અણધારી પ્રતિષ્ઠા પ્રાપ્ત થયેલી. 'કૌમુદી'ના પ્રથમ અંકમાં સ્થાન પામેલાં સર્જકોનાં નામ જાણવાથી જ ખ્યાલ આવશેકે આરંભકાળાથી જ 'કૌમુદી'એ સેવેલી આકાંક્ષાઓને મૂર્ત કરવા તંત્રી કમર કસે છે. આ પ્રથમ અંકમાં દેશળજી પરમાર, નરસિંહરાવ, ચંદ્રવદન મહેતા, બટુભાઈ, ગજેન્દ્ર લા. પંડ્યા, ગગનવિહારી મહેતા, ઝવેરચંદ મેઘાણી, નૃસિંહ વિભાકર જેવા લેખકોનાં લખાણો ૧૧૦ જેટલાં પૃષ્ઠોમાં સમાવાયા છે. જ્યારે સાહિત્યચર્ચાના મુદ્દાઓ, ટૂંકીનોંધને ૭૦ જેટલાં પૃષ્ઠો ફાળવાયેલાં છે. સાહિત્યની ગંભીર ચર્ચાઓને ગૂંથતા આ પહેલા અંકને જોઈને રમણલાલ યાજ્ઞિકે 'સાહિત્ય'ના તંત્રી મટુભાઈને વાતવાતમાં કહેલું કે : 'વિજયરાયને કહી દેજો કે આવું પત્ર ગુજરાતમાં ચાલી શકશે નહીં'[૮] પરંતુ નવાનવા અભ્યાસને સાંકળતા તેમજ સાહિત્ય-વિવેચનક્ષેત્રે તાજપનો સૂર પ્રકટ કરતાં 'કૌમુદી'ને સાહિત્યજગતે વ્યાપક આવકાર આપ્યો હતો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ 'કૌમુદી'નાં પ્રકાશનને ગુજરાતી સાહિત્યની 'ઘટના' ગણાવીને તેના રુપરંગ તેમ ગુણવત્તામાં 'કૌમુદી'ને 'લંડન મકર્યુરી', 'હિબર્ટ જર્નલ કે 'ફિલોસોફિકલ રિવ્યુ' સાથે સરખાવ્યુ હતુ.[૯] તો માર્કન્ડરાય મહેતાએ નરસિંહરાવની પંક્તિ યાદ કરીને 'મને કૌમુદી મુદપ્રદા લાગી છે-'[૧૦] એવી પ્રશંસા કરેલી. 'મુનશી સાથે ઝઘડીને 'ગુજરાત' માંથી છુટા થયા એટલે હવે આ તેની સામે નવું ચોપાનિયું કાઢી બેસવાના જ'[૧૧] એવી ટીપ્પણી કરનારા કૃ. મો. ઝવેરીએ તેમજ આનંદશંકરે પણ 'કૌમુદી'માં પ્રસિધ્ધ થતાં ઊહાપોહ અને

વિજયરાયનાં સંપાદકીય વલણોને સત્કાર્યાં હતા. આનંદશંકર તો નોંધે છે કે : 'કૌમુદી'ના તંત્રી ત્રણ અંક ઉપરાઉપર આટલા સારા કાઢશે એવી તો મને પણ આશા નહોતી.'[૧૨] સારા અંકો પ્રકાશિત કરવા અંગે વિજયરાયની મહેનતને અન્ય સામયિકોએ પણ બિરદાવેલી. 'કૌમુદી'ના પહેલા અંક નું 'લંબાણ થી અવલોકન' કરતા 'સમાલોચક'માં અજ્ઞાત અવલોકનકારે વિવેચનના ધોરણો અને 'કૌમુદી'ના આર્થિક પ્રશ્નોની વિગતે વાત કરી હતી જે સમસામયિક ઘટના પ્રત્યેની જાગ્રત મનોદશા તેમજ વિવેચનની સંનિષ્ઠ ભેવનાનો પરિચય આપે છે. અવલોકનકારે નોંધ્યુ છે કે : 'કૌમુદી' ત્રૈમાસિક ગુજરાતની પાસે રજુ કરવા માટે રા. વિજયરાયને અમે અંતઃકરણથી ધન્યવાદ આપીશું. એ અમારુ કર્તવ્ય છે. ઊંચા પ્રકારના સારા લેખોથી વિભૂષિત એવી સામગ્રી રજુ કરવા માટે એમને આપણે અભિનંદન આપીશું. એમની વિવેચક શકિતમાં બલિષ્ઠ સ્વાતંત્ર્ય આવે અને કોઈ એકાદ વ્યકિત કે કોઈ એકાદ સંસ્થાના કૃત્રિમ અને આડંબરી સંસ્કાર ની ગુલામી બેડીમાં જ બધ્ધ થઈ રહે નહિ કે એના મોહપાશમાં જ એ જકડાઈ રહે નહીં એ અમે ઘણું ઈચ્છીએ છીયે. એમની વિવેચનશકિતમાં અમને સ્વાતંત્ર્ય મનોવૃત્તિ કરતા કેટલીક વખતે ગુલામીની પરવશતાની કટુતા વધારે જણાઈ છે. અને 'કૌમુદી'માંના એમનાં અવલોકનો એ પરવશતા વધારે સ્પષ્ટ કરી બતાવે છે. એવું મનાય છે કે જે સાહિત્યસેવાના નિભાવ માટે હંમેશા પારકાની જ પાસેથી આર્થિક મદદની જરૂર પડે છે ત્યાં એક અથવા બીજી જાતની પરવશતા કમનેય સેવવી પડે છે. માટે સ્વતંત્રતાના સાચાને પ્રમાણિક પૂજારીને આ પ્રકારની પરવશતામાં રહીને સાહિત્યની સેવા કરવી પરવડીજ શકે નહિ. એથી એ પરાવલંબી સ્થિતિ જો સ્વીકારવામાં આવે તો અને એવી પરવશતામાં રહીને કાર્ય કરવાનું હોય તો અમે માની જ શકતા નથી કે શુધ્ધ કે સાત્વિક કે સ્વતંત્ર વિચારો દર્શાવી શકાય. રા. વિજયરાયની કાંઈ આવી જ સ્થિતિ છે અને'કૌમુદી' એ નિર્મલ, શુધ્ધ અને સ્વતંત્ર ઓજસ આપનારી 'કૌમુદી તરીકે જ 'ગુજરાત માં પ્રકાશી રહે એવી અમારી સ્વાભાવિક મહેચ્છા ફલીભૂત થાય એવું અમને આથી જણાતું નથી... એમની નિરીક્ષણ શકિતને સ્વતંત્રતાનાં ઓજસ ચઢાવવાની જરૂર છે.[૧૩]

'સમાલોચક' ના અવલોકનકારે મૂળે તો 'કૌમુદી'ના આર્થિક પ્રશ્નને મુખ્ય ગણ્યો છે પરંતુ એ કારણે શુધ્ધ અને સ્વતંત્ર ઓજસ ધરાવતાં નિરીક્ષણોની એમાં ક્યાયે ખામી વરતાતી નથી એ દિશાના અનેક ઉદાહરણો 'કૌમુદી'ની સામગ્રીમાંથી પ્રાપ્ત થાય છે એ સામગ્રીનું વિગતે અવલોકન કરીએ.

<u>૦ 'કૌમુદી' માં પ્રકાશિત સર્જન-વિવેચન વિષાયક નોંધ</u>

<u>૦ 'કૌમુદી'નો કાવ્યપ્રવાહ :</u>

'કાવ્યોની દ્રષ્ટિએ 'કૌમુદી' સહેજ પછાત અને ઝાંખુ રહયું છે.'[૧૪] એવો સ્વીકાર કરતા તંત્રીમત સાથે 'કૌમુદી'નાં આરંભકાળથી અંત સુધીની કાવ્યરાશિને જોતા સંમત થઈ શકાય. 'કવિતા' જેવા અલગ વિભાગમાં પ્રકટ થયેલા કાવ્યો જુદીજુદી સંખ્યામાં મળે છે. કયારેક અંકમાં એકાદ કાવ્યને પ્રકાશિત કરીને સંતોષ માની લેવાયો છે. તો કયારેક 'કૌમુદી'માં સાત-આઠ કાવ્યો પણ પ્રકટ થયા છે. કાવ્ય પ્રકાશનમાં દેખાતી આ અનિશ્ચિતતાનું કારણ અંકમાં પ્રસિધ્ધ થતી સામગ્રીનોયનું બાહુલ્ય હતુ. નિયમિતપણે કાવ્યને પ્રકટ ન કરી શકતા તંત્રી દિલગીરી વ્યકત કરીને નોંધે છે કે :' આ આપને લખેલી છોટીશી નોંધનું મથાળું જાણે કોઈ કાવ્ય લખવાનો આરંભ અમે કરતા હોઈએ તેવું ('બુલબુલને' - 'પ્રિયાને' એના જેવું ) થઈ ગયુ છે પણ આપના પ્રદેશમાં પેશકદમી કરવાની અમારી જરાયે ઈચ્છા નથી. આ લખીએ છીએ તે આપની માફી માગવા. આપનાં કાવ્યો માંગીમાંગીને લીધેલા અને છાપી શકાયાં ત્યારે શૂન્ય'[૧૫] તંત્રીએ પ્રસિધ્ધ કરવા માંગેલાં કાવ્યો પૃષ્ઠ સંખ્યાની ખેંચતાણમાં છાપી શકાતાં નથી ત્યારે 'કૌમુદી'નાં પ્રસિધ્ધ થનારાં આગામી અંકે કાવ્યોને પ્રસિધ્ધ કરવાની તેઓ આશા આપે છે.

કાવ્ય વિષાયે લાક્ષાણિક જણાતી ઘટના એ છે કે 'કૌમુદી'માંના કાવ્યોમાં પૃથ્વીછંદના પ્રયોગો પુષ્કળ છે. રામપ્રસાદ શુકલનાં પ્રસિધ્ધ થયેલાં અગિયાર જેટલાં કાવ્યોમાં નવ કાવ્યો તો પૃથ્વીછંદમાં જ છે. પૂજાલાલથી માંડીને 'ઉપવાસી' જેવા કવિઓ સુધીની કાવ્યપરંપરામાં પૃથ્વીછંદના પ્રયોગો જોવા મળતા રહયાં છે એનું એક કારણ પૃથ્વીછંદ પ્રત્યેનું કવિઆકર્ષણ અને ઠાકોર, ચન્દ્રવદન જેવા કવિઓનો પ્રભાવ. ઠાકોર અહીં 'એક હાય' કાવ્યમાં 'પૃથ્વી તિલક' જેવા, પૃથ્વીની પંકિતમાં

ત્રણ અક્ષર ઉમેરીને કરેલા, નવા છંદને પ્રયોજતાં જોવા મળે છે જો કે એ સાથે નોંધવું જોઈએ કે છંદોબધ્ધ કવિતાનો એક આખોયે પ્રવાહ 'કૌમુદી' માં મળે છે. જેઠાલાલ ત્રિવેદીને પ્રિય એવા સ્ત્રગ્ધરા 'છંદના અનેક ભાવવાળી મુકતકો અહીં મળે છે તો ખંડ શિખરીણી, ગુલબંકી, વસંતતિલકા, પુષ્પિતાગ્રા, માલ્યભારિણી જેવા વિવિધ છંદોમાં પ્રકટેલી કવિતા પણ ઓછી નથી.

દેશળજી પરમાર 'કૌમુદી'માં નિયમિત લખનાર કવિ હતા એમના પાંત્રીસથી વધુ કાવ્યો 'કૌમુદી'માં પ્રાપ્ત થાય છે એમના સર્જનમાં અંજનીકાવ્યના પ્રયોગો સોનેટ રચનાઓ ધ્યાન ખેંચે છે. ચન્દ્રવદન મહેતાના'જ્યોતિ', 'પચ્ચીશી', 'બિદાય', 'વિદાય', 'ગુજરાત', 'વધામણી' જેવાં દસેકે કાવ્યોમાં સોનેટ રચનાઓ મુખ્ય છે. જ્યારે સુંદરજી બેટાઈના પચ્ચીસ જેટલા કાવ્યો 'કૌમુદી'માં પ્રાપ્ત થયા છે. પ્રકૃતિતત્વો અને માનવસંવેદનાના વિવિધ ભાવગૂંથતુ બેટાઈનું દીર્ઘકાવ્ય 'સુહસ્મૃતિ' ખંડવાર પ્રકાશિત થયેલું સૌન્દર્યવાદી ધારાઓની અસર ઝીલનારા કૃષ્ણલાલ શ્રીધરાણીની કેટલીક પ્રસિધ્ધ રચનાઓને પ્રકાશમાં આણવાનું સૌ પ્રથમ કાર્ય 'કૌમુદી'એ કર્યું હતું. 'શુક', 'કવિન હું' 'કોડિયાં', 'અમૃતના ઉંબરમાં', નિધનની પછીતે, 'મૈનાનું ગાન' કોડિયા (અટારી બીજી) જેવા કાવ્યો પ્રસિધ્ધ થયેલા શ્રીધરાણીના સમકાલીન પ્રહ્લાદ પારેખની દસથી વધુ રચનાઓ 'કૌમુદી' એ પ્રકાશિત કરી હતી જેમાં 'ઉરદાહ', 'ખલાસી', 'વર્ષા', 'શ્રાવણ', 'સિંધુને' જેવી રચનાઓ ધ્યાનાર્હ છે.

પંદરેક જેટલી કાવ્યરચનાઓમાં પૂજાલાલનું અધ્યાત્મ તરફી વલણ નોંધનીય છે. 'ઉર્ધ્વપંથના યાત્રીને', 'ઈશુજન્મ મહોત્સવે' જેવી રચનાઓ તેમના આ વલણની દ્યોતક છે. મનસુખલાલ ઝવેરીની 'ને', 'સ્મરે છ?', 'કવિનુ સ્મિત, 'વિસંવાદ' જેવા કાવ્યો અને 'ભૂલું તને ? જેવું ત્રણપાનનું દીર્ઘકાવ્ય પ્રકાશિત થયુ છે. કવિ પતીલના પણ પચીસેક જેટલા કાવ્યો પ્રસિધ્ધ થયેલા તો ગીતકવિતામાં વિવિધ ભાવવિશ્વને ગૂંથતા જ્યોત્સના શુકલ, કવિ લલિતા, શિરીષ શેલત, ભગવાનલાલ માંકડ, બાદરાયણ, રતિલાલ શુકલ, રમણ શુકલ અને પુષ્પા વકીલના એકાધિક કાવ્યો અહીં જોઈ શકાય છે.

કવિ ન્હાનાલાલનાં 'સપ્તર્ષિ મંડળને સ્વવંદના', 'કદંબના ફૂલ', 'ઉતરજો આશીર્વાદ', 'બ્રહ્માંડજયીની કવિતા', 'મોરલી બોલે છે' જેવા કાવ્યો 'કૌમુદી'માં પ્રસિધ્ધ થયેલાં ખબરદાર પણ 'ભક્તિવીરની વાંધા', 'સૃષ્ટિની અસ્થિરતાના બે કાવ્યો, 'મૃત્યુના નૃત્યમાંથી' જેવા કાવ્યો 'કૌમુદી'માં પ્રસિધ્ધ કરાવે છે. ગાંધીયુગના સાહિત્યગુરુ 'શેષ'ના ત્રણ કાવ્યો અહીં જોવા મળે છે જેમાં 'સખી આજ !' અને 'એક કારમી કહાણી' જેવી ગીત રચનાઓ અને મિશ્રોપજાતિમાં લખાયેલું 'લગ્ન' કાવ્ય છે. અહીં ગાંધીયુગના બે પ્રખર સર્જકોની કાવ્ય મથામણો પ્રયોગો વિશે વાત કરવી જોઇએ. ઉમાશંકર અને સુંદરમનાં અનેક કાવ્યો 'કૌમુદી'માં જોવા મળે છે. જેમાંથી કેટલાક કાવ્યો આપણી સમગ્ર કાવ્યપ્રવૃત્તિને દિશા ચીંધનારા, ચાલકબળ બનીને રહયાં હતા. ઉમાશંકરના પચીસથી વધુ કાવ્યોમાં 'દારોગાને', 'કરાલ દર્શન', 'એક ચૂસાયેલ ગોટલાને','કલાનો શહીદ' જેવું દીર્ઘકાવ્ય, 'થુવેરકાંટા', 'ગુજરાત મોરીમોરીરે', 'હોડીને દૂર શું? નજીક શું ?' અને 'છેલ્લોઉડે ચવનરાં' મુખ્ય છે. સુંદરમની ત્રીસેક જેટલી રચનાઓમાં દેખાતી કવિપ્રતિભા એ સમયગાળાનાં કવિઓમાં જુદો સ્વર શોધી લેતા સર્જકની છબી ઉપસાવી આપે એવી છે. પ્રસિધ્ધ થયેલી રચનાઓમાં 'ત્રીજનો ચંદ્ર', 'સૂર્યનું ગીત' 'અહો પૃથ્વી મૈયા', 'મેઘનૃત્ય', 'પુણ્યાત્મા', 'એક કવિતાપ્રવાસ' 'રંગરંગ વાદળીયા', 'જેલના ફૂલો', 'આ દરિદ્ર''ને ભાળ એવું' જેવા કાવ્યો અને શિખરિણી છંદમાં રચાયેલું 'ભાંગેલી હાથની ઘડીયાળને' મુખ્ય છે.

સમગ્ર ભારતમાં ફરી વળેલાં અસહકાર આંદોલન, ચળવળની વિધવિધ પ્રવૃત્તિઓનો પ્રભાવ 'કૌમુદી' ના કાવ્યોમાં પણ ઝીલાયેલો છે. દેશળજી પરમાર અને શ્રીધરાણીની કાવ્યરચનાઓ તેમાં સૌથી વધુ ધ્યાન ખેંચે છે. આવી રચનાઓમાં સ્વાભાવિક રીતે જ પ્રાસંગિકતાને વિશેષ મહત્વ અપાયું છે. રાષ્ટ્રભક્તિને વ્યકત કરતી હોય રચનાઓના અન્ય કવિઓમાં ચન્દ્રશંકર ન.પંડયા, જયોત્સના શુકલ, હંસા મહેતાનાં કાવ્યો જોઈ શકાય.

'કૌમુદી'ના ઉદ્દેશમાંના એક એવા અનુવાદોને પ્રકટ કરવાનું વલણ અહીં ખાસ ધ્યાન ખેંચતુ નથી તે છતાં મૈથિલીશરણગુપ્ત, રવીન્દ્રનાથ, હાફીઝ શિરાઝી, કાલીદાસ, ફ્રેંચ કવિ ગોતિયેર, થોમસ હાર્ડી જેવા પ્રસિધ્ધ સર્જકોના અનુવાદો વિવિધ સર્જકોના

હાથે થયા છે.

'કૌમુદી'ના ચૌદ વર્ષના પ્રકાશનગાળામાં સાડાપાંચસો જેટલી કાવ્ય રચનાઓમાં એક બાજુ ગાંધીયુગની ભાવનાનો પ્રબળ ઉદ્‌ગાર અને બીજી બાજુ સૌન્દર્યલક્ષી અસર ઝીલતી રચનાઓ પ્રકટ થઈ હતી. વળી, ત્રણેક કવિપેઢીનાં વિવિધ કવિઓમાં એક બાજુ ન્હાનાલાલ, ઠાકોરની કાવ્ય રચનાઓ, બીજી બાજુ સુંદરમ,ઉમાશંકર, ઈંદુલાલ ગાંધી, નાથાલાલ દવેની રચનાઓ અને ત્રીજા તબક્કામાં શ્રીધરાણી, પ્રહલાદ પારેખના ઉન્મેષો અહીં ઝીલાયા છે. એક-બે રચનાઓ આપનારા નવોદિતોને પણ 'કૌમુદી' એ સત્કાર્યા છે અને ઉષા ડૉક્ટર, ઘનશ્યામ વસાવડા, પ્રતાપ જેવા અસંખ્ય અજાણ્યા નામો પરથી જાણી શકાય છે. આવી અસંખ્ય રચનાઓમાંથી 'વિશેષ'નું પ્રકટવું એ સદ્‌ભાગ્ય છે. સમકાલીનકાવ્ય પ્રવૃત્તિને ગુજરાત સમક્ષ મૂકી આપવાનું, નરવો-નવો અવાજ શોધવાનું અને સંક્રાન્તિકાળની કવિતાઓ પણ પ્રકટ કરવાનું વલણ અહીં જોઈ શકાય છે.

○ ટૂંકીવાર્તાનું પ્રકાશન : કેટલીક જમા-ઉધાર બાજુઓ :

'વીસમી સદી'માં વાર્તા પ્રકાશિત કરવાના પ્રયત્નોમાં મનોરંજનનું ધ્યેય મુખ્ય હતું. એમાં પણ ઐતિહાસિક કથાવસ્તુને પ્રાધાન્ય મળેલું છે. 'સાહિત્ય' ને વાર્તા મેળવવા માટે ઈનામી યોજનાઓનો આશ્રય લેવો પડયો હતો અને કેટલીક સામાન્ય કક્ષાની વાર્તાશ્રેણીઓ પ્રકાશિત કરવા સામે તેની ભારોભાર ટીકા થયેલી. 'પ્રસ્થાન' ને કેટલાક વાર્તાકારોનો વિશેષ લાભ મળેલો છે. પન્નાલાલ પટેલ, ગુલાબદાસ બ્રોકર, 'સ્નેહરશ્મિ' ની વાર્તાઓ 'પ્રસ્થાન' દ્વારા મળેલી છે. 'સાહિત્ય'માં વાર્તાનો નબળા અંગનો ઉપાય શોધવા જેમ મટુભાઈને વાર્તાઓ લખવી પડેલી તેમ 'પ્રસ્થાન'ના તંત્રીને પણ વાર્તા લખવા માટે પ્રવૃત્ત થવું પડેલું આમ, મોટાભાગના સામયિકોને વાર્તાઓ માટે ઝૂઝૂમવું પડ્યું છે. શરૂઆતના ગાળામાં કવિતા, લેખોને જેટલું સ્થાન ''કૌમુદી'માં મળ્યું છે તેવું સ્થાન વાર્તાઓને નહીં મળ્યું પહેલા બે વર્ષમાં માત્ર ચાર વાર્તાઓ જે 'કૌમુદી'માં પ્રકાશિત થઈ છે. એ રીતે 'કૌમુદી' સાહિત્યના આ અંગ પરત્વે જાણ્યે- અજાણ્યે ઉદાસીન રહે છે. એકીસાથે

ઘણા વાર્તાકારોની રચનાઓને 'કૌમુદી'માં મૂકવાનો વિજયરાયનો કોઈ સભાન પ્રયત્ન અહીં નહીં દેખાય તે છતાં 'કૌમુદી'માં કેટલાક ઉત્તમ વાર્તાનુવાદો અને ગુજરાતી ભાષામાં સર્જાતી વાર્તાનું ચિત્ર પામી શકાય એવી ... વાર્તાઓ પ્રકટ થઈ છે.

જગત સાહિત્યની ઉત્તમ રચનાઓને અનુવાદો દ્વારાં સુલભ કરાવવાનો એક લક્ષ્યને કારણે થોમસ હાર્ડી, થીયોફિલ ગોતીય, નોર્વેજીયન નવલકથાકાર જોહન બોયર ગાલ્સવર્ધી, મોપાસાં, આનાતોલા ફ્રાંસ, મેક્સિમ ગોર્કી, ઓનારે દ બાલ્ઝાક, મોરિસ લેવલ, યુજીન ગોનિલ, ચેખોવ જેવા વિશ્વપ્રસિધ્ધ પાશ્ચાત્ય સર્જકોની વાર્તાઓ અહીં મળે છે. એ તુલનાએ અન્ય ભારતીય ભાષાઓની વાર્તાઓના અનુવાદો અહીં અલ્પ સંખ્યામાં છે. ચંન્દ્રશેખર શર્મા, જગમોહન ગુપ્ત, વી એન.ભૂષણ, રવીન્દ્રનાથ જેવા ભારતીય સર્જકોનાં અનુવાદો અહીં સુલભ બન્યા છે. વિજયરાયે અનુવાદક્ષેત્રે કૃષ્ણદેવ ભટ્ટ, ધનસુખલાલ મહેતા તેમજ કિસનસિંહ ચાવડાનાં પ્રદાનને બિરદાવતી નોંધ જે એકસામયિકના તંત્રીને માટે જરૂરી ગણાય એવી સહૃદયતાથી પ્રકટ કરેલી.

'કૌમુદી'માં મળતી ગુજરાતી વાર્તાનું ચિત્ર સામ્યવાદના ઘેરા રંગે રંગાયેલું, લોકકથા તરફ ઢળતું અને બહુધા કુટુંબ જીવન, પ્રણય કે જડસમાજનાં વ્યવહારોમાંથી ઉભા થતા સંઘર્ષને મૂલવે છે. રવિશંકર ભટ્ટની વાર્તા, 'એક રાત્રિ'માં પીડીતોની વ્યથા અને 'ધ નિહાલચંદ ટેનરી લિ.' નામની જિતેન્દ્ર મહેતાની વાર્તામાં કારખાના મજૂરની દયનીય સ્થિતિનો ચિતાર છે. 'દિવાવાળો' જેવી વાર્તા, 'ધૂમકેતુ' નામે ધૂમકેતુની સર્જન શૈલીનો ઉપહાર કરતી 'જુમ્મોભીસ્તી' વાર્તાની પ્રતિ રચના છે. અહીં ધૂમકેતુની 'વાઘોજી', 'ઠંડી કુરતા', 'સાડાત્રણ કલાક', 'ચૂકવણી', 'અનામી સૃષ્ટિ', 'માયા' 'નરહ્લુ' જેવી વાર્તાઓ પ્રકટ થયેલી 'કૌમુદી'ના કૃશ વાર્તાવિભાગમાં પ્રાણસંચાર કરતી કેટલીક વાર્તાઓ આપણા પ્રસિધ્ધ સર્જકો દ્વારાં મળી છે.

'કૌમુદી'માં મેઘાણીની 'જયમનનું રસજીવન','હું', સુંદરમની 'ત્રિશુલ' ઉપનામે લખાયેલી 'પૂનમડી', 'ગટ્ટી', 'આશા', 'ઠુંઠુ જીવન' 'એક સુહાગી રાત'

જેવી વાર્તાઓ ધ્યાન ખેંચે છે તો સુંદરમની ચર્ચાસ્પદ વાર્તા, 'ખોલકી' 'કૌમુદી'માં જ પ્રસિધ્ધ થઈ હતી. ઉમાશંકર અહીં 'વાસુકી' ઉપનામે વાર્તા સર્જન ક્ષેત્રે પ્રવેશતા જણાય છે. એમની 'મુખમુ', 'પગલીનો પાડનાર', 'લોહી તરસ્યો', 'શેષ માનવી' જેવી નોંધિનીય વાર્તાઓ પ્રાપ્ત થયેલી છે. ર.વ.દેસાઈની 'પંકજ' નામની એક માત્ર વાર્તા અહીં નજરે ચઢે છે. ગુલાબદાસ બ્રોકરની 'લલિતા', પ્રહ્લાદ, પારેખની 'જય કે પરાજય', ગુણવંતરાય આચાર્યની 'ભામટો' અને 'સ્વપ્નપુરુષ' 'કૌમુદી'નું જ્માપાનું છે.

અહીં મોટાભાગના વાર્તાકારોની બે-ત્રણથી વધુ વાર્તાઓ મળતી નથી. ધૂમકેતુ-સુંદરમ-ઉમાશંકર, કિસનસિંહ જેવા અપવાદો બાદ કરતાં મોટાભાગના સર્જકો એક કે બે કૃતિ પ્રકાશિત કરાવ્યા પછી સક્રિય રહેલા જણાતાનથી. દોઢસોનો આંક સુધી પણ ન પહોંચતું 'કૌમુદી'નું વાર્તા સાહિત્ય ' કૌમુદી' ની વાર્તાઓ પ્રકટ કરવા અંગેના ધોરણનો પરિચય કરાવવા પૂરતા છે. ગંભીર પણે સાહિત્ય વિવેચનનું કામ કરનારા 'કૌમુદી'એ ગાંધીવાદી આદર્શોમાં રાચતી વાર્તાઓને પ્રસિધ્ધ કરવાને બદલે સાહિત્યિક ચર્ચા-વિમર્શ કરવાનું જ યોગ્ય ધાર્યું છે.

## ૦ ધારાવાહી નવલકથાઓ :

ધારાવાહી નવલકથા પ્રકટ કરવાનું વલણ છેક ૧૯૩૦માં એટલે કે 'કૌમુદી'ના પ્રારંભ પછીના છ વર્ષે દેખાય છે. સામયિક પ્રકાશનના આરંભથી જ ધડાકાભેર જાહેરાત કરીને ધારાવાહી કથા પ્રસિધ્ધ કરવાની રીતિ તંત્રીએ નકારી છે. એપ્રિલ -૧૯૩૦ના અંકથી એદુલાર્ડ લાબુલે નામના ફ્રેંચ લેખકની કૃતિનો અનુવાદ બાબુરાવ ઠાકોરે 'અબ્દુલ્લા યાને ચારપાંદડીનું ત્રિદલ' નામે સમસ્યા ગૂંથતા વિષય વસ્તુ સાથે કરેલો એ પછી 'કૌમુદી' ના આરંભથી અંત સુધી ધારાવાહી નવલકથાના લેખક તરીકે ર.વ.દેસાઈ છવાયેલા રહ્યા. 'કૌમુદી' સાથે જોડાયેલો એમનો દૃઢ અનુબંધ એક નહી પણ ત્રણત્રણ નવલકથાઓને પ્રકાશિત કરવાની ભૂમિકા ઘડી આપે છે. 'કૌમુદી' ને પ્રાપ્ત થયેલા આ સહકારને તંત્રી સમુચિત રીતે જ 'કૌમુદી'નું સદ્ભાગ્ય ગણે છે. જુલાઈ-૧૯૩૦થી દેસાઈની 'દિવ્યચક્ષુ' પ્રસિધ્ધ

થવા લાગી હતી જે સતત બે વર્ષ સુધી 'કૌમુદી' ના પૃષ્ઠો પર જોઈ શકાય છે. નવલની શરૂઆતે જ 'વર્તમાન રાષ્ટ્રીય વાતાવરણને સુરેખ સુકોમલ કલા વડે ઝીલતી' કથા વિજયરાયે ગણાવી હતી. 'પ્રતિજ્ઞા' નામના પહેલા પ્રકરણના આરંભે 'શ્રીમદ્ ભાગવત'માંથીલ અવતરણ છે. ' સ્વરાજ્ય લાભ પ્રતિ પૂરિતાભિને ! બીજા પ્રકરણ ' મતભેદ'માં કલાપીનું 'નથી અહીં વૈરીનું વૈર લેવું..... અહીં રૂડું સ્નેહનું દર્દ સ્હેવું' અવતરણ મૂકાયું છે. વિષયવસ્તુને યોગ્ય એવા ન્હાનાલાલ-કલાપીના આ અવતરણો નવલની એક વિશિષ્ટતાછે. જે ગાંધીયુગની ભાવનાને મૂર્ત કરવામાં પણ ખપમાં લાગે છે. છ પ્રકરણો સુધી 'કલ્યાણી'ને નામે છપાતી રહેલી 'ભારેલો અગ્નિ' એપ્રિલ-૧૯૩૨થી આરંભાઈ ને જુલાઈ -૧૯૩૫ સુધી 'કૌમુદી'માં ૪૯ પ્રકરણોમાં ફેલાયેલી છે. એ પછી તુરત જ ર.વ.દેસાઈની ત્રીજી નવલકથા 'ક્ષિતિજ' નો પ્રારંભ ઓગષ્ટ-૧૯૩૫ થી થયેલો જોઈ શકાય છે. મુનશીની સામે છેડેના આ સર્જકે નવલકથામાં ગાંધીભાવનાના આદર્શો મૂર્તિમંત કર્યા ધારાવાહીઁ કથાના મૂળમાં રહેલા સાંપ્રત રાષ્ટ્રીય પરિબળોના ઉદ્‌ગારો 'કૌમુદી' એ માત્ર કવિતા કે વાર્તાક્ષેત્રે જેટલા ઝીલ્યા તેનાથી વધુ નવલકથામાં ઝીલ્યા છે તંત્રી અને અન્ય સર્જકોની લાક્ષણિક નોધમાં, અનેક વિભાગોમાં જે રીતે એ સમયગાળાનો ચિતાર હાથ ચડે છે એમને કથારુપે ચર્ચવાનું સાહસ ર.વ.દેસાઈની આ ત્રણેય નવલકથાઓ કરે છે એમની સિધ્ધિ મર્યાદાઓની વાત બાજૂ પર રાખીએ તોયે કહેવું જોઈએ કે આદર્શો અને ભાવનાઓમાં ~~જ~~ વહેતી આ ~~જ~~ કથાઓ વાર્તાકારને 'યુગમૂર્તિ' બનાવવા ખપમાં આવી હતી એક નવલકથાકાર તરીકેની ર.વ.દેસાઈની તમામ શક્યતાઓ આ ધારાવાહીઁઓના પ્રકાશનમાંથી સંપડાવી આપવાનું કામ 'કૌમુદી' એ કર્યુ છે.

'કૌમુદી' નો એક વિશેષ એ પણ છે કે આનવલકથાઓના પ્રકાશન સાથે જ્યોતીન્દ્ર અને ધનસુખલાલની હાસ્યનવલ ' અમે બધાં નું પ્રકાશન પણ તેમણે ઓગષ્ટ-૧૯૩૨થી હાથ ધરેલું. 'ભદ્રંભદ્ર' પછી હાસ્ય સાહિત્યની ઉત્તમ કૃતિને પ્રકાશિત કરવાનું માન આ રીતે 'કૌમુદી' મેળવે છે. ૨૭ પ્રકરણોમાં વહેંચાયેલી આ નવલ 'ભારેલો અગ્નિ' ની સાથે જ પ્રકાશિત થતી રહેલી આમ, 'કૌમુદી' ના વાચકોને એકબાજુએ ર.વ.દેસાઈની નવલકથાનો તો બીજીબાજુ હાસ્યરસની અનેકછટાઓ રચતી જ્યોતીન્દ્ર-ધનસુખલાલની નર્મમર્મ શક્તિરૂપ ' અમે બધાંનો રસાસ્વાદ પ્રાપ્ત થતો.

ધનસુખલાલે તો આરંભથી જ 'કૌમુદી'માં પાશ્ચાત્ય સર્જકોની વાર્તાઓના અનુવાદો સુલભ કરાવ્યા હતા. ર.વ. દેસાઈની નવલકથાકાર તરીકેના વિકાસક્રમને ટોચ પર પહોંચાડવા માટે 'કૌમુદી' જેમ કારણરુપ બન્યું હતું તેનાથી વિશેષતો ધનસુખલાલ અને જ્યોતીન્દ્ર પાસેથી હાસ્યસાહિત્યમાં આ પ્રકારનું કામ કઢાવવાનું પ્રશસ્ય કાર્ય 'કૌમુદી' દ્વારા થયું છે. જુદાજુદા સામયિકોમાં પ્રકટ થતી નવલકથાઓની પ્રસિધ્ધિ સામે હાસ્યસાહિત્યની કૃતિને પ્રકટ કરવાનું 'કૌમુદી'નું વલણ એ સમયગાળાના સામયિકમાં 'વિશેષ' છે.

## ૦ 'કૌમુદી'નું નાટય સાહિત્ય :

સર્જનાત્મક સાહિત્યમાં નાટયસ્વરુપની દિશાએ 'કૌમુદી'એ જે પ્રદાન કર્યું છે તે અન્ય સામયિકોથી વિશિષ્ટ છે નોંધપાત્ર સંખ્યામાં અહીં નાટય લેખનના ઉદાહરણો મળી આવે છે એકાંકી સ્વરુપના પ્રારંભિક તબકકે એમને વેગ આપવાનું અને જુદાજુદા સર્જકોની આ ક્ષેત્ર પ્રતિ કુતુહલતાને પ્રકટ કરવાનું વલણ સરાહનીય બને એવું છે નાટયસર્જનની દિશાએ નોંધનીય એવા રોબર્ટ કાલ્વર્લી ટ્રેવેલિયન જોન ગાલ્સવર્ધી, ઝૂડરમાન, જે.એમ. સિંઝના, જે.જે.બીલ જેવા નામો વિશ્વનાટય સાહિત્ય પ્રવૃત્તિનો ખ્યાલ આપવાની ગરજ તો સારે જ છે સાથો સાથ આ અભિગમમાં ગુજરાતી નાટકોને દિશાસૂચન કરવાનો પ્રયત્ન પણછે. ચન્દ્રવદન મહેતા જેવા પ્રસિધ્ધ નાટયકારની પ્રારંભિક સાહિત્ય પ્રવૃત્તિએ નાટક અનુવાદો અને સ્વતંત્ર નાટકોને પ્રસિધ્ધિ આપવાનું કામ 'કૌમુદી' એ જ કર્યું છે.ચન્દ્રવદનના 'ઝેર કોણે પીધું'? ,' પ્રેમનું મોતી' જેવા અનુવાદિત અને 'ધારાસભા', 'લગનગાળો', 'વરવહું', 'અખો', 'આણલદે' જેવા મૌલિક નાટકો અહીં પ્રાપ્ત થયા છે બટુભાઈ ઉમરવાડિયાનું ' અશકય આદર્શ' અને 'શૈવાલિની', બ.ક.ઠાકોરનું સોવિયેટ નવજુવાની', ર.વ.દેસાઈનું 'પરી અને રાજકુમાર', ઈંદુલાલ ગાંધીના 'અજાણી મોહકતા', 'પતનના પાડોશીઓ', ધૂમકેતુનું 'પરશુરામ' અને નવલિકા પરથી રૂપાંતરિત 'ઠંડી ક્રૂરતા' 'કૌમુદી'માં પ્રસિધ્ધ થયેલા. અહી શ્રીધરાણીનું ક્રૈતકી', વિષ્ણુપ્રસાદનું 'ઘૂમાતી ઈર્ષા' અને વિજયરાયના 'નહુષ અને શચી'

ઉપરાંત મયૂરાનંદ નામે લખેલા 'પ્રેમાનંદ અને નાથાશંકર'માં પ્રેમાનંદનાં નાટકો વિશે વિશે થયેલા ઉહાપોહને ગૂંથતું નાટક પ્રાપ્ત થાય છે. લીલાવતી મુનશીના બે નાટકો પણ 'કૌમુદી'માં પ્રાપ્ત થયા છે ત્યારે એ સમયમાં વ્યાપ્ત એવા નાટ્ય આકર્ષણો અને નાટકને પામવાની મથામણો ધ્યાનમાં આવે છે. જેમ ચન્દ્રવદન જેવા નાટ્યવિદ્નો પ્રવૃત્તિ આલેખ અહીં ઝિલાયો છે તેમ એકાંકીના સ્વરૂપ વિકાસે જે સર્જકો પ્રવૃત થયા એ મથામણોને સામયિક પાને મૂકી આપવાનું અને રંગભૂમિ ક્ષેત્રના ઉન્મેષોને ચીંધી આપવાનું કાર્ય 'કૌમુદી' એ ઉત્સાહથી કર્યું હતું.

એકાંકી સ્વરુપના આરંભગાળે અહીં કેટકેટલાંએકાંકીઓના પ્રયોગો ધ્યાનમાં આવે છે! ઉમાશંકરનાં 'ખેતરને ખોળે', 'પડધા', 'અનાથ' જેવા એકાંકીઓ, દુર્ગેશ શુકલના 'પંઠના પોતીકા', 'હૈયે ભાર', 'સ્વકાર' જેવાં એકાંકી અને નવો દિત્સર્જકો શ્યામ, ('પરાણે પ્રીત' અને 'રાતનો મહેમાન') ગિરીશ ('દિવાળી') જેવા નામોમાં એકાંકીના સ્વરૂપને પામવાની મથામણો ઝિલાઈ છે ગુજરાતી નાટ્ય પ્રકાશન ક્ષેત્રે 'કૌમુદી'ના આ ઉત્સાહે જુદા જુદા અનેકસર્જકોને આસર્જન દિશાએ વાળવાનું કામ કરેલું આ કારણે નાટ્ય સ્વરૂપની વિવિધ શકયતાઓ 'કૌમુદી'એ પ્રસિધ્ધ કરેલા નાટકોમાં જોવા મળે એવી છે.

o <u>'કૌમુદી'માં અન્ય સાહિત્ય સ્વરુપો :</u>

o <u>પ્રવાસ સાહિત્ય :</u>

'કૌમુદી'નું એકમહત્વનું પ્રદાન પ્રવાસવર્ણનોની વ્યાપક પ્રમાણમાં કરેલી પ્રસિધ્ધિ છે. કાલેલકરના પ્રવાસ અનુભવોના 'નંદીદુર્ગ', 'સહસ્ત્રધારા, બિલ્વાશ્રમનું પુનર્દર્શન' જેવા [illegible] 'સુંદરમ'ના 'દક્ષિણાયન' પ્રવાસને આલેખતો 'મદુરાઈ' લેખ સર્જકની સૌદર્યદષ્ટિના પરિચાયક છે. પત્રસ્વરુપે ત્રણ હપ્તામાં પ્રકટ થયેલું 'સતલજના પ્રદેશમાં' પ્રવાસવર્ણન ધૂમકેતુની સૌંદર્યદૃષ્ટિને છતી કરે છે તંત્રી પણ નોંધે છે કે 'પ્રવાસકથા લઈને સતલજના પ્રદેશમાં જે સરળ સહજ રખડું ગુજરાતમાં અપવાદરુપ એવી પ્રાકૃતિપ્રેમી વૃતિથી પત્રોરુપે પ્રવાસીની કથા આલેખાઈ છે કે

એની છાપ મન ઉપરથી સહેજે ન ખસે. કાકા કાલેલકર અને ચાવડા એવા પ્રવાસીઓ છે કે જે પ્રયાસ પૂર્વક Philosophic Vagabond (ફિલોસોફિક વેગાબોન્ડ) થયા લાગે છે અહીં છે એક સરળ સામાન્ય માનવી'[16] સામાન્ય માનવીની આવી અન્ય પ્રવાસ કથા 'વિલાયતની વિજ્ઞાન યાત્રા'-શિવસૂત (ભદ્રમુખ ક.વૈદ્ય) દ્વારા 'કૌમુદી'માં પ્રસિધ્ધ થયેલી. પ્રવાસ વર્ણનમાં વિજ્ઞાન વિષય પ્રતિની શ્રધ્ધા અને સમર્પણની લેખકની નૂતન ભાવના દૃષ્ટિના કારણે 'કૌમુદી'ના વાચક વર્ગમાં એણે પ્રિય થઈ પડેલી અન્ય પ્રવાસવર્ણનોમાં 'પ્રવાસ વર્ણનના પ્રયોગો-વિજયરાય, 'યુરોપી સંસ્કૃતિના શબ્દચિત્રો-વિઠ્ઠલરાય મહેતા, કાઉન્ટ હરમાન કેસરલિંગની પ્રવાસ ડાયરી, છોટાલાલ મ.કામદારની 'અમેરિકાની નોંધપોથી' અને ધીરજલાલ શાહના 'ડાંગના જંગલોની સરહદપર' જેવા પ્રવાસવર્ણનો નવાનવા પ્રદેશોની અંતરંગ માહિતીઓ પ્રાદેશિક રીત રિવાજો અને સાંસ્કૃતિક પરિવેશનો પરિચય કરાવી રહે છે અને ભદ્રમુખ વૈદ્યના પ્રવાસવર્ણનમાં અલગભાત પાડતી વિજ્ઞાન વિષયની ચર્ચાઓ વાચક સમક્ષ મુકાઈ છે.

'ટેકરાના મુનશીઓ', 'અડધે રસ્તે'નો એક ખંડ મુનશી દ્વારા જુલાઈ-૧૯૩૩થી 'કૌમુદી'માં પ્રકાશિત થવા લાગ્યો હતો મુનશી આરંભે જ નોંધે છે કે', વિજયરાયના આગ્રહથી પ્રકટ કરું છું.[17] જે ૧૯૩૪ સુધી 'કૌમુદી'માં હપ્તાવાર પ્રકાશિત થયેલી વિજયરાયના આગ્રહે લખાવા માંડેલી આત્મકથાના આ ખંડ આપણા આત્મકથાના સાહિત્યનો નોંધપાત્ર ઉન્મેષ છે.

o પત્ર સાહિત્ય :

'કૌમુદી'ની વિશેષ નોંધપાત્ર સેવા તો એમણે પ્રસિધ્ધ કરેલુ સાક્ષરોનું પત્રસાહિત્ય છે. 'કલાપીની પત્રધારા' નામે 'કૌમુદી'એ કેટલાક વર્ષ સુધી કલાપીનાપત્રો પ્રસિધ્ધ કર્યા હતા 'કલાપી અંક'માં જ કલાપીના જુદાજુદા વ્યકિતઓ પર લખેલા અસંખ્ય પત્રો પ્રકટ થયા છે જેમાં કલાપીના વિચાર જગતનો, એમની આંતરિક સ્થિતિ દર્શનનો લાભ વાચકોને પ્રાપ્ત થયેલો છે. મણિલાલ દ્વિવેદી ઉપર મણિએ લખેલા ૧૧ પત્ર સંચયો અંબાલાલ બુ.જાનીના સંપાદન સાથે અહીં પ્રકટ થયા હતા. અંબાલાલના

ચરિત્ર ઉપર પ્રકાશ ફેંકતા પત્રો, સ્વાતંત્ર્ય ચળવળના પરિણામ રુપે સ્વીકારેલા કારાવાસનું વર્ણન કરતા 'કેદી કાળીદાસના પત્રો' સત્યાગ્રહી માનસનો પરિચય આપે છે સાથે વાણિજ્ય અને અર્થશાસ્ત્રની ચર્ચાઓ પણ લેખક પાસેથી વિશદ્ રુપે આ પત્રોમાંથી સાંપડે છે. દોસ્તોટવસ્કીના 'ઈશ્વર અને મૃત્યુ', 'લોકસંગ્રહ', 'દેશાભિમાન', સ્વકીય સંસારના ગૌરવ વિશેના ચાર પત્રો 'કૌમુદી'એ પ્રકટ કરેલા છે. પત્ર સાહિત્યના વિશેષોને પ્રકટ કરવનું 'કૌમુદી'નું વલણ હંમેશા ઉત્સાહજનક હતું. તેમાં તંત્રીનો આશય અને સર્જકોના આંતર-બાહ્ય વિશ્વનો પરિચય કરાવવાનું રહ્યું છે. સાહિત્યમાં દંતકથા બનીને અટકતાસર્જક ખ્યાલો અને ધારણાઓ તરફ સમુચિત ધ્યાન દોરતા આ પત્રો અન્ય સામયિકોમાં આટલા પ્રમાણમાં જોવા મળ્યા નથી. એ રીતે પણ પત્ર સાહિત્યને પ્રકટ કરવાના હેતુને એ સાર્થક કરે છે.

o <u>હાસ્ય લેખો :</u>

'કૌમુદી'માં કેટલાક હાસ્ય પ્રધાન લેખોને પણ સ્થાન મળ્યું છે. રોબર્ટ લીન્ડની છાયા તળે લખાયેલો ગગનવિહારી મહેતાનો લેખ 'વહેલા ઉઠવા વિશે' વિનોદકાંત નામે વિજયરાયનાં 'પ્રવાસવર્ણનનો પ્રયોગ' તેમજ મરજી વિરુધ્ધના લખાણો, ભગવત રામચન્દ્રના 'વિંઝણો', મોટરનું ભૂંગળું અને મુનિશંકર ભટ્ટના હાસ્યપ્રધાન લેખો 'કૌમુદી'માં પ્રસિધ્ધ કરેલા. આવા સ્વતંત્ર લેખોની સંખ્યા 'કૌમુદી'માં ઓછી છે એનું એક કારણ 'કૌમુદી'માં પ્રકાશિત થતી રહેલી 'અમે બધા' નવલકથા તેમજ હાસ્ય-કટાક્ષ પ્રધાન નોંધપોથીઓ પણ છે. હાસ્યરસનાં આટલાં લખાણો એમને પર્યાપ્ત જણાયાં હશે.

o <u>હેતુ[illegible] કરતી 'કૌમુદી'ની લેખ સામગ્રી :</u>

<u>'કૌમુદી'નું વિવેચન.</u>

લેખસામગ્રીમાં બહુધા સાહિત્ય અને વિવેચન બાજુઓની સ્પષ્ટ તપાસ કરનારા, આકરા વિધાનોથી તડાફડી બોલાવતા લેખો 'કૌમુદી'ની 'સાહિત્ય-કલા અને

વિવેચન પ્રત્યેની જાગરૂક દષ્ટિનો અનુભવ સંપડાવે છે. જેમાં આ ક્ષેત્રમાં સ્થાપિત હિતો સામે આ રંગદર્શી વિવેચકો બંડ ઉઠાવે છે તેમાં એક બાજુએ વિજયરાયના 'જૂનાનો બંડ નવાની નેકી' નો સ્વર સંભળાય છે તેમ વિધવિધ વિષય સામગ્રીને પૂરતી સતર્કતાથી અને ઉંડાણથી અવલોકવાની રીતિ દૃષ્ટિ ગોચર થાય છે. લેખ સામગ્રીની આ અદ્વિતીયતાને કારણે નરસિંહરાવે 'કૌમુદી'ને રસિક પાંડિત્યની દીપ્તિથી શોભતું કહ્યું છે.[૧૮] એ યથાર્થ લાગે છે વિજયરાયે રાખેલા સખત ધોરણ મુજબ ઉંડા અભ્યાસકીય અને મનનીય એવા ચારસોથી વધુ પ્રકટ લેખોમાં બહુવિધતા જોઈ શકાય. એક બાજુએ સાહિત્યલક્ષી, વિવેચનલક્ષી તો બીજી બાજુ ચરિત્ર સંસ્કૃતિ, ઈતિહાસ ભૌતિકવિજ્ઞાન ,સમાજ, સંગીત, માનસશાસ્ત્ર, પક્ષીજગત વિશેના લેખો ધ્યાન ખેંચે છે.

સાહિત્ય અને વિવેચનના ક્ષેત્રમાં પ્રસિધ્ધ સાક્ષરોથી માંડીને એ સમયગાળાના નવોદિત અભ્યાસીઓના લેખોમાં પ્રકટતી ચર્ચા ગુજરાતી સાહિત્યના વલણો વિવાદોને અસંદિગ્ધ રીતે રજુ કરે છે. 'સ્મરણમુકુર' અને 'મનોમુકુર' જેવા નરસિંહરાવના ગ્રંથ શીર્ષકોને ધ્યાનમાં લઈ જયંતકુમાર ભટ્ટે 'મુકુરોમેનીયા' નામનો લેખ રમણીયરામ ત્રિપાઠીને ચીડવવા ખાતર 'કમનીયરાય ત્રિપાઠી'ને ઉપનામે લખેલો. કૃ.મો.ઝવેરીના અંગ્રેજી પુસ્તક 'માઈલસ્ટોન્સ ઈન ગુજરાતી લીટરેચર' માટે ચતુરભાઈ પટેલ જેવા નવોદિતે એ પુસ્તક અંગ્રેજીમાં લખવા બદલ ઝવેરીની ભારોભાર ટીકા કરેલી. એ જ પુસ્તકના નામ પર શ્લેષ કરીને 'ધૂમકેતુ એ વળીએનાં રસ નહીં પણ પથરા ભર્યા છે એમ કહી નાંખ્યુ હતું અને વિજયરાયે આટલું હોય એમ કૃ.મો.ઝવેરીએ આપેલાં ઠક્કર વ્યાખ્યાનોમાં નાવીન્યના અભાવની નોંધ લખેલી ધૂમકેતુએ કરેલી ટીકા બાબતે વિજયરાયને કૃ.મો.ઝવેરીએ વાતવતમાં કહ્યુ હતું કે '' તમારે આવી આકરી ટીકા કોઈની કરવી હોય તો તમારી પાસે પોતાના લાખ-બે લાખ રૂપિયા હોવાજોઈએ'' [૧૯] આમ, 'કૌમુદી' ની આખીયે મુદ્દા તાજગીસભર વાતાવરણ રચતી અને કંઈક અંશે તીવ્ર સાહસિક પણ છે.

'કૌમુદી'માં નરસિંહરાવનો 'ગુજરાતી સાહિત્યમાં સંગીત કાવ્ય' જેવો ઐતિહાસિક લેખ, ગજેન્દ્ર લા.પંડયાનો 'પ્રેમાનંદનું મામેરુ' જેવો વિસ્તૃત લેખ, 'જયા-જયંત:તેનું

કાલપરિમાણ' જેવા લેખો , ઝવેરચંદ મેઘાણીના 'સોરઠ અને તેનું સાહિત્ય, સોરઠી સાહિત્યની ધારાઓ જેવા લોકસાહિત્યના સંશોધનરુપ લેખો જોવા મળે છે તેમ અંગ્રેજી લોકગીતોના ઉધ્ધારક સેશીલ શાર્પ, હબસી ગુલામોના લોકગીત' જેવા તુલનાત્મક ચર્ચાની ભૂમિકા પૂરી પાડતા લેખો પ્રસિધ્ધ થયા છે નૃસિંહ વિભાકરને રંગભૂમિનો સ્વકીય અનુભવ 'પ્રજાજીવનમાં નાટયકલાનું સ્થાન' જેવો લેખ લખાવે છે તો બ.ક.ઠાકોરની અભ્યાસશીલ પ્રજ્ઞાની સાહેદીરૂપ 'લિરીક' લેખ પણ'કૌમુદી'માં જ પ્રસિધ્ધ થયો છે. ઠાકોરનો આવો મહત્વનો લેખ 'કૌમુદી'ને પ્રાપ્ત થતા અતિ ઉત્સાહમાં આવી ગયેલાતંત્રીએ એ લેખને પણ 'વિદ્વાન નિબંધ' કહી નવાજી દીધો છે. ઠાકોરના અંગ્રેજી સાહિત્યના વિસ્તૃત અભ્યાસ અને સિધ્ધાંત વિચારની પરિપકવતા દર્શાવતો આ લેખ 'કૌમુદી'નો સીમાચિહ્ન રુપ લેખ ગણાય.' જો કૌમુદી જેવું ત્રૈમાસિક હોત નહીં તો પોતે એ લેખમાળા લખી ન હોત' એમ પણ ઠાકોર કહેતા [20] અહીં બટુભાઈ ઉમરવાડિયાએ 'કમળ' ઉપનામે લખેલી પત્ર લેખમાળાનો પણ ઉલ્લેખ કરવો જોઈએ પત્રસ્વરુપે નર્મદદલપતની ચર્ચા કરતા,સામયિકની સમાલોચના કરતી નોંધ, કલાપીના કાવ્યત્વને ચર્ચતી નોંધ તેમજ લીલાવતીના રેખાચિત્રોની આકરી ટીકા કરતી ટૂંકી નોંધો સાહિત્ય ચર્ચામાં જુદી જ ભાત પાડે છે. મુનિકુમાર ભટ્ટ ' ગાંધીજીની ગદ્ય સેવા', 'બહારવટીનું નીતિશાસ્ત્ર' જેવા સ્મરણીય લેખો આપે છે. તો પોપટલાલ શર્મા, 'ગોવર્ધનરામ અને ધર્મભાવના'ની વિગતે ચર્ચા માંડે છે. વિષ્ણુપ્રસાદ ડોલરરાય માંકડ, વિશ્વનાથ ભટ્ટ, સુરેશ દીક્ષિત જેવા નવલોહિયા અભ્યાસી વિવેચકોને સાહિત્યક્ષેત્રે સ્થાપવાનું અને એમના વિવેચન વલણોને ઘડવાનું કામ 'કૌમુદી'એ કર્યુ હતું. વિષ્ણુપ્રસાદ'કૌમુદી'ના પ્રોત્સાહક વાતાવરણને નોંધતા કહે છે કે :'નિષ્ફળ સર્જક વિવેચન તરફ વળ્યો એમ પણ કહેવાય પછી તો અધ્યાપક થયો એટલે વિવેચન કંઈક માનસિક વ્યવસ્થિત બન્યું નરસિંહરાવ અને આનંદશંકરે જે દિશા બતાવેલી તે દિશાએ જવાનું મન વર્ડઝવર્થ, કોલરિજ, હેઝલીટ, થેકરે સેઈન્ટબરી વગેરેથી વધુને વધુ થયુ અને તેને વિજયરાયનું પ્રોત્સાહન અને 'કૌમુદી'માં ઘરમળી ગયું. હુ હવે વિવેચક કહેવાયો [21] તો એ સમયે સાવ અજાણ્યા એવા ડોલરરાય માંકડની પ્રતિભાને વિજયરાયે જ પારખી જઈને એમની પાસેથી અનેકલેખો મેળવ્યા હતા જે લેખો ડોલરરાય માંકડની સૂઝ-સમજનો

અંદાજ આપે છે. 'શામળની કૃતિઓ'જેવી દીર્ઘ લેખમાં 'સૂડાબાહોતરી' વાર્તા વિષાયક એ કેવું સ્પષ્ટકથન કરે છે તે જૂઓ.'નીતિને નેવે મૂકીને જો કોઈ વાર્તાની શરૂઆત થઈ હોય તો તે સુડાબાહોતરીની છે. ગમે તેવો વાંચનાર હોય તો પણ આવી વાતાને સાહિત્યમાં એક ક્ષણવાર પણ ટકવા દેવામાંપાપ જ ગણે. હું તો આવું પુસ્તક જરૂર બાળી નાખું. માત્ર આવાં પુસ્તકો પણ હતાં એટલું ન ભૂલવા માટે થોડીક પ્રતો કોઈક પુસ્તકાલયમાં સચવાય તો ભલે' [22] ડોલરરાય માંકડની ઉંડી અભ્યાસ વૃત્તિના સૂચકરુપ એવા અન્ય લેખોમાં 'સાહિત્યમાં સચોટતા' અને 'પરંપરિત ઝૂલણાં' મુખ્ય છે.

'કૌમુદી'ને સાંપડેલા અન્ય પ્રતિભાશાળી વિવેચકોમાં એક તે વિશ્વનાથ ભટ્ટ હતા. એમના લેખો 'વસંત' પછી નોંધપાત્ર સંખ્યામાં 'કૌમુદી'માં પ્રસિધ્ધ થયેલા. 'સૌષ્ઠવપ્રિય અને કૌતુકપ્રિય' વલણોની ચર્ચા કરતો દીર્ઘ લેખ, 'પરપ્રાન્તીય પરિભાષા', શતાબ્દિ શા માટે ? નર્મદનું કાવ્યમંદિર, નર્મદયુગનું વાઙ્મય : દલપતની છબી' જેવાલેખોએ વિશ્વનાથ ભટ્ટને વિવેચનક્ષેત્રે પ્રતિષ્ઠા આપવી હતી. સાહિત્યના ક્ષેત્રમાં અજાણ્યા સુરેશ દીક્ષિતની પ્રતિભાને પારખી જઈને વિજયરાયે એમના અનેક લેખો પ્રસિધ્ધ કર્યા જેમાં 'સાહિત્યની પાંખો', 'કલાપીનું મનોમંથન' 'રસજ્ઞ ન્હાનાલાલ', 'ગોવર્ધનરામ : સાક્ષર અને વ્યકિત, 'ખબરદાર' જેવા સાક્ષરોની સાહિત્ય ચર્ચા તેમજ 'સો-બસો વર્ષ પહેલાના બહિયા અને લેખકો જેવો અભ્યાસ લેખ પણ આ લેખક પાસેથી પ્રાપ્ત થાય છે. સુરેશ દીક્ષિત તેમને મળેલાં પ્રેરક પ્રતિસાદની નોંધ લેતા એટલે જ લખે છે કે : 'વિજયરાયનો કાગળ આવ્યો ત્યારે મને થયું કે મારા જેવા ખૂણે પડેલા માણસની કદર કરનારા તંત્રી છે ખરા' [23]

'કૌમુદી'ની નોંધપાત્ર લાક્ષણિકતા એ પણ છે કે કવિ નર્મદના જીવનકાળે ૧૮૭૬માં પ્રસિધ્ધ થયેલા અને એ પછી વિસરાઈ ગયેલા 'રાજયરંગ'ના બીજાભાગનું પ્રકરણ 'સૂક્ષ્મદર્શન' નર્મદ જન્મશતાબ્દિના વર્ષમાં પ્રથમવાર ગુજરાતના વાચકો સામે આવે છે નર્મદ કૃતિઓમાંની ઘણી કૃતિઓના માલિક નટવરલાલ ઈ.દેસાઈના સહકારથી પ્રાપ્ત થયેલું નર્મદનું 'ધર્મદર્શન' નામનું અન્ય પ્રકરણ તેમજ ' નર્મકોશ'નો કોશભાગ

પ્રકાશિત કરવાને બદલે 'નર્મકોશ'ની મુખમુદ્રા અને 'પ્રસ્તાવના' પ્રકાશિત કરવામાં તંત્રીની જે એ અભ્યાસનિષ્ઠા જણાય છે તે અપૂર્વ છે તેની અહીં નોંધે છે કે : ' નર્મકોશની મુખમુદ્રા અને 'પ્રસ્તાવના' નો ખપ તો વારંવાર હજીયે ભાષાના તેમજ નર્મદના અભ્યાસીઓને પડે છે. એ કાર્ય માટે 'નર્મકોશ'ની પ્રત ખાનગી રાહે મેળવવી પણ બહુ મુશ્કેલ હોવાથી એ બંન્ને લખાણોની નકલ અહીંની લાયબ્રેરીમાંની પ્રતના આધારે કરાવી આપણમાં ત્રણ હપ્તે પુનર્મુદ્રિત કરવાનું અમે ઠરાવ્યું છે.' [24] આ પ્રકારના લખાણો પાછળ લીધેલો પરિશ્રમ 'કૌમુદી'ને 'સર્વપ્રકારના સંસ્કાર વાંછુઓનું સામયિક' [25] ન બનાવે તો જ નવાઈ !

સાહિત્ય વિવેચન, સિધ્ધાંત વિષાયક ચર્ચાઓ અને અન્ય કળાઓને લગતાઅનેક લેખો જુદા જુદા અભ્યાસીઓ પાસેથી પ્રાપ્ત થયાછે. ન્હાનાલાલ 'રાજગુરુ ને લોકગુરુ', ' આપણી સન્યસ્તગાથા', 'જગત કવિતાના કાવ્ય શિખરો, 'કવિધર્મ' જેવા લેખો આપે છે તો મનસુખલાલ ઝવેરી 'દેવયાનીનું ભાવ સંક્રમણ', 'ગાંધીજી અને સાહિત્ય', કવિ ન્હાનાલાલ વિષાયક લેખો તેમજ 'કુન્દમાલા' જેવી કૃતિ સમીક્ષાઓ આપી છે. રમણલાલ યાજ્ઞિકનો 'આપણા નાટયકારો અને પાશ્ચાત્ય સંસ્કારો' ઉપયોગી લેખ છે. ફ.મો.ઝવેરી ફારસી ભાષાના પોતાના અભ્યાસને ' ફારસી વાઙ્મયના વિકાસની રુપરેખા'માં રજુ કરે છે. હરપ્રસાદ વ્રજરાય દેસાઈના 'કલા', 'કવિપણો;  'સાહિત્ય સત્સંગ' જેવાલેખો કલા વિષાયક અને શૈલી સૌંદર્યની વિચારણા મૂકી આપે છે વિદ્યાબહેનનીલકંઠ આત્મકથાને સાહિત્યના એક મહત્વના અંગ તરીકે ઘટાવીને એ વિષાયની ચર્ચા માંડે છે. કવિતામાં જેમ દેશળજી પરમાર 'કૌમુદી' ના પ્રિયકવિ રહયાંછે તેમ લેખસામગ્રીમાં પણ તેમનો સાહિત્ય વિચાર ઝીલાતો રહયો છે જીવન અને કળા વિશે ચર્ચા કરતો અને 'અંજની : વૃત અને ગીત ' જેવા લેખમાં તેમણે જાપાનીઝ કાવ્યપ્રકાર તાન્કા, હાઈકુ નો ઉલ્લેખ કરેલો છે વળી, અંજની ગીત એ દેશળજી પરમારનો પ્રિય છંદ હોઈને એ વિષાયની અભ્યાસપૂત વિચારણા આ લેખમાં મળે છે.

મુંબઈમાં યોજાયેલી સાહિત્ય પરિષાદ વિશેના મંતવ્યો, અભિપ્રાયો મેળવીને પરિષાદ વિશેનો શિષ્ટ પ્રજામત મેળવવાનું વૈશિષ્ટય 'સાહિત્ય પરિષાદ કેવી હતી' એ

લેખમાં જોવા મળે છે. પરિષદના ભવિષ્યને ઘડવામાંઆવતાં અભિપ્રાય- વલણો મદદરૂપ થઈ શકે એમ માનતા તંત્રી અહીં જયેન્દ્ર દૂરકાળ, ર.વ.દેસાઈ, દુર્ગાશંકર શાસ્ત્રી, જ્યોતીન્દ્ર દવે ધનસુખ મહેતા અને યશવંત પંડ્યાના તેમજ પરિષદમાં હાજર રહેલા શ્રોતાઓના એમ બાવીસેક જેટલા મંતવ્યોને એકઠાંકરીને મૂકે છે. પરિષદના વિકાસની શકયતાઓને ચીંધતા અન્ય લેખોમાં શંકરલાલ શાસ્ત્રીનો 'સાહિત્ય પરિષદ', તેની સિધ્ધિઓ અને શકયતાઓ' તેમજ મોહનલાલ દવેનો 'મુંબઈ ની સાહિત્ય પરિષદ ' જેવા લેખો નોંધનીય છે. માત્ર ગુજરાતની જ નહી પણ મહારાષ્ટ્રના સાહિત્ય સંમેલનની ચર્ચાઓ પણ 'કૌમુદી'માં થયેલી છે. જેનાથી સાહિત્યની સમગ્રતા પરત્વેનું 'કૌમુદી'ના દૃષ્ટિબિંદુનો ખ્યાલ આવશે.

વિવેચન ક્ષેત્રે કામ કરતા અન્ય સર્જકોમાં સુંદરમ ગાર્લ્સવર્દીના ' ધ મેન ઓવ પ્રોપર્ટી' ની આસ્વાદમૂલક સમીક્ષા આપે છે 'ઠાકોરની કાવ્યસમૃધ્ધિ' જેવો દીર્ઘ લેખ સુંદરમની વિવેચન ક્ષેત્રની પ્રતિભાનું દર્શન કરાવે છે. 'કાવ્યોનું રસતત્વ', 'સાહિત્યની ચર્ચા' લેખ અને ' ત્રણ સુકવિઓ' લેખમાં ર.વ.દેસાઈ, સ્નેહરશ્મિ, મેઘાણીની કાવ્યપ્રવૃતિ વિશે વિગતે ચર્ચા મૂકી આપી છે. મુનશી અહીં 'નરસિંહ મહેતાનો કોયડો' લેખમાં નરસિંહના સમયગાળાની ચર્ચા માંડે છે તો 'ઐતિહાસિક પાત્રો અને તેમનું નિરૂપણ' લેખ પણ 'કૌમુદી'માં પ્રકટ થયેલો. મંજુલાલ મજમુદારના 'અખો ભકત અને અસ્પૃશ્યતા', બારમાસા કાવ્યો વિશે ચર્ચા કરતોલેખ તેમજ ધૂમકેતુના તણખામંડળની સમીક્ષા 'કૌમુદી'એ પ્રસિધ્ધ કરેલી છે. હાસ્યસાહિત્યની મીમાંસા કરતો ભાઈલાલ કોઠારીનો લેખ અને ઈશ્વરલાલ વાંકાવાળાનો 'ગુજરાતના બે હાસ્યકારો' માં જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતાની હાસ્ય લેખન શકિતનો હિસાબ અપાયો છે. અનંતરાય રાવળના 'મુનશીની સ્ત્રીત્વની ભાવના','ગુજરાતી નાટય સાહિત્યનું રેખાદર્શન', 'સાહિત્યમાં વાસ્તવવાદ' જેવા લેખો મહત્વના છે. રમણિક મહેતા હિન્દી લોકગીતોની ગુજરાતી લોકગીતો સાથે તુલના માંડતો લેખ આપે છે. ભાષા વિષાયક ચર્ચાકરતા કે.કા.શાસ્ત્રીના 'શાસ્ત્રોચ્ચાર પરિશુધ્ધ જોડણી', જોડણીની એક વાકયતા જેવા લેખો ધ્યાન ખેંચે છે તો ભોગીલાલ સાંડેસરા ધ્વારા 'આપણી લોકવાર્તા વિષાયક પ્રાચીન સાહિત્ય એક તુલનાત્મક

દૃષ્ટિ જેવા અભ્યાસલેખો અહીં સ્થાન પામ્યાં છે કિસનસિંહ ચાવડાના અભ્યાસ લેખોને પણ 'કૌમુદી'એ સત્કાર્યા છે. હિંદીભાષાના વિકાસક્રમની ચર્ચા કરતો તેનો લેખ વિસ્તૃત રીતે મૂકાયો છે. એ ઉપરાંત 'કબીરની પ્રેમસાધના', 'ઠાકોરની સાહિત્ય સેવા' જેવા લેખો પણ ધ્યાનાર્હ છે. ઈતરપ્રાંતની સાહિત્ય ચર્ચા કરતા લેખોમાં 'બંગાળી સાહિત્યમાં મધુસૂદનનું સ્થાન' સ્મરણીય લેખ છે. અંબાલાલ પુરાણીનો મણિલાલ ચરિત્રની સામગ્રી આપતો લેખ મણિલાલના વ્યક્તિત્વ આસપાસ વીંટળાયેલા કથિત આક્ષેપોનું નિરસન કરનારો સ્મરણચિહ્ન રુપ લેખ છે મણિલાલના ચરિત્ર, પત્રો, ડાયરી અને મણિલાલ વિશેની ચર્ચા કરતા અનેક લેખો 'કૌમુદી'એ પ્રકટ કર્યા હતા.

'કૌમુદી'ની વિવેચન ક્ષેત્રની વિશિષ્ટ સેવા<u>વાર્ષિક વાઙ્મય સમીક્ષાને</u> પ્રકટ કરવાની રહી છે. આ પ્રકારની સમીક્ષા પ્રવૃત્તિ લાંબાગાળા સુધી 'કૌમુદી'ના પૃષ્ઠો રોકે છે સહજ સ્પષ્ટ છે તેમ આ વાર્ષિક સમીક્ષાઓ ધ્વારા 'કૌમુદી'એ ગુજરાતી સાહિત્યની સિધ્ધિ-મર્યાદાઓને ઝીણવટથી વાચકો સમક્ષ મૂકી આપી છે. ૧૯૩૨ની સાલનું ગ્રંથસ્થ વાઙ્મય વિજયરાયે લેખમાળા ધ્વારા અવલોક્યું હતું. ૧૯૩૩ના વર્ષની સમીક્ષા વિશ્વનાથ ભટ્ટે અને ૧૯૩૪ની ગ્રંથસ્થ સમીક્ષા જયોતીન્દ્ર દવે એ 'કૌમુદી' માટે કરેલી જે તે સમયગાળાની સાહિત્ય પ્રવૃત્તિનો સમગ્ર આલેખ એક સામયિકમાં વિશદતાથી પ્રકટ કરવો એ'કૌમુદી'ની અનન્ય સેવાગણી શકાય કેશવ હિ.કામદારે લખેલી 'સરસ્વતીચંદ્ર નું રાજકારણ' લેખમાળા પણ અહીં નોંધનીય છે. 'ગુજરાતના સંસ્કારિત્વનું ઘડતર' જેવાદીર્ઘલેખમાં કામદાર બૃહદ ગુજરાતના સંસ્કાર લક્ષણોથી માંડી ગુજરાતના ત્રિવિધ સમાજ વિશેની સાંસ્કૃતિક તપાસ કરે છે તો ચંન્દ્રશંકર પંડયા 'ગુજરાતનું વક્તૃત્વ' શીર્ષક હેઠળ વિજયરાય, ફિરોજ શાહ, અંબાલાલ રણછોડરાય ઉદયરામ જેવા વ્યક્તિ વિશેષોને લઈને એમણે ચીંધી આપેલી નવી દિશાઓની સમુચિત નોંધ લે છે.

મનન-મતદર્શન- અવલોકનો અને અન્ય નોંધમાં વિજયરાયનું વિવેચક તરીકેનું વ્યક્તિત્વ ગુજરાત સમક્ષ આવે છે. આરંભના ગાળાએ વિવેચનમાં સમીક્ષાલક્ષી લખાણો તરફ જિયરાયનો ઝોક જોવા મળે છે વિવેચનના ક્ષેત્રે તડફડિયાં અને આકરા વિધાનોથી

જાણીતા વિજયરાયની વિવેચન પ્રવૃત્તિ પત્રકારત્વ અનુષંગે ચાલી હોવાના કારણે એ વિવેચનની કોઈને કોઈ મર્યાદાઓ છે તે છતાંગુજરાતમાં વિશ્વસાહિત્યને સ્પર્શતા વલણોની ઝાંખી કરાવવામાં વિજયરાયનો ફાળો નાનો સૂનો નથી એ સમયમાં અંગ્રેજી સામયિક 'બુકમેન' ની સાહિત્ય ક્ષેત્રે બોલબાલાહતી આજથી પચીસેક વરસ ઉપરની વિજયરાયની મૂર્તિ તે 'બુકમને' જેવા સામયિકનોપ્રભાવ ઝીલનાર અને ગુજરાતી સાહિત્યમાં નવી આબોહવા ફેલાવવા પ્રયત્નશીલ થતા અગ્રેસર યુવકની છે એમ ઉમાશંકર નોંધે છે વિજયરાયની સંપાદન અને વિવેચનની વિશિષ્ટ સેવાને બિરદાવતા એ કહે છે કે :' આ નવી સાહિત્યિક આબોહવા મહાન સાહિત્યકારોની ઉપસ્થિતિમાં - ઉપસ્થિતિને કારણે જ સર્જવી એ સહેલુ ન હતું. સાહિત્ય વિવેચન લખતા પણ તેઓમાંના કેટલાક કંઈપણ લખે તો તે ગંભીર અધ્યયન (સ્ટડીઝ) બની બેસે કોઈવાર તો એમ જ લાગે કે અવલોકન એટલે સૂંડલો ભરીને વ્યાકરણની ભૂલો, નવા લેખકોનું વલણ રંગદર્શીતાનું, એક જાતની રસિકતાનું હતું. એમને સદ્ભાગ્યે મુનશી જેવા રંગદર્શી સમર્જક પણ સૌવામાં પૂર્ણકળાએ ખીલી રહયાહતા શબ્દને ભારેખમ કર્યા વગર રસિકતાથી યોજવો, રસ આગળ તરી આવે એ પ્રકારનો આગ્રહ જાણે કે વધતો ગયો. અકષ્ટકર વિવેચન ( ક્રિટીસીઝમ વીધાઉટ ટીયર્સ) ના નમૂના મળવા લાગ્યા. એક જાતની તાજગી વરતાવા લાગી તે સમયમાં આએક મહત્વની સેવા હતી' [૨૬]

સામયિકોના સર્વગ્રાહી અવલોકનમાં, મનન નોંધ અને મતદર્શનોમાં પ્રકટ થયેલા વિજયરાયના વિવેચન વિચારોમાં 'બૂકમેન' અને પ્રો.સેઈન્ટસબરીના રહેલા પ્રભાવ વિશે આકરી ટીકા થયેલી છે. [૨૭] પૂર્વ અને પશ્ચિમની સાહિત્ય પ્રવૃત્તિની સંપ્રત નોંધમાં વિજયરાયે રોકેલા અસંખ્ય પૃષ્ઠોના કારણે એક વાચકે 'કૌમુદી' કલકત્તાના સુપ્રસિધ્ધ 'મોડર્ન રિવ્યુ' જેવું તો નહીં પણ ગુજરાતનું 'મોડર્ન રિવ્યુ' તો અવશ્ય છે એવા ઉદ્ગાર કાઢેલા [૨૮] જો કે 'ધૂમકેતુ' ને ઉતારી પાડવા માટે, મહાપુરૂષોની જયંતિ ઉજવવા બાબતે, સામયિકોને, સંપ્રદાયમાં વહેંચી નાંખવામાં વિજયરાયના વલણો 'સાહસિક' છે. જાત વિષાયક ઉચ્ચાગ્રહની સભાનતાને કારણે, સ્વભાવ વશ પણ થયેલા વિજયરાયના વિવેચનોને આક્ષેપોનો

સામનો કરવાનો આવ્યો. 'કૌમુદી' માટે વિજયરાય એમ માનતા હોય કે: 'બીજા પાંચ વર્ષમાં દુનિયા તેને પણ પડતી જરૂર આવવાની' અને 'કૌમુદી' એટલે 'આજના' ઘણાં ખરાં સામયિકનું જીવન એળે જાય છે તેવું આનું નથી થયું.[૨૯] તેમાં તુંડ ઘમંડનો અણસાર દેખાય છે તે છતાં વિષ્ણુપ્રસાદ ત્રિવેદી નોંધે છે તેમ : ' વિજયરાયની અથાક મહેનત અને પ્રેરણાથી સાહિત્ય અને વિવેચનનો 'કૌમુદી' ધ્વારાં એક પ્રવાહ શરૂ થયો જેને મહદ્ અંશે 'રોમેન્ટિક' કહી શકાય'[૩૦] વિવેચનની નવી આબોહવાનો પ્રસાર કરનાર 'કૌમુદી' માં વિજયરાય સ્પષ્ટ માનતા જણાય છે કે 'દરેક લખાણને શિષ્ટતાના ઉંચામાં ઉંચા ધોરણે તપાસવું, સારા ને તુરત સારુ કહેતા અચકાવું નહીં, મધ્યમને વધુ સારુ કરવાની માર્ગદર્શક સૂચના કરવી અને અધમ વિશે ગેરસમજનું જોખમ લઈને પણ નિખાલસ પણે તટસ્થતાથી સ્પષ્ટ ભાષી થવું '[૩૧] આ અભિગમને, કારણે 'કૌમુદી' ધ્વારાં' સાહિત્યક્ષેત્રે તેમજ વિવેચનના રૂઢ માળખામાં તેમણે તોડફોડ સર્જીને પણ એક નવા તાજગીસભર વાતાવરણનો પરિચય આપ્યો વિજયરાયે ૧૯૦૧ થી ૧૯૨૫ નો ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ 'કૌમુદી'માં પ્રકટ કરેલો. 'ગ્રંથાવલોકન' શીર્ષક નીચે ગુજરાતનાં ઘણાં ખરાં સામયિકોમાં થતા વિવેચનનો સમગ્રલક્ષી ખ્યાલ આપવા તેમણે 'સામયિકોમાં વિવેચન' જેવો નોંધનીય લેખ 'કૌમુદી'માં પ્રસિધ્ધ કર્યો હતો જે સાંપ્રત વિવેચનની દિશાને ચીંધવામાં યોગ્ય માર્ગદર્શન પુરું પાડનારો છે સાંપ્રત વિવેચન વહેણોની તપાસ કરતાઆ લેખમાં વિવેચન ક્ષેત્રે ઉપેક્ષા પામેલા કેટલાયે અભ્યાસીઓના લેખો અને એમની વિવેચન શક્તિનાં જમા-ઉધાર પાસાંની નોંધ એમણે લીધેલી તંત્રીના કર્તવ્ય લેખે કરેલા વિવેચનાત્મક લખાણો અને સમીક્ષાઓ વિજયરાયને એ સમયગાળાના વિવેચકોમાં પ્રથમ પંક્તિના વિવેચક તરીકે સ્થાપી આપનારાં છે ધૂમકેતુના 'તણખામંડળ' અને મુનશીની 'મારી કમલા અને બીજી વાતો' ની ચર્ચા એક જલેખમાં તેમણે મૂકી આપી છે તો નીતિભાવના અને કલા વિશેની ચર્ચા કરતા 'કલા વિવેચનની એક ગૂંચ ' અને 'સાહિત્યદર્શન' જેવા લખાણો, અંબાલાલ દેસાઈના ચરિત્ર પર પ્રકાશ ફેંકતો લેખ તેમજ જયેન્દ્ર દૂરકાળની કૃતિ 'પોયણા' પરની સમીક્ષા વિજયરાયની મર્મગામી દૃષ્ટિનો પરિચય આપે છે વિજયરાયે કથાત્મક શૈલીમાં 'આર્યસંસ્કૃતિનું

રેખાદર્શન' જેવી લાંબી લેખમાળા 'કૌમુદી'માં ચલાવેલી એના પ્રથમ બે પ્રકરણો એચ.જી. વેલ્સની 'આઉટ લાઈન ઓફ હિસ્ટરી' પરથી લખાયેલા છે દસ થી વધુ પ્રકરણમાં પ્રકાશિત થયેલી આ લેખમાળા જીવનના ઉત્પત્તિ વર્ણનથી માંડીને ઋગ્વેદકાળ, સિંધુપ્રદેશના પ્રજા-જીવન જેવા સુક્ષ્મ પરિચયો આપે છે આમ, 'ચેતન'માં પ્રકટ થયેલી વિજયરાયની વિવેચકીય પ્રતિભાને ઘડાવાનો 'કૌમુદી' એ મોકો આપ્યો. ગતાનુગતિક સાહિત્ય પરંપરાના પ્રભાવમાં તણાવાને બદલે વિજયરાયે સામે વહેણે તરવાની હિંમત દાખવી એ કારણે માત્ર વિજયરાયની વિવેચન પ્રતિભા જ નહીં 'કૌમુદી' ની ઓળખ પણ જુદી જ તરેહના સામયિક તરીકે ઉપસી આવી.

માત્ર ગુજરાતના જ લેખકોની સામગ્રીને પ્રકટ કરવાના બદલે પરપ્રાંતના સર્જકોને નિમંત્રીને તેમની પાસેથી લેખો મેળવવાનું વિજયરાયે લક્ષ્ય રાખ્યું હતું. આ કારણે અન્ય ભાષાની વિકાસ પરંપરા અને સાહિત્યિક સિધ્ધિ -મર્યાદાઓનું એક આખુયે ચિત્ર 'કૌમુદી' માં પ્રાપ્ત થતું અંગ્રેજી સાહિત્યના પ્રત્યક્ષ જ્ઞાનનો લાભ ગુજરાતી વાચકોને મળે એવા હેતુસર ડૉ. એડવર્ડ એ પાર્કર પાસે વિજયરાયે સમકાલીન અંગ્રેજી સાહિત્ય વિશે લેખ આપવા વિનંતી કરેલી જેના ફળસ્વરુપ ' ઈંગ્લીશ લીટરરી મૂવમેન્ટ ૧૯૦૧ ટુ ૧૯૨૫ એન આઉટ લાઈન' જેવો દીર્ઘ અભ્યાસ લેખ 'કૌમુદી' ને પ્રાપ્ત થયેલો અહીં પરપ્રાંતીય લેખકો જેવા કે કૃષ્ણકાંત ચાપેકર, ક્ષિતિમોહનસેન, મેડમ સોફીયા વાડીયાના લેખો પણ 'કૌમુદી' ની વ્યાપક સાહિત્ય દૃષ્ટિની સાહેદી પૂરનારા છે.

'કૌમુદી'માં પ્રસિધ્ધ થયેલા અસંખ્ય ચરિત્ર લેખોનો પણ ઉલ્લેખ કરવો જોઈએ, વિશ્વસાહિત્યના પ્રસિધ્ધ સર્જકો આનાતોલા ફ્રાંસ, બર્નાર્ડ શૉ, ગાલ્સવર્ધી, મેક્સિમ ગોર્કી, સંગીતજ્ઞ બીથોવન, મોપાસાં, આનાપરી જેવી વિભૂતિઓની કાર્યસિધ્ધિઓનો તેમજ એમની જીવન વિષાયક બાજુઓનો પરિચય અહીં મળે છે. ભારતીય તેમજ ગુજરાતી સર્જકોમાં ટાગોર, બંકીમચંદ્ર, ભારતેન્દુ બાબુ હરિશ્ચંદ્ર , કવિ બિહારી, ઈતિહાસજ્ઞ રાજવાડે, નવલરામ, નરસિંહરાવ,

આનંદશંકર, કલાપી, ન્હાનાલાલ, રણજીતરામ જેવા અનેક સર્જકોની સર્જન વિષયક વિચારણાઓ પ્રાપ્ત થયેલી છે.

પાંચ વર્ષના ગાળા પછી 'કૌમુદી'માં સાહિત્ય ઉપરાંત અર્થશાસ્ત્ર, વાણિજ્ય, તત્વજ્ઞાન જેવા વિવિધ વિષયોનો સમાવેશ કરીને 'કૌમુદી'ના ઉત્તરોત્તર વિકાસ વિસ્તારની યોજના ઘડાયેલી,. લેખના વિષયો સમાંતરે વધતાગયા. પરિણામે 'કૌમુદી'મા વિવિધ વિષયોને તાકતી લેખસામગ્રી પ્રકાશિત થવાલાગી આવા અંકોની પૃષ્ઠ સંખ્યા ૨૮૯ સુધી પહોંચતી કોઈપણ સામયિકના આવાહળદાર સ્વરુપનો ખ્યાલ જ આજે તો અનેરો રોમાંચ જન્માવે એવો છે. આવું બનતુ ત્યારે તંત્રીના મિત્રો મજાક કરતાં 'વિજયરાય દૂબળા થતા જાય છે તેમતેમ અંકો હૃષ્ટપુષ્ટ થાય છે! [૩૨]

જ્ઞાન વિસ્તારનો ઉદ્દેશ સાધતી બહ્લમુખ વૈધની વિજ્ઞાન લેખમાળાઓ, ચંદુલાલ શાહની 'રેડિયો અથવા વાયરલેસની' શ્રેણી, પક્ષી જગતની રસપ્રદ માહિતીઓ, સંગીત, વિવિધ પ્રજાજીવન, માનસશાસ્ત્રના અવનવા લેખો 'કૌમુદી'નું વિશિષ્ટ છે. 'જગતના અરણ્યમાં' એ નામની ચિંતનાત્મક લેખમાળા 'ગુજરાત' બંધ પડતા જયસુખલાલ મહેતાએ 'કૌમુદી'માં પ્રસિધ્ધ કરાવી હતી.

'કૌમુદી'માં પ્રાપ્ત થયેલી લેખ સામગ્રીઓમાં બહુધા લેખ સંખ્યા સાહિત્ય વિષયને સ્પર્શતી છે જેમણે એ સમયમાં વિવેચનના નવાઆંદોલનના સૂરને પ્રકટાવવાનો પુરુષાર્થ કર્યો. આવા શુધ્ધ સાહિત્ય લક્ષી તેમજ સાંપ્રત સ્થિતિની ચર્ચા કરતાલેખોમાં વિદ્રોહનું પ્રમાણ વધુ છે. ચોંચકારો આપનારા અને ઉહાપોહ માંડી આપનારાઆવા લેખોએ સૌ કોઈનું ધ્યાન ખેંચેલું પરંતુ આ પ્રકારના જ લેખોએ અસહિષ્ણુતાની એક હવા પણ જન્માવી. વિષયના ઉંડાણ સુધી જઈને પહોંચવાની મથામણને સિધ્ધ કરવાને બદલે ક્યારેક સપાટી પરના વિવાદોમાં જ રાચવાનું બન્યું છે. સદભાગ્યે આવા લેખોની સંખ્યા ઓછી છે. પશ્ચિમની સાહિત્ય મીમાંસાના પ્રભાવની વાત 'કૌમુદી' સાથે જોડાયેલી રહી છે. પરંતુ સાહિત્ય મીમાંસાની એ વિચારણાઓને 'કૌમુદી'માં બહુ ઓછુ સ્થાન મળ્યું છે. પશ્ચિમના વિવેચન શાસ્ત્રનો પરિચય

'કૌમુદી' એ ટૂંકાક્ષરી લખાણો અને નોંધરૂપે આપવાનું મુનાસિબ ગણ્યું હશે આને લીધે સળંગ ચર્ચા કરતા લેખો અહીં પ્રાપ્ત થતાનથી. રમણલાલ જોશી નોંધે છે કે'યુરોપીય વિવેચન શાસ્ત્રનો સૈધ્ધાંતિક પરિચય તેણે કરાવ્યો નથી. દા.ત. સુપ્રસિધ્ધ કલા મીમાંસક ક્રોચેના વિચારોનો પરિચય કરાવવાનો પ્રસંગ કદી આવ્યો નથી તે તો ઠીક, પણ આઈ.એ. રિચર્ડ્ઝ કે ટી.એસ. એલિયટ જેવાના વિવેચન વિષાયક લખાણોની સાધક બાધક ચર્ચા પણ અહીં થઈ નથી, અને આજાતની અપેક્ષા પણ'કૌમુદી' પાસે જ રખાય ને' ? [33]

## ૦ અન્ય વિભાગો : 'આરંભે શૂરા' ની સ્થિતિ :

'કૌમુદી'માં વિભાગોની સંખ્યા ઓછી હોવા છતાં એક એક વિભાગ અંકના એટલા પૃષ્ઠો રોકે છે કે એ કારણે કેટલીક વાર અંકોનું આકર્ષણ કાવ્ય, નાટક જેવા સર્જનો નહી પણ આવા વિભાગો બને છે. વિજયરાયની સૂઝ સમજે અને એકલહાથે વિભાગોને લંબાણપૂર્વક લખવાની પધ્ધતિએ અનેકાનેક ચર્ચાઓને ત્રૈમાસિકના પાને સુલભ કરી છે એકસાથે બહુવિધ વિષાય પરત્વેની ચર્ચા એક બાજુએથી કલા, વિવેચન અને સાંપ્રત સ્થિતિ સામે લાલ આંખ કરે છે બીજી બાજુ વિજયરાયની સાહિત્ય પ્રત્યેની ખેવના નિષ્ઠા અને એમના વિવેચન વલણોની ધોતક છે.

'મનન' વિભાગ 'કૌમુદી' નો લંબાણથી સાહિત્ય ચર્ચા છેડતો, બહુધા લઘુલેખોરૂપ વિભાગ હતો જેમાં બાબુરાવ ગ.ઠાકોર, રામપ્રસાદ બક્ષી જેવાસાક્ષરોની મદદ પણ લેવાતી હતી. આ વિભાગ તળે વિજયરાયે વિપુલ વિષાયોનું એટલું ખેડાણ કર્યું છે કે એ નોંધ જોઈને તંત્રીના વિશાળ વાચન મનનનો ખ્યાલ તુરત આવે છે. ગુજરાત, અન્યપ્રાંત તથા વિદેશી સાહિત્ય, સંસ્કાર જગતની આ નોંધ ક્યારેક સેઈન્ટસબરી શી સંકુલ, કાલાઈલ શાઈ ક્લિષ્ટ થયાનું વિજયરાયે સ્વીકાર્યું હતું. આ નોંધ વિજયરાયના 'વ્યક્તિત્વના વિશેષા રંગે રંગાયેલી વિલક્ષણ, કોઈવાર ભારઝલી, બહુધા શિષ્ટ, સંસ્કારી અને અણીયાળી બને ત્યારે ખરબચડી, કદીક 'તોછડાઈની કલા'ના નમૂના જેવી પણ બનતી' [34] એવો વિજયરાયનો એકરાર પ્રત્યેક નોંધમાંથી પામી શકાય.

એક જ અંકમાં આ વિભાગ નીચે 'ગુજરાત વર્નાક્યૂલર સોસાયટીની વ્યાખ્યાનમાળા અને સાહિત્ય સંસદમાં આનંદશંકર ધ્રુવે આપેલા વ્યાખ્યાનની અને તેની સામે મુનશીના ભાષણની વિચારણા થઈ છે. જેમાં વિજયરાય મુનશીનું 'રજોગુણી કલાકાર'તરીકેનું સ્થાપન કરે છે. જોડણી વિષાયક, ગુજરાતીમાં યુધ્ધના શિષ્ટ, સંપુર્ણ ને પ્રમાણભૂત ઈતિહાસની ખોટ દર્શાવતી નોંધ, નવલકથાકાર જોસેફ કોનરેડ, અંગ્રેજ પત્રકાર મેસીંગ હામ, પત્રકાર, પરિષદ વિશે, નવલરામની પુણ્યતિથિ, કલાવિષાયક જાગૃતિ, પત્રકારી કલા, વેમ્બલીમાં હિંદી કલા, લખનૌમાં, ભરાનારુ કળાપ્રદર્શન, મુંબઈ ની કળા પ્રવૃત્તિ, રંગભૂમિની સુધારણા, સ્વ.બોટાદકર જેવી નોંધ લઘુલેખ રૂપે મળે છે ગુજરાતી સામયિકોમાં એ સમયે ભાગ્યે જ પ્રાપ્ત થતી એવી નોંધ 'સાહિત્યની પ્રગતિ' ૧૯૨૪ દરમ્યાન કેટલી ને કંઈ દિશામાં થઈ તેનો કંઈક ખ્યાલ આપવા સરકારી ગેઝેટમાંની યાદીનોપૂરો ઉપયોગ કરીને લખાઈ છે. જેમાં પ્રસિધ્ધ થયેલા ૧૬૮ ગુજરાતી પુસ્તકોને વિભાગવાર વહેંચીને એમાંના તરત જ ધ્યાનમાં આવે એવા પુસ્તકોની યાદી પણ વિજયરાય આપે છે. આ યાદી સાથે મરાઠી પુસ્તક પ્રકાશનોની તુલનાસહજ રીતે થયેલી છે. વિજયરાય આ વિભાગ તળે વસંત, સમાલોચક ઈત્યાદિ સામયિકોને 'અસ્તાચલના સામયિકો' કહે છે તો 'નવજીવન' ને સત્ય ગુણની સમજ ધરાવતું અને પ્રાચીન ભક્તિમાં ગળાડૂબ કહીને વિસ્તૃત સમીક્ષા હાથ ધરી છે. સામયિકોને સંપ્રદાયમાં વર્ગીકૃત કરવાની વિજયરાયશાઈ આ શૈલી બહુધા ટીકાત્મક છે એ કારણે એમાં દ્વેષ અને કટુભાવ સિવાય બીજુ કશું નાવીન્ય નથી આ નોંધ સામે ઉચિત ઊહાપોહ એ સમયગાળાના સામયિકોમાં જોઈ શકાય છે. 'સરસ્વતીચંદ્ર' વિશે તંત્રીએ અહીં ઉગ્ર ચર્ચા કરેલી છે. ન્હાનાલાલે ગોવર્ધનરામને જગત સાક્ષર કહયાં ત્યારે વિજયરાયે એમની ભારોભાર ટીકા કરીને ન્હાનાલાલને 'શિખાઉ મનુ મહારાજ' કહી દીધા હતા. મંજુલાલ મજમુદારની માલિકીના'કૌમુદી' અંકોમાં મજમુદારે જે નોંધ મૂકી છે તેમાં તંત્રીની સ્વભાવગત લાક્ષણિકતાને તેઓ મૂકી આપે છે. મજમુદારનોંધે છે કે 'ગોવર્ધનરામને જગત સાક્ષર ન માનનારાઓમાં એક તમે ભાઈ વિજયરાય મુનશી ટોળકીના નીકળ્યા તેનાકારણ તરીકે દ્વેષ બુધ્ધિ અને પશ્ચિમનો મોહ ન્હાનાલાલે

પૂથુશુકલનાં ગદ્યમૌક્તિકો 'ફૂલપાંદડી' ની પ્રસ્તાવનામાં કૃતિને ઊંચા આસને બેસાડીને તેમાં પચીસ 'કુસુમમાળા' અને પચાસ 'ભણકારા' કરતાઅધિકું કવિત્વ છે એમ કહેલું ત્યારે વિજયરાયે ન્હાલાલના આ વિધાનો સામે ચર્ચા જગાવીને કવિની અવિવેકતાસાબિત કરવા મેદાને પડેલા 'ન્હાનાલાલે આનો બદલો 'કૌમુદી' કાળમાં મને 'પરાજયરાય' કહીને લીધેલો [૩૫] એમ વિજયરાય નોંધે છે આમ, પ્રથમથીજ વિદ્રોહ દાખવનારા વિજયરાયે સમકાલીન સાહિત્યની આબોહવા ચીંધતી અનેક ચર્ચાઓ તડફડિયાં વિધાનોથી કરી છે. સર્જકોના વ્યાખ્યાન વિષયક, સાહિત્ય મંડળો, જોડણીની અરાજકતા, અવસાનનોંધ, ભારતીય સાહિત્ય વિષયક થતી કાર્યપ્રવૃતિ પર વિજયરાયની સચેત દૃષ્ટિ નોંધી શકાય પરભાષી સર્જકોનાં અવતરણો, કાર્યો અને એમના સિધ્ધિ વિષયક બયાનો પણ આ વિભાગ તળે સાંપડે છે. અહીં મળતી સામયિકો વિશેની નોંધ લાક્ષણિક છે જેમાં ગુજરાતી સાહિત્યના પત્રકારત્વ વિશે ક્યારેક ઊંડી ચિંતાથી પ્રેરાઈને સમસામયિક પરિસ્થિતિને લક્ષમાં લઈને તેમજ પ્રકાશિત થતા નવા સામયિકોની રૂપરચના જોઈને જે નોંધ મળે છે તેમાં જાગ્રત પત્રકારત્વનો એક આલેખ પ્રાપ્ત થતો જણાશે અતિ સુખશંકરે ગુરત સાહિત્ય મંડળને 'એકાદ માસિક' કાઢવાની સૂચના કરેલી ત્યારે વિજયરાય 'એકાદ'માં રહેલી બાદશાહી બેદરકારીની સચિંત નોંધ લઈ રોષમાં કહી નાખે છે કે 'કાઢો, કાઢો, એમાં શું, એકાદ માસિક પણ કાઢો, સામયિકની નાણા સંબંધી મુશ્કેલી કે પ્રજાને માથે વધનારા બોજાની વાત પણ પછી [૩૬] પરંતુ વિજયરાયને મન પ્રાંતના ઘણાખરા સામયિકો મુડદાલ અને મરવાની આળસે જ જીવતાં રહેલાં જણાય છે એ સ્થિતિની આરપાર જોવાની મહેનત લેવાવી જોઈએ એવું માનતા વિજયરાય લખે છે કે : 'એ કલેવરો નિષ્પ્રાણ બન્યાછે તે એક જ કારણથી 'સ્થિર અને સચોટ સાહિત્ય દૃષ્ટિવાળી' વ્યક્તિ માસિકોની પાછળ નથી હોતીને હોય છે તો પોતાનુ માસિક તેણે પગારદારોને ભાડે આપીને પોતાના નામથી ચલાવવાની પરવાનગી આપેલી હોય છે. પરિણામે ભાડૂતી ઉપતંત્રી કે વ્યવસ્થાપક જેટલા બની શકે એટલા વાહિયાત લખાણોથી દરમાસે 'નિયમિત' અંકો બહાર પાડયે જાય છે. પ્રજાને માથે એટલો કરબોજ વધાર્યે જાય છે.[૩૭] દળદીવાળી અંકો માટે થતા બેફામ ખર્ચ, ભભકાદાર ચિત્રો અને ઠાઠમાઠથી થતી એમની

પોકળ જાહેરાતો સાથે વિજયરાયની સ્પષ્ટ નારાજગી હતી. આ પ્રકારના દેખાવથી સાહિત્ય સેવી સામયિકનું સ્તર કયારેય પણ ઉંચુ આવી ન શકે એવું માનતા વિજયરાયની ભાષા અહીં વિશિષ્ટ સ્તરે મ્હાલે છે. જૂઓ એ શબ્દો 'ભાદરવા -આસોમાં ગુજરાતી પત્રકારત્વ સૃષ્ટિ કોઈ અસાધારણ હાલચાલથી ગાજી રહી હોય છે તંત્રીઓના મગજ યોજનાઓ ઘડતાં ચકડોળે ચઢે છે. તેઓ લેખકો ને ચિત્રકારોની એવી ખુશામત સાદરે છે કે જેવી કદી હજૂરીયાએ રાજાની પણ નહીં કરી હોય લેખો ને ચિત્રો જાણે અમરકૃતિઓ બનવાના હોય તેવા અભિનિવેશ ને એકાગ્રતાથી તૈયાર થવા માંડે છે. છાપખાનાઓ સામાન-કાગળ ને શાહીદોરા, કપડા ને પુંઠા વેચનારનો ગામઠી ઉકિત કહે છે તેમ છકકા પડવા લાગે છે છાપખાનાઓમાં પણ અધરાત-મધરાત લગી ડાઈનેમોનો ગુંજારવ તેમ પ્રુફરીડરોની સવિકલ્પક સમાધિ ચાલુ હોય છે અને દીવાળીના દેવચોઘડીયા વાગે ન વાગે ત્યાં તો આ ધૂમ ખરચાયેલી શકિતઓનાં પરિણામ રુપ તરેહ તરેહના વિશેષાંકોના બદલામાં વાચક વિશ્વની સકમાઈના નાણા પત્ર માલીકોના ખીસ્સાને તરબતર બનાવવા અસ્ખલિત વહેવા લાગે છે.[૩૮] આ હૈયાવરાળ કાલવ્યા પછી વિજયરાય જે સૂચન કરે છે એ સાહિત્ય પ્રીતિનું દ્યોતક છે. તેઓ નોંધે છે કે 'જે તપસ્યાઓ વિશેષાંક જેવી ક્ષણભંગુર પ્રવૃત્તિ સારું તપાય છે તેમાંથી થોડીપણ જો અમર સાહિત્યના સેવનમાં પ્રયોજાતી હોય તો અવશ્ય ગુજરાતીઓના જીવનને સંસ્કારની શુધ્ધિનો આદર્શ વહેલો સિધ્ધ થઈ શકે.[૩૯] આ પ્રકારની નોંધમાં કોઈ નવા સામયિક શરુ થયાની અને બંધપડયાની નોંધ પણ આવરી લેવાઈ છે. 'પ્રસ્થાન' અને 'સુવર્ણમાળા' ૧૯૨૬મા પ્રસિધ્ધ થતા એમના અંકો જોઈને આટલી સ્પષ્ટ ભાષામાં વિજયરાય જ લખી શકે કે ' આ પત્રો જોઈને ઘણા શિષ્ટ આશાવંતોએ અમારી જેમ ઉંડો નિસાસો નાખ્યો હશે પહેલો એક બહુ સરસ કાઢીને પછી હવાઈ જવું એ જેમ ગુન્હો બને છે તેમ પહેલો જ એક અતિ ઉતાવળો, અધૂરી તૈયારીથી, સર્વસામાન્ય બેદરકારીથી તથા શીખાઉ પત્રકારત્વને જ શો ભતી રીતે કાઢવો એ પણ ગુન્હો છે. બેમાંથી એકકે પત્રનાં માનનીય તંત્રીએ નથી અંકના સમગ્ર સાહિત્ય સ્વરુપ પર લક્ષ્ય આપ્યું જણાતું કે નથી સૌથી સારા લેખો મેળવવાની મહેનત કરી દેખાતી' આ નોંધમાં અંતિમ બિંદુએ જઈને વિજયરાય ત્યાં સુધી નોંધતાજણાય છે કે: ' જો 'સુવર્ણમાળા' ને 'પ્રસ્થાન' આના આજ ધોરણથી કાયમ નીકળવાના હોય તો અમને

લાગે છે કે પ્રજાને તેમની બહુ જરૂર નથી' [40] વિજયરાયનું વલણ એક નજરે જ પ્રતિભાવ આપવાનું રહ્યું હોય એમ અહીં જણાય છે. 'પ્રસ્થાન' જેવા સામયિકનો પ્રતિભાવ આપવામાં તે ધીરજ દાખવતાં નથી એ કારણે બાંધી લેવાતી આ ઉતાવળી ધારણાઓ ગાંલીર્યની ઉણપ છતી કરી દે છે. માત્ર ગુજરાતના જ નહીં પણ પરભાષાના સામયિકોને લક્ષમાં લેતા તંત્રી એ પત્રકારત્વ ક્ષેત્રની આપણાંક્ષેત્ર સાથે તુલના કરે છે. હિન્દી સામયિક 'માધુરી'નાં સાત વર્ષ પૂરાં થતાં એમની નોંધ લેતા તંત્રી લખે છે કે 'માધુરી' એ હિંદના ગરીબ પણ હિન્દીપ્રેમીઓની સેવા બજાવવાનું કામ ઠીક આદર્યું છે. પોતાનું આટલું કદ મોટું અને તેમાં ઉચ્ચમાં ઉચ્ચ સાહિત્યની લ્હાણી કરી બદલામાં માત્ર નહીં જેવી જ રકમલે છે. હિન્દી સાહિત્ય પત્રિકાઓની સ્થિતિ જોઈ આપણને અદેખાઈ ને નિરાશા ઉત્પન્ન થાય છે.'માધુરી'ના ભકતોએ માત્ર ત્રતચાર વર્ષમાં તેને પગભર કરી તેના મૂલ્યમાં ઘટાડો કરી સેવા બજાવવાનો ઉત્સાહ પ્રેર્યો છે. શું આપણામાં સાહિત્ય પ્રેમ ઓછો છે કે આપણે આપણી પત્રિકાઓની આ સ્થિતિ ન આણી શકીએ ? [41]

સાહિત્યના સાંપ્રત પ્રવાહોની નાની મોટી તમામ ખબરોને 'મનન'માં સ્થાન આપવાનો અભિગમ આ સામયિકનો વિશેષ છે. સાહિત્યિક, સામાજિક અને ક્વચિત રાજકારણ, વિજ્ઞાનની પ્રકટ થયેલી આ નોંધ 'કૌમુદી' ની વિશિષ્ટ મુદ્રા સ્થાપિત કરી આપે છે વિજયરાયના વાચન પરિશીલન અને એ સઘળાનું વિગતે લેખન સાહિત્યના તત્ત્વો સામેની એમની બાજનજરનો પરિચય પામવા 'કૌમુદી'માં બહોળા પ્રમાણમાં ફેલાયેલા આ વિભાગ તરફ દૃષ્ટિ કરવી જોઈએ.

'કૌમુદી'એ જે નવું અંગત પોતાના પાને શરૂ કરેલું તે પુસ્તકોના ગેટઅપ માટે'રુપ-રંગ' શીર્ષક હેઠળનો વિભાગ સંસ્કૃત રસશાસ્ત્રના આધારે પદ્મિની, હસ્તિની, ચિત્રિણી અને શંખિણીમાં પુસ્તકોના દેખાવ, સજાવટ, મુદ્રણની વિવિધ છટા અને ખામીઓને વર્ગીકૃત કરીને અવલોકન પાત્ર પુસ્તકોના રુપરંગ વિશે રસભરી તપાસ કરેલી. 'પદ્મિની' વિભાગ અંતર્ગત કરેલા અવલોકનનો નમૂનો જૂઓ. 'છપાઈ, બાંધણી, ગોઠવણી, ગમે તેની નજરે 'ભાવના સૃષ્ટિ' નું સ્થાન આવર્ગમાં પહેલું જ છે ત્યારપછી તુરત 'ચારિત્ર્યની સભ્યતા' ને 'નવાગીતો' આવે 'સભ્યતા'માં પ્રકરણ શરુ થાય

ત્યાં અતિશય કોરી જગ્યા છે તે ક્ષતિકર ન હોત તો બીજી રીતે તેના રુપરંગ એટલા સુંદર છે કે કદાચ 'ભાવના સૃષ્ટિ' ને તે પહેલા નંબરે આવવા ન દેત. 'અરવિંદ ઘોષનું તત્વજ્ઞાન' અને 'સંસારસ્વપ્ન'ને કૈક સંકોચથી આ વર્ગમાં મૂકીએ છીએ. તત્વજ્ઞાનનું પૂંઠુ ને સોનેરી નામ જેટલા આકર્ષક છે તેટલું અંદરનું છપાણ નથી. હાંસીઆ મુદ્દલ નથી એમ કહીએ તો ચાલે, તે ઘણીવાર જગ્યા બચાવવા માટે લીટીઓ વચ્ચેથી સ્પેસ કાઢી નાંખી છે તે બહુ જ બેડોળ દેખાય છે. 'સંસારસ્વપ્ન'માં છાપભૂલો પુષ્કળ છે. છપાણ કોઈ કોઈ ઠેકાણે વાંકુંચૂંકુ છે અને વિભાગ શરૂ થતા તેનું નામ ડાબી બાજુએ છાપવાની રીત સાવ ખોટી ને કલાહીન છે' [૪૨] આ રીતિએ 'મનોમુકુર' 'કાન્તના નાટકો', 'હિંદ તત્વજ્ઞાનનો ઈતિહાસ', 'પંચતંત્ર', 'મત્સ્યગંધા અને બીજા નાટકો', 'સંદેશિકા' જેવા પ્રસિધ્ધ પુસ્તકો સાથે અનેક પુસ્તકોના રૂપરંગ અને મુદ્રણસજ્જા વિશેની વિગતો અહીં પ્રાપ્ત થાય છે જો કે પુસ્તકોના આ વર્ગીકરણને 'યુગધર્મ' ના ટીકાકારે 'અરુચિકર અને ખરાબ વ્યંગવાળો' તરીકે ઓળખાવ્યો હતો. આ વિભાગ એક વર્ષમાં જ બંધ થયેલો.

'<u>સાહિત્ય કલાનાં આંદોલન</u>' મુખ્યત્વે કરીને પાશ્વાત્ય સર્જકોના વિચારોને દર્શાવે છે. વિદેશી સર્જકોના જુદાજુદા વિષયો પરના વિધાનો આ વિભાગનું મુખ્ય અંગ છે. 'નાટયકારનું માનસ-જે સીન્તો બેનોવન્તે', બોર્ડ મોલીની શૈલી- જે.એચમોર્ગન' જેવા અનેક લખાણોનો સંચય અહીં મળે છે જેમાં કોઈવાર ભારતના જુદાજુદા પ્રાંતના સર્જકોની, પાશ્વાત્ય પત્રોની ટૂંકી નોંધ પ્રકાશિત થયેલી છે. 'લેખકો કેમ લખે છે' એવા પ્રશ્નાર્થ સાથે પાશ્વાત્ય સર્જકોની કેફિયત 'કૌમુદી'એ આ વિભાગમાં પ્રસિધ્ધ કરેલી વળી, પાશ્વાત્ય સર્જકોની આ કેફિયતનું અનુકરણ કરીને વિજયરાયે ગુજરાતી સર્જકોને પણ આ વિષય પર લખવાનું આમંત્રણ આપ્યું હતું. જેના પ્રતિસાદ રૂપે ધૂમકેતુ, ર.વ.દેસાઈ, ધનસુખલાલ મહેતાની કેફિયતો પ્રાપ્ત થયેલી ગુજરાતના લેખક વર્ગને સાહિત્યક્ષેત્રે નવોદિતોને ક્વચિત માર્ગદર્શક થાય અને વાચકને વિવિધ સાહિત્યનો અભ્યાસ કરવા પ્રેરે એ હેતુથી દેશદેશનું સાહિત્યને, કલાને લગતા, આ વિચારો, માહિતી એટલી ખીચોખીચ છે કે વિજયરાય પર આરોપાયેલા પાશ્વાત્ય સાહિત્યના મોહની ટીકા સ્વીકારવા આપણે ઘડીભર તો તૈયાર થઈ જઈએ પરંતુ, આ 'મોહ'

પાછળ રહેલી વિજયરાયની દૃષ્ટિનો, આ પ્રકારના વલણો ઘડવાની પ્રેરણા આપતી એમની મહેનતનો અંદાજ લગાવીએ ત્યારે સહેજે એમ માનવાને કારણ મળે છે કે પશ્ચિમના સાહિત્ય આંદોલનનો પરિચય ગુજરાતના એક સામયિકમાં પ્રાપ્ત થવો એ વાચકનું સદ્‌ભાગ્ય પણ છે.

'ઈતરપ્રાંતના પત્રો' વિભાગ ભારતીય અને પાશ્ચાત્ય સામયિકોમાં પ્રકટ થયેલાં વિશિષ્ટના અંશને મૂકી આપે છે તો 'સમકાલીન સાહિત્ય પ્રવાહ'માં ગુજરાતમાં પ્રવર્તતાં સાહિત્ય વલણો, વિચારોને પ્રકટ કરે છે. 'સંચય વિભાગ- નવલવિશેષ' અને 'પ્રાસંગિક સંવાદ' જેવા વિભાગોમાં પણ સાહિત્ય ચર્ચા કેન્દ્રમાં છે. આ પ્રકારના વિભાગોને જુદા જુદા શીર્ષક નીચે વહેંચવાને બદલે એમને ચુસ્તતા ધરાવતાં એક-બે શીર્ષકો નીચે મૂકવાનું અને સુગ્રથિત ચર્ચા કરવાનું વલણ વિજયરાયે કેમ અપનાવ્યું નહીં હોય એવો પ્રશ્ન જાગે છે.

૧૯૩૦માં શરૂ થયેલો 'મહેફિલ' નામના વિભાગનો વિચાર તો મૂળ 'એટલિક' નામના માસિકમાંની 'કોન્ટ્રિબ્યૂટર્સ કલબ' પરથી આવેલો હતો સામયિકમાં લેખો આપનાર લેખક મંડળ કબલમાં બેઠું હોય તે દરેક જણ ગુરુત્યો દરમ્યાન કૈ નવી માહિતી કે નવા વિચાર આપે. ચાલુ બનાવો પર ટૂંકી સ્છડતી પરંતુ મુદ્દાસરની પ્રાસંગિક અને બીજી નોંધ આમાં ઝીલાઈ છે. અજન્તા કલાની વિશેષતા વિશે રવિશંકર રાવળ, કાકા કાલેલકરના પ્રવચન 'જગદ્‌વ્યાપી પરિવર્તન' વિશે વિજયરાય, 'કાકાની શશી' અને અભિનય' વિશે માલતી બહેન મુનશી અને ડૉ. ક્રિપ્લાની (?) 'કળા અને કેળવણી' ઉપર આપેલા વ્યાખ્યાન વિશે બચુભાઈ રાવતની નોંધ મળે છે. દસ-બાર નોંધમાં પ્રકટ થયેલી કલા અને સાહિત્ય વિષયક ગુફતેગુઓ સમયગાળાના સાહિત્ય ધ્વનિ સંચલનોને સુપેરે પ્રકટ કરે છે. આ વિભાગમાં દેશળજી પરમાર, રસનિધિ, ચન્દ્રશંકર ન.પંડયા વગેરેના દેશપ્રેમ વ્યકત કરતા કાવ્યો પણ પ્રકટ થયાં છે.

'ડાયરીમાંથી' અને 'મહેફિલ' વિભાગની એક વિશિષ્ટતા એ પણ છે કે સાહિત્યિક સામયિકોમાં પશ્વાદભૂમાં રહી ગયેલા રાષ્ટ્રીય ચળવળના આંદોલનનો સૂર આ

બંને વિભાગોએ પૂરેપૂરો ઝીલ્યો છે. અસહકાર પ્રવૃત્તિ, વાનરસેના, પ્રભાતફેરી, સાબરમતી આશ્રમની, છાવણીઓ અને ધરપકડો જેવા અનેક સમાચારો આ વિભાગમાં સ્થાન પામ્યા છે.

'કૌમુદી' ના અંતભાગે 'સાહિત્ય સેવકની ( પાછળથી વિચારસિકની ) રોજનીશી' મથાળે સાહિત્ય નિસબતના ખાસ પ્રસંગો નોંધાતા એમાં ઈ.સ.નહી વિક્રમી સંવત અનુસાર નોંધ પ્રકટ થયેલી છે. દેશ-વિદેશની અનેક વિગતો પંચાંગમાં સમાનતિથિ જોઈને અહીં આલેખાયેલી જોવા મળશે. ગજેન્દ્ર લા.પંડયા કૃત 'મધુનાં લગ્ન' નું પ્રકાશન હોય, નવલરામ પંડયાની પુણ્યતિથિ હોય કે પછી દરિયાઈ વાતગ્રંથોના પ્રસિધ્ધ વાર્તાકાર જોસેફ કોનરૅડનું અવસાન બધુ જ વિક્રમ સંવત પ્રમાણે ગોઠવીને છપાતું.. આ પ્રકારની નોંધ સમગ્ર સાહિત્યની ઘટનાઓને એક- બે પંકિતઓમાં સમાવી લેતો હોવાને કારણે એમ કહી શકાય કે વિભાગોની વિવિધ: અને 'રોજનીશી' જેવા વિભાગ પછી સાહિત્યના એકપણ એવા સમાચાર નહીં હોય જેને 'કૌમુદી'માં સ્થાન ન મળ્યું હોય. આ સિવાય 'વિકસતું વાઙ્મય' અને 'સહયોગીઓ' તેમજ 'વહેતીગંગા' જેવા વિભાગો 'કૌમુદી'માં જોવા મળતા રહયાં છે.

o <u>અવલોકનો</u> :

'મિતાક્ષરી મતદર્શન', 'અવલોકનો', 'પહેલી નજરે', 'નવા ગ્રંથો', 'સંક્ષિપ્ત અવલોકન' અને 'પરિચય ઔર પરખ' જેવા જુદાજુદા નામ ધારણ કરેલા આ વિભાગે એ સમયગાળાના સાહિત્ય ગ્રંથોના અસંખ્ય અવલોકનો યોગ્યતા અનુસાર કર્યા છે. આ ગ્રંથાવલોકનો 'હજારેક શબ્દોમાં', 'પચિસો એક શબ્દોમાં' જેવા મમાળા શીર્ષકો સાથે પણ પ્રસિધ્ધ થયેલા છે. નરસિંહરાવ, બળવંતરાય ઠાકોર, દુર્ગાશંકર શાસ્ત્રી, ડોલરરાય માંકડ, ગગનવિહારી મહેતા, વિશ્વનાથ ભટ્ટ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવા પ્રખર અભ્યાસીઓનો લાભ આ વિભાગને મળ્યો છે જેના કારણે આ સામયિકના અભિલાષાને તદ્દન અનુરૂપ એવા ગ્રંથાવલોકનો પ્રાપ્ત થયાછે દરેકઅંકે દસથી વીસ પુસ્તકોની અવલોકના કરવાનું ધોરણ રખાયું છે જયારે ડિસેમ્બર-૧૯૩૩ના અંકમાં તો ત્રીસેક જેટલાં પુસ્તકોની નાની મોટી સમીક્ષા પ્રાપ્ત થાય છે. અહીં ઉત્તમ

જણાતા પુસ્તકોને યોગ્ય ન્યાય આપીને એમનું વિગતે અવલોકન છે તો કેટલાકની માત્ર સ્વીકાર નોંધ લેવાનું જ યોગ્ય મનાયું છે. જો કે 'કૌમુદી'માં થતા અવલોકનોને જોઈને 'સાહિત્ય' સામયિકે એની ટીકા કરતા લખ્યું હતું કે : 'ગ્રંથાવલોકનની રીતમાં ખાસ કંઈ નવીનતા અમને જણાઈ નથી. વધારે ગંભીરતાનું દર્શન કરાવવાલાંબી લાંબી અહીંતહીંની વાતો કરવી એ જેમ નવલરામનો ગુણ કેટલાકે ગણ્યો તેમ 'કૌમુદી'માં ફરીવારનહી ગણાય તે ગમે તેમ હો પણ આટલા બધાં પાન એક અંકમાં 'ગ્રંથાવલોકન' રોકશે તો 'કૌમુદી'ના ફેલાવાને ભારે પડી જશે'[૪૩] આ વિભાગમાં 'સાહિત્ય' કહે છે તેમ 'અહીંતહીની' વાતોને બદલે તલસ્પર્શી અને સચોટ વિધાનોથી રસપ્રદ એવી સમીક્ષાઓ પ્રાપ્ત થયેલી છે. દૃષ્ટાંત રુપે ક.મા.મુનશીના 'ભગવાન કૌટિલ્યે' વિશે રવિશંકર ભટ્ટનું અવલોકન જુઓ: 'રા.મુનશીમાં ક્યાંયે ગંભીરતા (ઈન્ટેન્સીટી) નથી લાગતી થોડા શબ્દોમાં અમુક પરિસ્થિતિનું દર્શન (વિઝિબીલીટી) કરાવવાની શક્તિ એમનામાં છે પણ 'ગંભીરતા' ને અભાવે એ શક્તિ લથડતી જણાય છે. એમની કલ્પનાજરા સ્થિર બની કશું ચિરંજીવ નથી સરજતી, એ કૂદકા જ મારે છે' મુનશીએ વર્ણવેલા પ્રસંગોમાં, પાત્રોમાં અને વર્ણનોમાં 'પુનરાવૃત્તિદોષ' અવલોકનકાર યોગ્ય રીતે જ ચીંધે છે અને તે નોંધે છે કે મુનશી રજા આપે તો બીજો ભાગ તે લખી આપે, પણ એવી રજા નહિ મળે એમ માની પોતે એક પ્રકરણ[૪૪] સાદર કરે છે.

મહત્વના પુસ્તકની સમાલોચના કરવાઉપરાંત જે- તે વિષયના પુસ્તકો હોય તેને વિશે પણ, ઉદા. તરીકે બાળ સાહિત્યમાંની અશ્લીલતા, તરજુમની ઈષ્ટ પધ્ધતિ વિશે પોતાની સજાગ દૃષ્ટિનો ખ્યાલ અવલોકન કારોએ આપ્યો છે. ક્યારેક રસિક ભાવનનો આનંદ વર્ણવાયો છે અને ઉપરાંત અવલોકનમાં ગુજરાતી સાહિત્યને ઉપયોગી એવા સૂચનો પણ કર્યા છે. 'સુશીલેયાદેવ' (પ્રો. વામન મલ્હાર જોશી) જેવી અન્ય ભાષાની કૃતિનું અવલોકન આપતા બળવંતરાય ઠાકોરપાસેથી એ દૃષ્ટિનો પરિચય મળે છે. કોઈપણ સર્જન વિશે બેધડક અભિપ્રાય આપવાનો નમૂનો ડોલરરાય માંકડ દ્વારા પ્રાપ્ત થાય છે. 'અભિનયકલા' (નરસિંહરાવ ભોળાનાથ) નું અવલોકન કરતા તેઓએ લખ્યું કે: 'કલાત્મના સૈવર્તન વિવેચન કે વિચારણાની

દૃષ્ટિએ આ પુસ્તકમાં નવીનતા નથી; ઘણું ખરું આમાં પાશ્વાત્ય મતના ઉલ્લેખોજ, સંબધ્ધ રીતે, મુકાયા છે. સ્વતંત્ર વિચારણા આમાં નથી, તેમ પૌરસ્ય અને પાશ્વાત્ય કલાતત્વનો સમન્વય પણ આમાં નથી દેખાતો, આપણી પ્રાચીન અભિનયકલાની ચર્ચા કરતું પુસ્તક 'અભિનયદર્પણ' સિવાય બીજું નથી મળ્યું, છતા વિશાળ સંસ્કૃત સાહિત્યમાં પ્રસંગ પરત્વે અભિનયના તાત્વિક ભેદો કેટલીક વાર ચર્ચાયા છે, કેટલીકવાર તેનું તાત્વિક સ્વરૂપ, લાક્ષણિક રીતે ઉલ્લેખાયું છે. તેનો અને જે પાશ્વાત્ય વિચારો આ પુસ્તકમાં સંગ્રહાયાછે તેનો સમન્વય કર્તાથી થઈ શકયો નથી' લલિતેતર વાઙ્મય કે શાસ્ત્રીય ચર્ચા કરતાં પુસ્તકો ફરી પ્રસિધ્ધ થાય ત્યારે વચલા સમયગાળા દરમ્યાન જે કાંઈ સંશોધન થયું હોય તેનો લાભ પુસ્તકને મળે તો જ અસંગતિઓ ન રહે એ મુદ્દો સ્પષ્ટ કરતા અવલોકન કારનોંધે છે: 'પ્રાચીન ભારતની નાટયકલાના ઉલ્લેખો આ પુસ્તકમાં છે પણ ૧૯૦૭ પછી પ્રસિધ્ધ થયેલ અતિ મહત્વના બે પુસ્તકો-કીથના 'સંસ્કૃત ડ્રામા' અને સુશીલકુમાર દે.ના 'સંસ્કૃત પોએટિકસ' નો આમાં ઉલ્લેખ નથી એટલું જ નહિ પણ તેના અસ્તિત્વની જાણ સરખી પણ કયાંય નથી દેખાતી. અમૂર્ત તત્વોની ચર્ચામાં પણ શ્લેગલ, જર્વાઈનિસ વગેરે આજે જૂના થતા લેખકોના મતના આધારો જ આ પુસ્તકમાં છે. કયાંક પણ નિકોલ જેવા નવીન પણ વિખ્યાત અને પ્રમાણભૂત મનાયેલા લેખકનો આધારસથી. આથી લખાયું ત્યારે સ્વીકાર્ય બને તેવું આ પુસ્તક વ્યાપક અન્વેષણ, છતાં, આજે બહુ ઉપયોગી નહિ નીવડે......' આમ, આ વિભાગમાં મોટી ઝમક નહિ પણ સૂક્ષ્મ નિરીક્ષણ અને ઊંડુ અવલોકન પ્રાપ્ત થાય છે આગળના અંકોમાં તો ગુજરાતી સામયિકોની સમીક્ષા પણ આ વિભાગ-અંતર્ગત થતી હતી જેમાં પ્રકટ થયેલ કવિતા, વાર્તા, ચરિત્ર, ધર્મ, તત્વજ્ઞાન, ચિત્રો વિશેની ચર્ચા થયેલી છે. આ અવલોકનો જુદા જુદા યોગ્ય વિદ્વાનોના હાથે થયેલા હોવાથી વિશ્વસનીયતા પણ ધરાવે છે. વિવેચન- સમીક્ષાની એકહથ્થુ તંત્રી-જવાબદારી વેંઢારવાને બદલે યોગ્ય વ્યક્તિઓને સોંપાયેલું સમીક્ષાકાર્ય આ કારણે વધુ સર્વગ્રાહી બની શક્યું છે.

'ચર્ચાપત્ર' વિભાગ 'કૌમુદી'માં પ્રસિધ્ધ થયેલી કૃતિઓની ચર્ચા કરે છે તેમજ અન્ય સામયિકોમાં મૂકાયેલા આક્ષેપનો જવાબ વાળવા અને કયારેક ઊગ્ર ચર્ચાને ઝીલે છે.

અહીં તંત્રી ચર્ચાપત્ર ને લાગતા -વળગતા લેખકોને સોંપી તેનો જવાબ પણ મેળવતા હોઈ ને ચર્ચાના યથાયોગ્ય ચર્મ સુધી પહોંચી શકાય એવું બન્યું છે. પ્રતિપક્ષની ઉગ્ર દલીલો, આક્ષેપો અને વિવાદોની હારમાળા રચતા ચર્ચાપત્રો અહીં નહીં દેખાય એનું કારણ સાથે જ પ્રાપ્ત થતા પ્રતિપક્ષના જવાબો છે. તકરારી કરનારા સર્જક પર, પ્રસિધ્ધ થયેલા લેખના ખોટા અર્થઘટનો પર અને લેખ સંબંધી ભૂલો પર પસ્તાળ પડાઈ છે. 'ચર્ચાપત્ર' માં વિવાદની કક્ષાએ પહોંચ્યા હોય એવા બે બનાવો નોંધી શકાય છે. લવંગિકા મહેતાએ 'ધ ગોલ્ડન ફ્લીસ'(થી યોફિલ ગોતિએ) નામની વાર્તાનો અનુવાદ 'કૌમુદી' માટે મોકલેલો જે સનાતન બ્રૂષના નામે વળી, સંક્ષેપમાં છપાયો, આ બાબતે લવંગિકાને પિતા નરસિંહરાવનો પણ ટેકો હોવાથી ત્રણ પત્રોમાં ઉગ્ર આક્રોશ ઠાલવીને વિજયરાયના તંત્રીપણાની જવાબદારી પર માછલાં ધોવાયાં હતાં. અધ્યાત્મતત્વની ગૂંથણી કરતી ખ્યાતિ પ્રાપ્ત 'ચંન્દ્રકાંત ' કથાની રચના ઈચ્છારામ સૂર્યરામ દેસાઈના નામે થયેલ હોવા છતાં 'ચન્દ્રકાંત'ના લેખિયા હરિદાસે પત્રાવલી ધ્વારા કર્તૃત્વ સંબંધે સંદિગ્ધતાની હવા ઉભી કરેલી. હરિદાસના અને નટવરલાલ દેસાઈના ચર્ચાપત્રો 'કૌમુદી'માં વિવાદની કક્ષાએ પહોંચ્યા હતા. જેમાં અન્ય સર્જકો પણ સામેલ થયેલા આ પત્રો પરસ્પરના મનોભાવને સમજવા ચાવીરુપ છે જેમાં ઈચ્છારામ દેસાઈના સબળ પૂરાવાઓ એ ગ્રંથનું કર્તૃત્વ એમનું જ છે એ સિધ્ધ કરી દે છે. સાથોસાથ ગુજરાત સમસ્તમાં ગાજેલો આ વિવાદ સર્જકોને ચેતવણીરૂપ પણ બને એવો છે. 'કૌમુદી'ના અંકોમાં પાછળના વર્ષોમાં ચર્ચાપત્ર જોવા મળતાં નથી ચર્ચાપત્રો નામ પણ અનિમિત્તરૂપે જ દેખા દે છે એનો અર્થ એટલો કાઢી શકાય કે 'ચર્ચાપત્ર' 'કૌમુદી'નું કોઈ વિશેષ અંગ બન્યું નથી.

o <u>વિશિષ્ટ ડાયરી - નોંધપોથી - રોજનીશી</u>

<u>- સાહિત્ય ચર્ચા કરવાનું એક વધુ નિમિત્ત:</u>

ડાયરીમાંથી વિભાગ તળે લખાયેલી સાહિત્યનોંધ 'વાસરી' માં અને એ પછી વધુ શાસ્ત્ર શુધ્ધ શબ્દ 'વાસરિકા'માં સ્થિર થાય છે. આ સાહિત્ય પ્રકારની વિલક્ષણતાજ જુદા જુદા ચર્ચા પ્રદેશોમાં સ્વૈરવિહારની છે. જેના કારણે વિજયરાય

પાસેથી ઓકટો- ૧૯૩૧ની નોંધમાં કાશ્મીરનો ગરીબવર્ગ, નૈની સરોવરમાં ભરતી, આપણું અધૂરું વ્યવહારજ્ઞાન, દોલતરામ પંડયાના 'ઈન્દ્રજિતવધ' માંના ઉંચા કવિત્વની કદર ગુજરાતે કરી નથી કેમ કે બીજા સાહિત્યકારોને સાતમે આસમાને ચઢાવનાર 'જ્ઞાનસુધા' કે 'સુંદર્શન' મળી રહયાં તેવું કોઈ આ સત્કવિને ન મળ્યાંની નોંધ જેવી અનેક સાહિત્યિક નોંધ અહીં અપાઈ છે. સમાનતાના આગ્રહ વિનાની આ નોંધ સ્વકીય શૈલીથી વિશિષ્ટ છે. 'લંન્ડન્સ વિકલી'માં ગાલ્સવર્ધી પરનો લેખ વાંચીને નોંધે છે કે 'ગાલ્સવર્ધીના આત્મામાં હંમેશા કલાકાર અને સુધારક વચ્ચે યુધ્ધ ચાલતું હોય છે. તફાવત એટલો કે અંગ્રેજી સાહિત્યકાર જયાં હંમેશા જ મહામહેનતે પણ પોતામાંના સુધારકને અંકુશમાં રાખી આખરે ફાવવા તો કલાકારને જ દે છે એવું ગુજરાતી સાહિત્યકારની બાબતમાં ઘણીવારબનતું નથી' મારા નાટકોમાંથી સારબોધ ખેંચવા માટે લોકો શા માટે હંમેશાં જ તલસતા હશે ? મારા નાટકમાં સારબોધ હોતો નથી. હું માત્ર વાતાચીત જ કહેતો હોઉં છું.' ગોલ્સવર્ધીની આ ઉકિતનો નિત્ય પાઠ આપણા બોધદાનના દાનેશરી સાહિત્યકારો આચરી શકે તો કલાત્મક સાહિત્યને કાયમનો ઘણો લાભ થાય' [૪૪] ગાંધીયુગની સમગ્ર સાહિત્ય પ્રવૃત્તિ સામે લાલબત્તી ચીંધતી આવી કેટલીક નોંધ 'ડાયરીમાંથી' પ્રાપ્ત થાય છે.

૧૯૨૭માં 'વીણા' વાર્ષિક માટે ડાયરીરૂપની થોડી કંડિકાઓ વિજયરાયે મોકલેલી 'વીણા'ના એ સમયના તંત્રી સનાતન બૂચને પસંદ પડતાઆ સાહિત્ય પ્રકાર ખીલે એવા આશયથી વિજયરાયને વારંવાર લખી મોકલવાનું સૂચન કરેલું વિજયરાયે પણ આવી જુદા જુદા વિષયની ટૂંકી નોંધ ની જરુરિયાત સમજતા સંપ્રત પરિસ્થિતિને લક્ષ્યમાં લેતા વિચાર ફકરાઓ લખવાનું 'કૌમુદી'માં શરૂ રાખેલું જે ડિસેમ્બર ૧૯૩૪ સુધી નિયમિત પ્રસિધ્ધ થયેલું છે. 'કૌમુદી'ના સ્વરુપ ફેરફારને કારણે તેમજ 'આવું ફકરા વાઙ્મય સર્જવા પરથી મન ઉઠી જવાના કારણે' [૪૫] વિજયરાયની કલમે પ્રારંભથી ખેડાતી રહેલી 'વાસરિકા' બંધથયેલી.

'વાસરિકા'માં જેમ ગંભીર તત્વ છે એમ જવાબદારી ભર્યું વલણ પણ એમાં દેખા દે છે. જયારે 'રખડુની રોજનીશી' શૈલી અને ગુણની દૃષ્ટિએ નોખી પડતી લેખકે દર્શાવી છે.

લેખક તેમાં નોંધે છે કે, 'આ રોજનીશી કોઈપણ જાતની દરકાર વિનાલખાય છે છતાં તેમાં આવેલી હકીકત નક્કર અને વજૂદવાળી હશે' [46] એ વિધાનને સાર્થક કરતા નીડર અને બેધડક વિધાનો આ રોજનીશીમાંથી પ્રાપ્ત થાય છે. 'ગુજરાત' ના ૧૯૩૧ નો દિવાળી અંક એમને 'ગુજરાત'ની આગલી કીર્તિના ભસ્મ જેવો પણ નથી લાગતો ! તે કહે છે કે 'ગુજરાત' નો વિચાર સાહિત્યની કૃતિઓ પર જીવવાને બદલે એકલી નિયમિતતા, વ્યવસ્થા કે કરકસરિયા ચિત્રો પર જીવવાનો લાગે છે. બાકી ક્યાં બટુભાઈ, વિજયરાય, લીલાવતી, ચન્દ્રવદન, મુનિકુમાર અને મુનશીનું એક વખતનું ગુજરાત અને ક્યાં આજે પ્રેમચંદની નકલો પરઆધાર રાખી તેજસ્વિતાનો ચળકાટ દેખાડવા મથતું ગુજરાત'! [47] આ પ્રકારની નોંધમાં પ્રવર્તમાન સાહિત્યના દોષોને જાહેરમાં મૂકવાની પધ્ધતિ અખત્યારથઈ છે. ગુજરાતમાં 'વિવેચન' માટે નવો શબ્દ 'વખાણ' મૂકવાની અને વિવેચનના ફોર્મ વિચાર રાખવાનો એ વ્યંગ્ય કરે છે સાહિત્ય અને કળા વિષાયક ચર્ચાઓની સાથે નવી કેળવણીને લગતા અને સંતતિ નિયમનના સાધનોની શાસ્ત્રીયતા વિશેની માર્મિક ચર્ચા પરથી જણાશે કે રોજનીશી આલેખવાનાઆ લક્ષણમાં 'સ્વૈર વિહાર' વર્તાય છે. પરંતુ ચર્ચાનું કેન્દ્રસ્થાન સાહિત્ય જગત જ રહે છે. સાહિત્ય વર્તુળના દંભ અને પોકળ વ્યવહારો સામે 'અજાણ્યો મુસાફર' સતર્ક હોવાની પ્રતીતિ પુસ્તક પ્રકાશનના ધોરણો, વગદાર માણસોના ભલામણ પત્રો, સામયિકોની પુરસ્કાર નીતિ જેવી નોંધમાં મળે છે. આવા હેતુઓને પ્રકટ કરતાં તે પોતે જ નોંધે છે કે : 'કોઈને અન્યાય કરવાની મને મુદ્દલ ઈચ્છા નથી. એવા વિવેચનમાં મને શ્રધ્ધા પણ નથી. પરંતુ બીજી તરફ જે પોલંપોલ ચાલે છે, જેની સામે હરફ કાઢવાની કોઈ હિંમત કરતું નથી અને એવી કોઈ હિંમત કરે તો ઘડીના છઠ્ઠા ભાગમાં સઘળા તંત્રીઓ, સઘળી સંસ્થાઓ, સઘળા ડાહ્યા માણસો ભેગા થઈને જેને ઉડાવી દે છે એ સ્થિતિ પણ અસહ્ય લાગે છે માટે જ મેં આ લેખમાળા ઉપાડી છે! [48] એક વર્ષ સુધી ચાલેલી આ રોજનીશી ખરેખર તો પ્રવર્તમાન અનિષ્ટો સામે જેહાદ રૂપ છે જેમને એ સમયમાં વ્યાપક આવકાર મળ્યોહતો.

'કૌમુદી'એ એક સાથે ત્રણ ખાસ રોજનીશી પ્રકટ કરેલી જેને તંત્રીએ 'ફ્રૅટિટી' જેવું નામ આપ્યું છે. ત્રીજી રોજનીશી 'ગુપ્તાની નોંધપોથી' નામે પ્રસિધ્ધ

હાસ્યકાર જ્યોતીન્દ્ર દવે દ્વારા રમૂજ પ્રેરક શૈલીથી લખાતી હતી. ઓગષ્ટ ૧૯૩૨થી શરૂ થયેલી આ નોંધમાં 'આળસ', 'શિખામણ', 'ગાંધીજીના ઉપવાસ', 'લેખકોના લખાણ માટે તંત્રીને માગવી પડતી માફી, વાર્ધક્ય પૂજા, વિદ્વાનોના દેખાવ ઈત્યાદિ વિષયોની હળવી ચર્ચારૂપ અનેક નોંધ જ્યોતીન્દ્ર શૈલીમાં મળે છે. જે ત્રણ વર્ષ સુધી 'કૌમુદી'માં પ્રસિધ્ધ થતી રહેલી.

'રખડુની રોજનીશી' પૂર્ણ થતા 'રાહુ' નામે 'રમણભ્રમણ' નામની રોજનીશી શરૂ થયેલી એમાં પણ સાંપ્રત પરિસ્થિતિ પર કોઈવાર ગંભીર તો કયારેક વ્યંગ અને ઉપહાસની શૈલીએ ચર્ચાની માંડણી થયેલી જોઈ શકાય છે. 'રમણભ્રમણ' બંધ થતા મુનિકુમાર ભટ્ટ દ્વારા લખાતી 'કેટલાક વિષયો' પરની ચર્ચા ૧૯૩૩ થી શરૂ થઈ જેને બીજા જ અંકથી 'તુલિકાપાટવ' નામ અપાયું હતું. આ નોંધ પણ હળવી શૈલીમાં સાહિત્યિક ચર્ચા મૂકી આપે છે. કથન પધ્ધતિ, સાહિત્યના નવા દૃષ્ટિકોણ કેટલાક શબ્દો વિષયક વિચાર કરતી નોંધ પછી મુનિકુમારની નોંધ મૂર્ખાઓ વિશે, અસ્પૃશ્યતા જેવા વિષયોમાં સરી જાય છે. ડિસેમ્બર-૧૯૩૪ સુધી ચાલેલી આ નોંધ પણ 'કૌમુદી'ના નવા ફેરફાર ના કારણે બંધ થયેલી.

રોજનીશી - નોંધપોથીઓના આ સમુચ્ચયને જોતા 'કૌમુદી' ના રોજનીશી પ્રકટ કરવાના ઉત્સાહની નોંધ જરૂર લઈ શકાય, પરંતુ સાહિત્ય આલોહવાની જ ચર્ચા માંડતી બે થી વધુ રોજનીશી પ્રસિધ્ધ કરવામાં નવું કર્યાનો સંતોષ જ માત્ર પામી શકાય એવું છે. વિજયરાયની 'વાસરિકા' જે વિગતે અને ગંભીર પણે અનેક વિષયોની ચર્ચા મૂકી આપે છે તેવું 'રખડુની રોજનીશી', 'રમણભ્રમણ' કે 'તુલિકા પાટવ' માં જોવા મળતું નથી. સાહિત્યમાં પ્રવર્તતા દોષો અને અનિષ્ટ તત્વો સામે એ તાતાં તીર ચલાવે છે ખરા પણ વ્યંગ અને રમજૂના પ્રવાહમાં જોઈએ એવી ગંભીરતા એમાંથી ઉભી થતી નથી. જયોતીન્દ્રની નોંધપોથી ભાષા, શૈલી અને નવાનવા વિષયોને કારણે વિશિષ્ટ છે જયારે આ નોંધપોથીઓમાં સ્વકીય લાક્ષણિકતાનો અંશ ભળ્યો હોવા છતાં એકધારાપણું ઉપજાવે છે.

નવાનવા વિભાગો પ્રકટ કરીને સાહિત્ય ચર્ચાને વિવિધ દૃષ્ટિએ જોવાનો અભિગમ

સ્તુત્ય છે પરંતુ એ ઉત્સાહ લાંબા સમય સુધી ટકતો નથી. ધબનાથી શરૂ કરેલા વિભાગોને પૃષ્ઠસંખ્યાની મર્યાદાઓ સાચવવા જતા કાપકૂપ કરવાપડયા છે અને કયારેક તો સમૂળગા છોડી દેવાનો સમય આવ્યો છે. એ વિભાગોમાં પ્રકટેલું વિત્ત સાંપ્રત સાહિત્યના ઈતિહાસને સમજવામાં ચાવી રુપ છે. પરંતુ આ અનિયમિત વિભાગો 'આરંભે શૂરા' ની જ યાદ કરાવે છે.

o <u>કૌમુદી'ની અન્ય વિશેષ બાજુઓ :</u>

o <u>કૌમુદી સેવક ગણ યોજના :</u>

૧૯૨૫ થી તંત્રીએ કૌમુદી સેવક ગણ ( પાછળથી સાહિત્ય સેવક ગણ ) – ધ સર્વન્ટસ ઓફ લીટરરી સોસાયટીની સ્થાપના કરીને લેખદારી સાહિત્યકારોને ગુજરાતી સાહિત્યમાં પડેલા કરવા યોગ્ય વિશાળ કાર્યો તરફ મોટ માંડવાની અપીલ કરેલી આ યોજના વિશેના આલેખો ઐતિહાસિક ગણી શકાય એમ છે. જેમાં સાહિત્યનો વિશ્વકોશ, ભારત કથાકોશ, ગુજરાતી ગ્રંથકારોનો ચરિત્રકોશ, ગુર્જર ચરિત્ર કોશ, પત્રકારત્વનો અદ્યતન ઈતિહાસ જેવા મહત્વાકાંક્ષી કામ કરવાનો ઉત્સાહ પ્રકટ થાય છે. બે વર્ષ સુધી 'કૌમુદી' પાને આ યોજનાની સળંગ ચાલેલી પ્રવૃત્તિ અને યોજના ફેરફારોની ચર્ચાઓ એ 'ગુજરાત'માં મોટી આશા જગાવી હતી. એક તબકકે આ યોજનાના માલિકી ભાવે અહમનું સ્વરૂપ પકડતા મુનશી અને વિજયરાયનો જાહેર વિવાદ પણ પ્રકાશમાં આવ્યો હતો વિશ્વનાથ ભટ્ટ જેવા વિધ્વાનને તંત્રીએ આ યોજનામાં જોડેલા. સેવક ગણનું મોટું મકાન બાંધવાના, અદ્યતન લાયબ્રેરી અને ગુજરાતમાં હાલ સુધી અપ્રકાશિત એવા ગ્રંથોનું પ્રકાશન કરવાની આ યોજના દુર્ભાગ્યે લાંબી ચાલી નહીં આથી ખુદ વિજયરાયે 'સાહિત્ય દર્શન' (૧૯૪૪માં) આ યોજનાના લેખોને 'ટીંગરાયેલું સ્વપ્ન' જેવું નામાભિધાન કર્યું છે.[૪૯] વિષ્ણુપ્રસાદે તો આ યોજનાની રુપરેખા જોઈને તેને 'આભમાં ઉડળ ભરવા જેવી, કહી જ દીધેલી ![૫૦] તે છતાં, આખીયે યોજનાની વિજયરાયે કરેલી રુપરેખા તેમના નિરંતર સાહિત્ય ચિંતન વિષયક ખ્યાલ આપી રહે છે.

o અન્ય વિશેષો :

'કૌમુદી'એ ચિત્રો મૂકવાની રીતિ અપનાવી નથી તે છતાં અપવાદરૂપ કેટલાક ચિત્રો 'કૌમુદી'માં દેખા દે છે. ચંન્દ્રવદનના નાટક 'આણલદે' વિશેનું રવિશંકર રાવળનું ચિત્ર, કનોડીયા અટારી બીજીમાં ચિત્રો સાથે થયેલું સુશોભન, કનુ દેસાઈનું ચિત્ર 'પૂજારણ' અને કેટલાક ફોટોગ્રાફસ અપવાદરૂપે 'કૌમુદી'માં પ્રસિધ્ધ થયેલા. અંકના પ્રથમ પાને જીવનવિચાર મૂકવાની રીતિ પણ 'કૌમુદી'એ અપનાવેલી હતી. 'યથેચ્છસિ કુરુ', 'તસ્માધોગી ભવાર્જુન', જીવનનો ઉત્સર્વ, જેવી ટૂંકી નોંધ છપાતી. લેખના અંતે વધેલી જગ્યામાં પ્રખ્યાત સાહિત્યકારોના સાહિત્ય સંબંધી કે કલા સંબંધી વિચારો મૂકવામાં આવતા હતા. જેમકે પદ્યનું ભાષાંતર-ડાન્ટે, લેખકનો હિસ્સો- પંડિત અમૃતલાલ ચક્રવતી વગેરે ધૂમકેતુ ના 'રજકર્ણની વ્યાપક પ્રમાણમાં પ્રસિધ્ધિ 'કૌમુદી' એ કરેલી છે. ત્રૈમાસિકનું ૨૨૦ થી વધુ પૃષ્ઠોમાં અપાતુ વાચન -મનન જ એટલું આકર્ષણ ઉભું કરતું હોવા છતાં અન્ય ગ્રાહકોને આકર્ષવા 'કૌમુદી' ના જે નવા ૨૫ ગ્રાહકો થાય તેને દેરાળજી પરમારની 'ગૌરીના ગીતો' ની પ્રત તેમજ ૧૯૩૧ ના વર્ષે 'ગલગોટા' નામનો સંગ્રહ ભેટ આપવાની યોજના દાખલ કરેલી પાછળના વર્ષોમાં ફોટોગ્રાફીની હરીફાઈ પણ 'કૌમુદી' યોજતું જણાય છે. તેમાં પણ વાંચકોનું ધ્યાન દોરવાનો પ્રયત્ન જણાઈ આવે છે. આરંભગાળે સામયિકમાં લખતા લેખકોને શુધ્ધ સાહિત્ય ભાવે પુરસ્કાર આપવાની પ્રથા ન હતી તે છતાં વિજયરાયે કેટલાક અપવાદ સર્જીને 'પ્રેમાનંદનું મામેરું ' લેખ બદલ ગજેન્દ્ર લા.પંડયાને રૂા. ૧૦ નો પુરસ્કાર આપેલો પુરસ્કાર સ્વીકારનારા લેખકોના લખાણોનો તમામ હક પોતાની પાસે રાખનારા વેપારી નીતિ ધરાવતા સામયિકો સામે આનવું જ પગલું હતું ૧૯૩૬ના અંકમાં તંત્રીએ તમામ સર્જકોને પુરસ્કાર આપવાની જાહેરાત કરીને શુધ્ધ સાહિત્ય ખેવનાનો પરિચય આપ્યો હતો.

જાહેરાતોનું સમતોલ પ્રમાણ 'કૌમુદી'માં રહ્યું છે. તેમાં વિશેષતો પુસ્તકોની જાહેરખબર વધુ જગ્યા રોકે છે. ઠાકોરના 'લિરિક' ની જાહેરાત અને ર.વ.

દેસાઈની મોટાભાગની નવલકથાઓની જાહેરાત 'કૌમુદી' દ્વારા પૂરા પાનામાં થતી રહેલી 'કૌમુદી' ના લવાજમ મેળવવા માટે મુંબઈ, અમદાવાદ, કલકત્તા, જેવા શહેરોમાં માનદ્ શાખાઓ હતી.

વિશેષાંકો પ્રકટ કરવાનું 'કૌમુદી'નું વલણ ખરા અર્થમાં 'વિશેષ' બનીને રહયા હતા. 'કૌમુદી'એ દિવાળી અંકોની રૂઢિચાળ પધ્ધતિથી દૂર જઈને સાહિત્ય લક્ષી વિશેષાંકો આપવાનો પરિશ્રમ કર્યો હતો. દિવાળી અંકોમાં પણ સામયિક પરંપરાથી ફંટાઈને સાદગીભર્યા અંકોમાં ઉત્તમ સર્જનને પ્રકટ કરવાનું તેમનું વલણ ખાસ નોંધપાત્ર બને એવું છે એટલે 'કૌમુદી'ના સાહિત્ય વિષયક વિશેષાંકો ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વમાં ઉદાહરણરૂપ બને છે. 'કૌમુદી'એ કલાપીની પચ્ચીસમી પુણ્યતિથિએ દળદાર વિશેષાંક પ્રકટ કરેલો જેમાં કલાપીની કેટલાક અપૂર્વ પત્રો કાન્તે કરેલા સંગ્રહમાંથી સંસ્કારીને મુનિકુમાર ભટ્ટે 'કૌમુદી'માં પ્રસિધ્ધ કર્યા હતા. લગભગ ૧૦૦ જેટલા પત્રોનું પ્રકાશન અને કવિ કલાપીના સર્જનને લગતા લખાણો આ અંકને અપૂર્વ બનાવે છે. ૧૯૨૬માં ૮૧ પૃષ્ઠોનો 'સાહિત્ય અંક' પ્રકાશિત થયેલો જેમાં સાહિત્ય વિષયક વિજયરાયના બે લેખ, બે નાટકો, વાર્તા અને નોર્વેજીયન નવલકથાકાર જ્હોન બોયરની સમર્થ નવલ 'ગ્રેટ હંગર' ના છેલ્લાં પ્રકરણનો અનુવાદ પ્રાપ્ત થાય છે. સમગ્ર અંકનું લક્ષ્ય સાહિત્ય તત્વને ચીંધવાનું રહ્યું છે. ૧૯૨૦માં પ્રકટ થયેલો 'અભ્યાસીઓ જેને હજીયે ઢૂંઢતા ફરે છે તે અદ્ભુત ન્હાનાલાલ જન્મ મહોત્સવ અંક[૫૧] પ્રકટ થયેલો જેમાં ન્હાનાલાલની કવિતા ભાવનાને અને એમના સાહિત્ય આદર્શો વાંચકો સમક્ષ મૂકી આપેલાં. ૧૯૨૯ નો શ્રાવણ-આશ્વિનનો અંક 'અંબાલાલ દેસાઈ' વિષયક સામગ્રીથી ખચિત એવો અંક છે. અંબાલાલની અપ્રસિધ્ધ સામગ્રીને તેમજ એમના અન્ય વ્યક્તિઓ સાથેના પંચાવન જેટલા પત્રો, સંસ્મરણો મૂકી આપવાનું કાર્ય ગુજરાતી ભાષાના સામયિકમાં ઉંચી પ્રતિનું સ્થાન પ્રાપ્ત કરાવે છે. ૧૯૩૫માં અરવિંદના સાક્ષાત્કાર દિનને અનુલક્ષીને અરવિંદના લખાણોને પ્રકટ કરતો 'અરવિંદ અંક' પ્રકાશિત થયેલો. આ સિવાય દશાબ્દિ અંક, 'રસદ અંક' જેવા નામો અંકોને અપાયા છે પરંતુ એવા અંકો ખાસ કોઈ વિશેષતા ઉભી કરી શકતા નથી. આ વિશેષાંકોની એક લાક્ષણિકતા એ પણ છે કે અહીં કલાપીના તેમજ

ન્હાનાલાલના સમગ્ર સર્જનની ગ્રંથ સૂચિ પ્રાપ્ત થાય છે. વિશેષાંકોની જોરશોરથી જાહેરાતો કરી ઉંચી કિંમત રાખીને બદલામાં પુષ્કળ જાહેરાતો મેળવવાનું કે ગ્રાહકોને લલચાવી આવક ઉભી કરવાના વ્યાપારી પ્રપંચ વચ્ચે અલગ પડીને ઉંડી સાહિત્ય નિષ્ઠાથી પ્રકટ થયેલા આ અંકો અધ્યયનશીલ વાચન-મનનનો દાખલો બેસાડી આપે છે.

'મનન'ની અતિ લંબાણ રુપ નોંધના કારણે, અન્ય વિભાગો અને વિશદ રીતે ચર્ચાતા લેખોને કારણે 'કૌમુદી'ને હંમેશા સામગ્રીનો ભરાવો વેઠવાનો આવ્યો હતો.પ્રેસમાં ગયેલી નોંધને પાછી ખેંચી લેવાના, કેટલાક લેખોને ટૂંકાવવા છતાં પણ છાપી ન શકાયાના સંખ્યાબંધ ઉદાહરણો અહીં મળે છે. કયારેકતો તંત્રીની નિખાલસ વિનંતીમાં બેફીકરાઈ પણ ડોકીયાં કરી જાય છે. લેખકોની ક્ષમા માંગતી વિજયરાયની નોંધ જૂઓ : ' આપના અણછપાયા લેખો બદલ આપના સૂક્ષ્મ સ્વરૂપોથી કરાતી સતામણીનો અનુભવ અમારી કલ્પનાને વારંવાર થયા કરે છે. જેમ એક વાર્તાકારને તેનાં અણસરજયા પાત્રો બહુ સતાવતા કહેવાય છે તેમ પણ કરવું શું ? એક લેખ 'કૌમુદી' શરૂ થયા પહેલાનો મહાપ્રયત્ને મેળવેલો હજી તેવોને તેવો જ પડયો છે એની ઉંમર અઢી વરસની થઈ તેમ બારને નવમાસના બાળકો પણ છે. એ બધાયને હાલ તો પેટીમાં સુરક્ષિત રીતે પોઢાડયાં છે. કોને કયારે જગાડવું એ અમારા કરતા વિધિના હાથમાં વધારે અંશે છે. એ આપનું કયાં અજાણ્યું છે ? સૌને યથાસમય યથાશક્તિ ન્યાય આપતા જ રહીશું ત્યાં લગી ધીરજ નહી ધરો ? અધરા થાય એ કવિઓ, આપણો ધૈર્યસાગર તો અખુટ હોય'[૫૨]

ત્રૈમાસિકનું કાર્ય વિજયરાયના એકલાહાથે થતું હોવાના કારણે, આશ્રયદાન અને ભંડોળ એકઠું કરવા માટે વિજયરાયના વારંવારના પ્રવાસ કાર્યક્રમોને કારણે,પ્રકાશનના સ્થળ બદલાવ અને અનારોગ્ય જેવી બાબતોને લીધે 'કૌમુદી' હંમેશા અનિયમિત રહયું હતું. અંક મોડા થવાને લીધે અને વધુ વિલંબ ન કરવા અંગે કેટલાક વિભાગોને, સામગ્રીઓને સહન કરવાનું આવ્યું. છે. કેટલીક વાર કરવા ધારેલી લાંબી ચર્ચા 'કકરા' આપીને સંતોષાવી પડી છે અને અંકને નિયમિત કરવાના પ્રયાસ રુપે બે માસના અંકોને એક સાથે પ્રકાશિત કરવાનો ઉપાય પણ કયારેક તો નિષ્ફળ જતો જણાય

છે. અંકની બેહદ અનિયમિતતાથી એક વાચકે વિજયરાયને 'મુખિયાજી'નું બિરુદ આપીને લખ્યું હતું. 'આપણા અનિયમિત તંત્રીએ ત્હમને વૈષ્ણવ મંદિરોના મુખિયાજી જેવા નથી લાગતા ? બસ પોતાની મરજી પડે ત્યારે જ દર્શનનો લાભ આપે' ૫૩ અંકને નિયમિત પ્રકાશિત કરવા અંગેની ચિંતા પ્રથમ અંકથી પ્રકટતી જોવા મળશે પરંતુ 'કૌમુદી' ની પ્રકાશન વ્યવસ્થાને અસર કરનારું પ્રથમ પરિબળ તો આર્થિક વ્યવસ્થાની ડામાડોળ સ્થિતિ જ રહ્યું છે. એ અશ્રુકથાને વિગતે જોવાનું રસપ્રદ છે.

o'કૌમુદી'ની અશ્રુકથા : વ્યવસ્થા સંબંધી કેટલીક વિગતો :

ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રે સામયિક વ્યવસ્થાની ઝીણી ઝીણી બાબતોને,સામયિકના નાણાકીય પાસાને વિગતે વર્ણવતી વિજયરાયની આ અંતરંગ નોંધ પત્રકારત્વક્ષેત્રે વિરલ છે. એ 'અશ્રુકથા' ગુજરાતી પત્રકારત્વની દરિદ્ર હાલતને છતી કરનારી છે એમ લેખધારી પત્રકાર વિજયરાયના સંઘર્ષો, - મથામણોનો ઉજ્જવળ ઈતિહાસ પણ છે.

'કૌમુદી' પ્રારંભથી ઉંચા એન્ટિક હોલેન્ડ કાગળો પર પ્રકાશિત થતું હતું અને વરસે લગભગ એક હજાર પાનનું વાચન પૂરું પાડતું પ્રાંરભે 'કૌમુદી'નું લવાજમ પડતર કિંમત કરતાયે ઓછું ( રૂપિયા ત્રણ ) રાખવામાં આવેલું. એક જ વ્યકિતના આ સાહસને નિભાવવા માટે વિજયરાયે પ્રથમ અંકમાં જ વાચકોને વિશ્વાસમાં લઈને આશ્રયદાનો આપી-અપાવીને સહાયક બનવાની અપીલ કરી હતી. ભાવનગર મહારાજાના ખાનગી ખાતા દ્વારા પ્રભાશંકર પટ્ટણીના હસ્તક મળેલી રૂા. ૨૦૦ ની રકમ તેમજ અને કાન્તિલાલ નામના પ્રેમી તરફથી વાર્ષિક રૂપિયા ૫૦૦ ની સહાય અન્ય સાહિત્ય રસિક વાચકોનો ઉદાર આશ્રય એ જ 'કૌમુદી' નું જીવિત બનેલું અને તે છતાં 'કૌમુદી'ના પહેલા જ અંકે રૂા.૩૦૦ ની ખોટનો આંકડો તંત્રીની નજર સામે આવી પડયો હતો. વિજયરાય સ્પષ્ટપણે માનતા હતા કે પ્રજાના સાંસ્કૃતિક, સાહિત્યિક વિકાસના સાહસોને પ્રજાવર્ગે જ પોષવા જોઈએ અને આ માટે રાજ્ય, શ્રીમંતો અને ઉદાર સાહિત્ય સેવીઓએ એમનો બોજ ઉપાડવા તૈયારી દર્શાવવી જોઈએ.

એમના આ મતનો સ્વીકાર કરીને એક વર્ષ સુધીમાં તંત્રીના હાથમાં ગુજરાતની પ્રજાએ ૫૦૦૦ રૂ. જેવી રકમ મૂકી આપી હતી. પ્રથમ વર્ષના અંતે પાંચસો જેટલા ગ્રાહકો મેળવી શકેલા 'કૌમુદી'ને માથે ૮૮૦ રૂપિયા જેવું દેવું હતું. ગ્રાહકોને વિનંતી પત્રો દ્વારા ગ્રાહક તરીકે નામ ટકાવવા તેમજ અન્યને ગ્રાહકો બનાવવાની અપીલ થતી વિજયરાય સિવાયના સર્જકો પણ 'કૌમુદી' માટે ટૂંકી નોંધ લવાજમો ભરવા અંગે લખતા. ચંદ્રશંકર પંડયાએ આ જ સામયિક માં 'એક વિજ્ઞપ્તિ' કરી 'કૌમુદી' ને આર્થિક રીતે પગભર કરવા અનુરોધ કર્યો હતો. આશ્રયદાનો આપનારાઓની યાદી 'કૌમુદી'માં પ્રસિધ્ધ કરાતી અંકો વી.પી. પોષ્ટથી મોકલીને લવાજમ વસુલ કરવાની પધ્ધતિ અહીં પણ દેખાય છે. આર્થિક વ્યવસ્થાની આ ડામાડોળ સ્થિતિના કારણે છેવટે કાગળો ઉતરતી જાતના વાપરવાનું અને મુખપૃષ્ઠ બદલવાનું તંત્રીને કમને સ્વીકારવું પડયું હતું. વળી, પૃષ્ઠસંખ્યાને સંયમી બનાવવાની જવાબદારી પણ આવી પડેલી. 'કૌમુદી'ના ચોથા વર્ષે ૫૦૦ ગ્રાહકોમાંથી ઘટીને ૩૫૦ જેટલા થઈ ગયા હતા. તંત્રી ફરીફરીને આશ્રયદાતાઓને દાનની રકમ મોકલવાની અપીલ કરીને લંડનના 'એડલ્ફી', 'ક્રાઈટ્રેરિયન' થી માંડીને અજમેરના 'ત્યાગભૂમિ' સુધી દરેક વિચારાત્મક શાસ્ત્રીય સામયિકોની જીવાદોરી એક યા બીજા સ્વરૂપે સાહિત્ય રસિક વર્ગની સહાય જ છે એમ ભારપૂર્વક જણાવે છે. પાંચમા વર્ષે 'કૌમુદી' ની સ્થિતિ માત્ર ૩૦૦ જેટલા ગ્રાહકો પરટકી રહીને ધ દયનીય બનેલી જેને કારણે સામયિકને બંધ કરવાની સ્થિતિ સુધી તંત્રીનો વિચાર લંબાય છે. અંતે ૧૯૩૦ના જાન્યુઆરીથી ગ્રાહકો સાચવી રાખવાના લોભે તેમ જ પોસ્ટેજ ખર્ચમાં થતી રાહતને ધ્યાનમાં લઈને 'કૌમુદી'ને માસિક સ્વરૂપે પ્રકટ કરવાનું નકકી કરાયું. 'કૌમુદી' માસિકના પૃષ્ઠો ૮૦ આસપાસ રહેતા લવાજમ રૂપિયા પાંચ કરવામાં આવેલું. 'કૌમુદી' માસિક અમદાવાદના આદિત્ય મુદ્રણાલયમાં છપાતું હતું. વિજયરાય અહીં નોંધે છે કે : 'માસિક રુપનો અખતરો એક વર્ષ માટે છે. અત્યારના ૩૫૦ જેટલા ગ્રાહકો જો ૧૯૩૦ની આખરે બમણાં નહીં થાય તો એ વખતે આખી પરિસ્થિતિ નવેસર વિચારવાની રહેશે.' [૫૪] 'કૌમુદી'નો ગુજરાતના શિષ્ટ વર્ગને ઉપયોગ છે ખરો ? જેવો પ્રશ્ન મૂકીને વિજયરાયે વાચકોના મત મેળવવાનો પ્રયાસ પણ કરેલો. આર્થિક સધ્ધરતા પામવા ફાંફા મારતા વિજયરાયની એક નોંધ આપણાં

સાહિત્યિક ક્ષેત્રમાં તેમજ ગુજરાતના સાંસ્કૃતિક જીવનમાં વ્યાપ્ત કટોકટીની ચાડી ખાય છે. તેઓ લખે છે કે : 'સાત વર્ષ ! અને આઠમામાં પણ જીવવું છે ! નવમાંનું વળી શું થશે તે બારમાસ બાદ વિમાસવાનું ! આ બધું શું છે ? સ્વપ્નોનું -માયાનું -મતિભ્રમોનું ? માયા તો અહીં જ નહીં સર્વત્ર વિસ્તરી છે અને આ સ્વપ્ન પણ ન હોતું પણ મતિભ્રમમાંથી તો 'કૌમુદી'નો જન્મ થયો હતો એમ કહી શકાય હાથમાં એક ફુટી બદામ વિના અને કશી બહોળી વગ વિના એક સાધારણ કોટિનો સાહિત્ય સેવક એવું ત્રૈમાસિક આ દુકાનદારોના દેશ ગુજરાતમાં કાઢવાનું દુ:સાહસ ખેડે તેની મતિ બેશક ગુમ થઈ હોવી જોઈએ.'[૫૫] આ પ્રલાપની ભાષા સામયિકને ચલાવવાના વિજયરાયના તંતનો ખ્યાલ આપે છે. પરંતુ બીજી જ ક્ષણે શુધ્ધ સાહિત્યિક સામયિકને વળી એકલ હાથે સંભાળવાની દુ:સહ જવાબદારીના ખ્યાલે તંત્રીના પુણ્યપ્રકોપને અનુભવી શકાય છે. માગીતાગીને પણ ગુજરાતમાં સાહિત્યિક પત્રકારત્વની નક્કર ભૂમિકા ઘડવાનું તંત્રી કાર્ય કલમને ખોળે માથું મૂકનારા નર્મદની, સંપત્તિ અને શરીરે ખુવાર થઈ ગયેલા હાજીને યાદ કરાવી રહે છે. સામયિકને માટે 'કૌમુદી' ના તંત્રીએ રંગૂન, કરાંચી, મુંબઈ, ગુજરાતના અનેક સ્થળોએ ફંડ-ફાળા ઉઘરાવ્યા. સાહિત્ય પરિષદના સંમેલનોમાં ઝોળીઓ ફેરવી. આ સાહસને પોષનારા અનેક સાહિત્યકારોએ જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે તંત્રીને મદદ કરેલી. વિજયરાયને મુનશીએ ૧૦૦ રૂા.ની સહાય પછી વણમાંગ્યે રૂપિયા ૭૫ નો ચેક લખી આપેલો. 'સાહિત્ય' ને 'તળપદું' કહીને એમના ગ્રંથાવલોકનોની આકરી ટીકા કરનારા વિજયરાયને 'સાહિત્ય'ના તંત્રી મટુભાઈએ ૨૦૦ રૂપિયાની સહાયતા આપેલી. અહીં સહાયકર્તાઓના નામોનો પાર નથી. પરંતુ રાક્ષસી પ્રેસના તંત્રે વિજયરાયને કયારેય નિરાંત આપી નથી. અપાર મુશ્કેલીઓની જંજાળમાં 'કૌમુદી'ના યથાતથ સ્વરુપને સાચવવાનો તંત્રીયત્ન ગુજરાતી સાહિત્યના પત્રકારત્વમાં વિરલ છે. સામયિકને ચલાવવાના આ ધમપછાડાને બિરદાવીને ઠાકોરે લખ્યું હતું! આ સાહિત્ય પરિષદવાળા (મુનશીયુગ પહેલાના) સાહિત્યનું ત્રૈમાસિક કાઢવાના વિચારોને વાતો કરે છે ઘણા વખતથી, પણ એ કરી બતાવ્યું તમે, ઓલ ગ્રેટ વર્ક ઈઝ ડન બાય ઈન્ડી વિઝયુઅલ્સ, બાય કેપેબલ સીંગલ, માઈન્ડેડ મેન'[૫૬]

૧૯૩૨ના જાન્યુઆરીથી વડોદરામાં મૂળશંકર સોમનાથ ભટ્ટ અને ભાઈલાલભાઈ ખૂ. પટેલે નાણાં પ્રકરણ, વ્યવસ્થા અને મુદ્રણ, પ્રકાશનની જવાબદારી ઉપાડી લીધી. એ કારણે ઉંચા ગ્લેઝ કાગળમાં સુશોભિત અને પ્રસંગોપાત ચિત્રોની પરંપરા 'કૌમુદી' માં શરૂ થઈ. વડોદરા ખાતે 'કૌમુદી' ની વ્યવસ્થા જતા ત્યાંના 'લક્ષ્મી પ્રિન્ટિંગ પ્રેસ' માં તે છપાવા લાગ્યું. અસહકારના આંદોલનની વ્યાપક અસર હેઠળ 'ગુજરાત' તંત્રી મંડળના મુનશીથી માંડીને મોટાભાગના સહાયકો જેલમાં જતા 'ઘરબાર વિનાના થઈ ગયેલા ગુજરાત' [૫૭] ને બદલે 'કૌમુદી'ને સાહિત્ય સંસદનું મુખપત્ર ગણવાની ત્યારના 'ગુજરાત'ના તંત્રીઓ ધનસુખલાલ અને જ્યોતીન્દ્ર દવેની માંગણીનો સ્વીકાર 'કૌમુદી' એ આખરે કર્યો આમ, 'કૌમુદી'ને સાહિત્યસંસદની ઓથ સાંપડી જેથી 'ગુજરાત' નો વાચક વર્ગ 'કૌમુદી'ને પ્રાપ્ત થયો. વ્યવસ્થાના આ ફેરફારને કારણે વળી એકવાર 'કૌમુદી'માં ઉંચી જાતના કાગળ વપરાવા લાગ્યાં તસવીરો અને રંગીન ચિત્રો પ્રસિદ્ધ થવામાંડયા અને વિજયરાયે'સાહિત્ય સંસદ' તરફથી તંત્રી એવા વિશેષણ સાથે 'કૌમુદી'નું સંપાદન હાથ ધર્યું. વળી, ફેબ્રુઆરી-૧૯૩૪માં જ પ્રકાશિત થયેલું 'મુકુર' નામનું સામયિક એપ્રિલ-૧૯૩૪માં 'કૌમુદી' સાથે ભળી ગયું અને એમના તંત્રી રમણ.ન.વકીલ 'કૌમુદી'ના સહતંત્રી બન્યા હતા. 'કૌમુદી'ના અનિશ્ચિત થયેલા ભાવિને કારણે 'ગુજરાત'ને એક વખત ધરાર છોડનારા વિજયરાયને આખરે'ગુજરાત'ના નાથ જોડે જ પનારો પાડવાનો વખત આવ્યો ! આ સમજૂતીને લીધે દર માસે સતાવતી નાણાંભીડનો અંત જરૂર લાવી શકાયો પરંતુ મૂળશંકર અને મુનશી સાથે વિજયરાયના ગ્રહો મળતાન હતા.આપસમાં ઉભા થયેલા મતભેદોમાં 'કૌમુદી'ના માલિકી હકનો વિવાદ જાગ્યો. ગુજરાત સમસ્તમાં 'સામયિક વિવાદ'ની જોરશોરથી થતી ચર્ચા પરાકાષ્ઠાએ પહોંચી હતી. છેવટે વિજયરાયે ૧૯૩૫માં પોતાનું લોહી રેડીને ઉછેરેલા 'કૌમુદી' ને છોડી દેવાનો નિશ્ચય કર્યો. 'કૌમુદી' જેવા સંગીન સાહિત્યિક સામયિક સાથે વિજયરાયનો નાતો અંતિમ તબક્કાએ 'અશ્રુકથા' બનીને જ રહી ગયો.

૦ વિજયરાય વિનાના 'કૌમુદી' પર એક દૃષ્ટિ :

'સાહિત્ય સંસદ' સાથે થયેલા કરાર મુજબ વિજયરાયે માત્ર સંપાદનની જવાબદારી

વહન કરવાની હતી જયારે મૂળશંકર હઅને સાહિત્યસંસદે મુદ્રણ ,નાણાંકીય વ્યવસ્થા અને ગ્રાહકોને મેળવવાની જવાબદારી આપમેળે સ્વીકારેલ હતી. 'કૌમુદી' ના સંપાદનમાં દખલ ન કરવાના તંત્રીના સ્પષ્ટ અભિગમને જાણતા હોવા છતાં નાણાંભીડને કારણે મૂળશંકરે વિજયરાયની જાણ વિના જ સંસદને 'કૌમુદી' ના પાંચ અંકો પ્રસિધ્ધ કરવાની પરવાનગી આપી દીધી. 'કૌમુદી'ના ગ્રાહકો વધારવાના પ્રયત્નો કરવા માટે વિજયરાય પર વારંવાર દબાણ થવાલાગ્યું પરંતુ એ કામનો વિજયરાયે સ્પષ્ટ નકાર કર્યો આથી મૂળશંકરે 'કૌમુદી'નાનાણાંકીય માળખાને 'સાહિત્ય સંસદ' ધ્વારા સ્થિર કરવાનો લોભ જોયો. સંપાદનના હક ઝૂંટવી લેવાનો મૂળશંકરનો પ્રયત્ન વિજયરાયને માટે એક દુઃખદ પ્રહારરૂપ હતો આ કારણે વિજયરાય, મૂળશંકર અને મુનશીના પતીવ્ર મતભેદો સપાટી પર આવીને 'કૌમુદી; 'ગુજરાતી', 'બે ઘડી મોજ' અને એ પછી 'ગુજરાત', 'માનસી'માં ગાજવા લાગ્યાં. વિજયરાયે 'કૌમુદી' ને છોડવાનો નિર્ણય કર્યો ત્યારે 'કૌમુદી' ઉપર ૪૯૦૦ રૂપિયા જેટલું દેવુ હતું. વિજયરાયે 'કૌમુદી'નો માલિકી હક ઘસારો ખમીને રૂપિયા ૨૧૦૦માં મૂળશંકરને વેચી દીધો માલિકી હકની આટલી નગણ્ય કિંમત બાબતે વિજયરાયે નોંધ્યુ છે કે 'મુનશીએ મૂળશંકરની હાજરીમાં'કૌમુદી'ની કિંમતરૂપિયા ૩૦ હજારનો આંકેલી'[૫૮] આમ, સપ્ટેમ્બર ૧૯૩૫માં નજીવી રકમ લઈને વિજયરાયે 'કૌમુદી' સાથે ગૂંથાયેલા તારને છેદી નાંખ્યા ત્યારે 'કૌમુદી'ના૯૦૦ જેટલાગ્રાહકો હતા. ૧૯૩૫ના અંતભાગથી 'કૌમુદી'ના સંપાદનની તમામ જવાબદારી મૂળશંકરના માથે આવી. દુર્ભાગ્ય વશાત 'કૌમુદી'ની નાણાંભીડ મૂળશંકરનાસંપાદન નીચે પણ ઓસરી ન હતી તે છતાં 'કૌમુદી'ને ચલાવવાનો મરણીયો પ્રયત્ન મૂળશંકર કરતા જણાય છે. 'કૌમુદી' ચાલશે કે નહીં ચાલે-એવા પ્રશ્નોની અવઢવ વચ્ચે મૂકાયેલા વાચકોની અશ્રધ્ધાને જવાબ આપતા મૂળશંકરે એક જગાએ નોંધ્યુ છે કે : 'લાખના કમાનારને પાંચ હજાર ગુમાવવા જીવ સાટે થઈ પડે છે. મારા જેવા અકિંચનને રહયું સહયું ગુમાવતા અરેરાટી થવાની નથી. મુફલિસો-ફકીરોમાં શહીદ થઈ શકવાની તાકાત હોય છે. 'કૌમુદી'ને જીવતું રાખતાંને સમૃધ્ધ કરતાં શહીદ થઈ જવું પડે તેની મને પરવા નથી'[૫૯] શહીદ થઈ જવાસુધીની આ તૈયારી 'ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે નવી નથી પરંતુ સાહિત્ય રસિક એવા એક વ્યકિતની સામયિક

સંચાલનમાં થયેલી જાત સંડોવણી એમને સાહિત્યના એકે અક્ષર પાડ્યા વિના સંપાદનની આંટીઘૂંટી સુધી દોરી જાય છે તેમાં ગુજરાતી પત્રકારત્વનો વિશેષ છે. સાહિત્યના વહેણોનું માર્ગદર્શન કરતું આ સામયિક મૂળશંકરના સંપાદન નીચે કેવી સિદ્ધિ-મર્યાદાઓ દાખવે છે તેની કેટલીક વાતો ધ્યાનમાં લેવી જોઈએ.

૧૯૩૬થી 'કૌમુદી'ના ડબલ ક્રાઉન જેવા કદફેર સાથે વાર્ષિક લવાજમ રુપિયા છ થયેલું જૂના ગ્રાહકોને 'કૌમુદી' રુપિયા પાંચમાં જ મોકલવાની વ્યવસ્થા હતી. રુપરંગ અને સજાવટના ભભકાથી દૂર રહી સાદગીભર્યા અંકો પ્રસિધ્ધ કરીને 'કૌમુદી'ના તંત્રીએ પુરસ્કારના વલણને શરુ રાખેલું. આ અંકોમાં 'કૌમુદી' વેચાણ વિષયક ઠઠ્ઠા કરતી ચન્દ્રવદનની 'વજો તાંતરીયો' કથા પણ પ્રસિધ્ધ થયેલી. વિજયરાય-મૂળશંકર પર હાસ્યકટાક્ષ રેલાવતા આ પરાક્રમ કરવા બદલ બ.ક.ઠાકોરે લેખકને 'અપરસ રચનામાં રાચનારા રુપાંતર જેવો શિરપાવ આપેલો.[૬૦] ર.વ.દેસાઈની 'ક્ષિતિજ' નવલકથાનું પ્રકાશન, ધૂમકેતુની વાર્તાઓ, મનસુખલાલ ઝવેરી, સુન્દરમ, પૂજાલાલ જેવા કવિઓની કાવ્ય રચનાઓ દેખાય છે. અહીં નવોદિતોનું વૈવિધ્ય ખાસ્સુ છે પરંતુ દ્વારકા, મથુરા જેવા સ્થળ વિશેષ, વિજ્ઞાનના વિષયોની ચર્ચા કરતાલેખો તેમજ 'વસ્ત્ર વિજ્ઞાન' જેવી કાંતિલાલ ગાંધીની લેખમાળાઓનું મહત્વ 'કૌમુદી'ની પ્રારંભિક સચોટ છાપને ભૂંસી નાખે છે. સાહિત્ય ચર્ચા કરતા એકપણ વિભાગો આ અંકોમાં સચવાયા નથી. 'મનન' જેવો વિભાગ શરુ રહે છે ખરો પરંતુ સાહિત્યની વ્યાપક વિચારણાનો તેમાં અભાવ છે. વક્રતાતો એ છે કે વિવેચનના સામયિક તરીકે પંકાયેલા એક વખતના સામયિકમાં 'ગૃહદાહ' અને અન્ય ફિલ્મોના અવલોકનો લખાવા માડે છે. ત્રણ થી ચાર કાવ્યો, ઈતિહાસ, વિજ્ઞાન, ચિંતન, અન્યકળા અને વાર્તાઓમાં 'કૌમુદી'ની ઈતિશ્રી મૂળશંકર માનતા જણાય છે. 'કૌમુદી'નું વિવેચનનું સૌથી સબળ પાસુ અહીં લંગડાતુ ચાલતું જણાય છે. મૂળશંકર એક જગાએ નોંધે છે કે: 'જે ચાર મહાપુરુષોને અવલોકન માટે પુસ્તકો સુપ્રત કરવામાં આવેલા અથવા એમને જ ભરોસે કામ રાખેલુ તેમાંના એકેયથી પહોંચી વળાયુ નથી. પરિણામે ઉપરા ઉપર ત્રણ અંકો સુધી એ વિભાગ અદ્રશ્ય રહયો. દિવાળી અંક બાદ કરતા ડિસેમ્બર અને આ જાન્યુઆરીનો અંક પણ વિવેચન વિનાનો જ રહયો.'[૬૧] તેમાં વિભાગો પ્રત્યેની

ઉદાસીન વૃત્તિજ સૂચવાય છે. કેટલીક પ્રસિધ્ધ રચનાઓના ઝબકાર આપીને 'કૌમુદી' કોઈ વિશેષ છાપ મૂકી જવાને બદલે પારંપરિક સામયિકની જેમ ચાલતું રહ્યું હોય એવો અનુભવ પમાય છે.

યોગ્ય સર્જકોના સર્જનને અભાવે, આર્થિક સંકડામણના પ્રશ્નો વણ ઉકલ્યાં રહેવાજેવી ઘટનાઓથી 'કૌમુદી' ને મૂળશંકરે ૧૯૩૮ના પહેલા એક સુધી ચલાવી બંધ કર્યું. ૧૯૨૪થી આરંભાયેલા સાક્ષરી પત્રકારત્વનો 'કૌમુદી' ઈતિહાસ ૧૯૩૫ સુધી અર્થાત્ કે વિજયરાયના સંચાલન સુધી ઉજ્જવળ રહેલો. વિજયરાયના સાહિત્ય પ્રત્યેના જાગ્રત વલણે એમને ગુજરાતના પ્રમુખ સામયિક તરીકે ગૌરવ અપાવ્યું હતું. 'કૌમુદી'ની ઓળખ આ અગિયારવર્ષોના સંઘર્ષો અને મથામણો પરજ આધારિત છે. ઉમાશંકરે યોગ્ય જ નોંધ્યુ છેકે :'નર્મદથી આરંભીને આપણે ત્યાં અનેક સાહિત્ય કારોને હાથે સામયિકનું સંપાદન થયેલું છે પણ તેમાં સાહિત્ય ઉપરાંત સમાજ, રાજકારણ,ઈતિહાસ, ધર્મ-વિજ્ઞાન આદિ વિષયો પણ ખેડાયા છે. વિજયરાયના સંપાદનમાં સાહિત્યની ફોરમ એ જ મુખ્યતયા હોય. 'ગુજરાત' ચલાવી ચૂકેલા શ્રી મુનશીએ એકવાર મને કહેલું: 'એક નર્યું સાહિત્યનું માસિક કાઢોને. એ ....બસ વાંચ્યા જ કરીએ ! એમના સમયમાં 'કૌમુદી'એ જાતનું સામયિક હતું!' [63]

## ૦ 'કૌમુદી' નું પ્રદાન :

'કૌમુદી' નું મુખ્ય પ્રદાન ગુજરાતી સાહિત્યક્ષેત્રે વિવેચનની નૂતન આબોહવા સર્જનારા સામયિક તરીકે છે. 'જૂનાનો બેડ અને નવાની નેકી' માનતા વિવેચકોના વર્ગને ઘડવામાં અને પ્રોત્સાહિત કરવામાં 'કૌમુદી'એ નોંધનીય કામ કર્યું છે. નરસિંહરાવ, ઠાકોર જેવા વિવેચકોનો સહકાર મેળવીને બેસી રહેવાના બદલે ગુજરાતી વિવેચન ક્ષેત્રે અભ્યાસશીલ નવોદિતોને તક આપી પૂરતા પ્રોત્સાહક વાતાવરણે રજુ કર્યા અને એમને વારંવાર લખાણો લખવા માટે પ્રેર્યા. વિજયરાયથી સાવ અજાણ્યા એવા ડોલરરાય માંકડે 'કૌમુદી' માટે લેખો મોકલ્યાત્યારે 'સુકકાઈ' અને અધરાઈ વિનાના આ લેખોમાં ડોલરરાયનો પાકો અભ્યાસ અને સ્વતંત્ર દૃષ્ટિને વિજયરાયે

પારખી હતી.'' 'લેખકને કોકવાર જરૂર ઓળખવા જોઈશે ને એમની પાસેથી આવું બને તેટલું વધુ 'કૌમુદી' માટે કઢાવવું પડશે.'[63] એવા નિર્ણય સાથે મંડળના રસિકતા, સરળતા ભર્યા લેખો 'કૌમુદી'નું આકર્ષણ બન્યાં હતા. સુન્દરમ, વિષ્ણુપ્રસાદ જેવા વિવેચકો પાસે અભ્યાસ લેખો લખાવી એમની વિવેચન શક્તિને ઉપસાવવામાં 'કૌમુદી' નું પ્રદાન અમૂલ્ય છે. વિષ્ણુપ્રસાદે પણ 'કૌમુદી'એ ભજવેલા ઘડતરકાર્યની નોંધ લેતા 'પોતાના પ્રથમ વિવેચન સંગ્રહ 'વિવેચના' (૧૯૩૯) ની પ્રસ્તાવનામાં નોંધ્યુ છે કે : ' હું માનું છું કે 'કૌમુદી'ની નીતિ વગર અથવા કહો કે શ્રી વિજયરાયની મમતા વિના, વિસ્તૃત વિવેચનો માટે તેમના આગ્રહ અને પક્ષપાત વિના,આમાંના કેટલાક વિવેચન લેખો ન જ લખાત'. વિશ્વનાથ ભટ્ટ જેવા વિવેચકને તો 'સાહિત્ય સેવક ગણ' યોજનામાં પણ સાંકળ્યા. યોજનાને સફળ કરવા માટે જે પ્રયત્નો થયા તેના સફળ પરિણામે ગુજરાતના સાહિત્યનું દિગ્દર્શન કરાવતા વિશ્વનાથ ભટ્ટના લેખો તેમજ વિજયરાયની 'આર્યસંસ્કૃતિનું રેખાદર્શન' જેવી લેખમાળા પ્રાપ્ત થાય છે.

ઊભી થયેલી નવીન વિવેચકોની આ ટોળીએ ગુજરાતના પાંડિત્યભર્યા એકધારા વિવેચન માળખાની તોડફોડ સર્જીને રંગદર્શી વિવેચનાનો પ્રારંભ કર્યો હતો. ગ્રંથાવલોકનો, નોંધ, સાંપ્રત ઘટનાઓની સમીક્ષાઓમાં તડફડિયાં વિવેચને વિવેચનક્ષેત્રે, પ્રવર્તતી જડ, બંધિયારરીતિને અસહ્ય ગણીને એમની સામે વિવેચનના તેમ સાહિત્ય ક્ષેત્રના કેટલાંક આદર્શો બાંધી આપ્યા. ગમે તેવા નામાંકિત સર્જકો સામે શિંગડા ભેરવવાનું, વિવાદો છેડવાનું અને આકરી ભાષામાં ચાબખાઓ વીંઝવાના આ વલણે એ સમયમાં ભારે ઊહાપોહ સર્જ્યો હતો.

સર્જનના ક્ષેત્રે ર.વ.દેસાઈને સાહિત્ય જગતમાં સ્થાપી આપવાનું કાર્ય 'કૌમુદી'એ કર્યુ છે તો 'સુંદરમ, ઉમાશંકર, ચંન્દ્રવદન, દેશળજી પરમાર, સુરેશ દીક્ષિત,સુંદરજી બેટાઈ જેવા અનેક નામી-અનામી સર્જકોને 'કૌમુદી' દ્વારા સર્જક પ્રતિભાને સંસ્કારવાની દિશા મળી હતી. એકાંકી, પ્રવાસવર્ણનો અને ડાયરીના સ્વરુપો 'કૌમુદી'એ સતત પ્રસિધ્ધ કરતા રહીને આ સ્વરુપની શકયતાઓ તપાસવા મહત્વની ભૂમિકા પૂરી પાડી છે. કલાપી, ન્હાનાલાલ, અંબાલાલ દેસાઈ, અરવિંદના વિશેષાંકો એ સર્જકો

ચિંતકોના કાર્યની પ્રમાણિક તપાસ આદરે છે. એક સર્જક વિશે અનેક દિશાએથી વિચાર કરનારા 'કૌમુદી'ના આ વિશેષાંકો સામયિક જગતમાં આદર્શરૂપ છે. જુદા જુદા સર્જકોના પત્રો, નર્મદના લેખો, ચરિત્રો, તેમજ સાહિત્ય સંદર્ભે લખાયેલા અનેક અભ્યાસ શીલ લેખો દ્વારાં ગુજરાતને એક આદર્શ સાહિત્યિક સામયિકનો નમૂનો 'કૌમુદી'માંથી પ્રાપ્ત થાય છે.

'કૌમુદી'ના માધ્યમ સાથે વિજયરાયની સાહિત્ય પ્રવૃત્તિઓ વિષાયક ખ્યાલ અને આદર્શ પણ આપણી સમક્ષ આવે છે 'સાહિત્ય સેવકગણ' યોજનામાં વિજયરાયની સાહિત્ય ધૂનનો સારો એવો પરિચય સાંપડે છે. આ યોજના એ ગુજરાત એક લાખ રૂપિયા જેટલું ભંડોળ કરી આપી સંસ્થાને નિર્ભર કરી આપે એવી રખાયેલી અપેક્ષાએજ વધુ પડતી કહેવાય. કારણકે 'કૌમુદી' પર ચઢી ગયેલા દેવા બાબતે વિજયરાયની વારંવારની અપીલનો પણ ઉત્સાહજનક પડઘો પડતો ન હતો ત્યારે આવડી મોટી રકમ માત્ર સાહિત્ય સેવાની એક નિષ્ઠ ઉપાસના માટે આપવા તૈયાર કોણ થાય ? પરંતુ વિજયરાયની યોજના રૂપરેખા, ચર્ચા અને ટૂંકી નોંધ એ સાહિત્ય પ્રવૃત્તિ કરવા પાછળ અદમ્ય જોશ અને ઉત્સાહની સાક્ષી પૂરે છે અને ત્યારે 'કૌમુદી' જ એનું પ્લેટફોર્મ બને છે.

'કૌમુદી'એ સમકાલીન ગુજરાતી સાહિત્યના ધોરણે વિશે ઉંડી ચર્ચા કરીને આદર્શ સ્થાપી આપવામાં મહત્વનું કાર્ય કર્યુ છે. ગુજરાતી પુસ્તકોના આડેધડ થતા મુદ્રણો સામે 'રૂપરંગ' જેવો વિભાગ યોજીને નબળા પ્રકાશનો સામે પુણ્યપ્રકોપ ઠાલવ્યો છે તો 'ગ્રંથાવલોકન'માં અનેક વિદ્વાનોનો સાથ લઈને, ઉત્તમ પુસ્તકોને બિરદાવી નગણ્ય જણાતા પુસ્તકોની તસુભાર પણ શરમ રાખ્યાં વિના બરાબર ખબર લેવાઈ છે. સર્જકોને પુરસ્કાર આપવા વિશે વિજયરાયે 'કૌમુદી' દ્વારા રીતસરની ઝુંબેશ ચલાવેલી કોઈપણ પ્રકારના માલિકી હકકના દાવા સિવાય પુરસ્કાર આપવાની એમની નીતિનો યોગ્ય સત્કાર એ સમયમાં થયેલોછે. અનેક સામયિકોની આવી બેધારી નીતિ સામે વિજયરાયનો અસ્વીકાર જેમ સાહિત્ય પ્રીતિને દર્શાવી આપે છે તેમ 'કૌમુદી'ની સખત નાણાંભીડમાં પુરસ્કારને આપવાનું વ્રત એમને 'ભેખધારી પત્રકાર' નું બિરુદ કમાવી આપે છે.

સામયિકોની વ્યવસ્થા અને એની અંતરંગ મુશ્કેલીઓની વાતો કોઈપણ સામયિક ભાગ્યે જ પ્રકટ કરતું હોય છે પરંતુ 'કૌમુદી' ના તમામ ખર્ચ અને આવકની, આર્થિક હાલતનું બયાન વિજયરાયે લગભગ તમામ અંકોમાં પ્રસિધ્ધ કરીને વાંચકોને એ સ્થિતિ વિશે પૂરાં માહિતગાર રાખેલા કદાચ એ સમયમાં આ હિસાબો આવક જાવકની નોંધ માત્ર ભલે ગણાયા હોય પરંતુ આજે તો એ હિસાબોનું પૂરેપૂરૂં દસ્તાવેજી મૂલ્ય છે. કારણકે સામયિક સાહસની તમામ ઝીણવટભરી નોંધ મેળવવાનું એ હાથવગું સાધન બની શકે એમ છે.

વિજયરાયે 'કૌમુદી' નો આરંભ કર્યો એજ વર્ષમાં 'કુમાર' નો પણ આરંભ થાય છે અને તે પછીનાં બે જ વર્ષના ગાળામાં રા.વિ.પાઠકનું 'પ્રસ્થાન' અસ્તિત્વમાં આવેલું. આવા પ્રભાવક સામયિકોની વચ્ચે પણ 'કૌમુદી'નો તપતો સૂર્ય ઝાંખો પડયો ન હતો એના કારણમાં વિજયરાય જેવી વ્યક્તિનું 'કૌમુદી' સંચાલનમાં હોવું એને મુખ્ય બાબત ગણી શકાય ચર્ચા,વાદવિવાદો, સર્જન વિવેચનની ઉત્તમ બાજુઓને પ્રસિધ્ધ કરવાની અને ઉતરતી જાતનાં લખાણોને રોકડું પરખાવવાની દૃષ્ટિએ સાહિત્ય રસિકોમાં 'કૌમુદી'વિષયક ઊંભી શ્રધ્ધા જન્મેલી હતી.

વિજયરાયની તમામ શક્તિઓ 'કૌમુદી'માં કેન્દ્રિત થઈ હતી. 'ચેતન'માં પ્રકટ થયેલો વિવેચકીય નિષ્ઠાપૂત અવાજ 'કૌમુદી'માં વિકસિત થયો છે. વિવેચક વિજયરાયની ઓળખમાં 'કૌમુદી' નો ફાળો નાનોસૂનો નથી. વિવિધ વિષય પરના વિવેચન વિચારો, 'મનન' ની લાક્ષણિક નોંધ તેમજ અન્ય વિભાગોમાં પ્રકટ થતી એમની છટા નવા દૃષ્ટિ કોણને ઉપસાવવા ખપમાં લાગે છે.સમકાલીન ઘટનાઓ, પરપ્રાંતના સાહિત્યિક આંદોલનો, જુદા જુદા દેશ- પ્રદેશના સર્જન - ચિંતન અને સામયિકોની નોંધ જેટલા પ્રમાણમાં 'કૌમુદી'એ પ્રસિધ્ધ કરેલી એટલી સંખ્યામાં આવી ચર્ચા અન્ય સામયિકોમાં કયારેક પ્રસિધ્ધ થઈ નથી. જગત સાહિત્ય સાથે જોડી આપવાની 'કૌમુદી' ની ખેવના આપણા પત્રકારત્વમાં અપૂર્વ રહેવા સર્જાયેલી છે. એકપણ પાઈની મૂડી વિના શરૂ

થયેલાં આ સામયિકનું ૧૪ વર્ષ જેટલું આયુષ્ય સાહિત્ય પ્રત્યેની નિષ્ઠા અને ખેવનાના જીવંત ધબકારનો અનુભવ કરાવી રહે એવો છે. ૧૧ વર્ષ સુધી વિજયરાયે કરેલા સંપાદનમાં સત્યાગ્રહ આંદોલનની ઘટનાઓ પણ ચર્ચાયેલી છે. ચળવળ સંબંધી સર્જનો, વિચારો અને જુસ્સો પ્રેરતા લખાણોને વિજયરાયે યોગ્ય જગા આપી છે ત્યારે પણ 'કૌમુદી'નું સાહિત્યિક મૂલ્ય ઝંખવાતું નથી કારણકે એ ચર્ચાની સાથે સાહિત્યની ગતિવિધીઓનો ચિતાર જ કેન્દ્ર સ્થાને રહે છે. સર્વાંગિ શુધ્ધ સાહિત્ય, કળા અને વિવેચન ક્ષેત્રે મથનારા 'કૌમુદી'ના સંપાદક વિજયરાયને કૃ.મો.ઝવેરીએ 'વીઝનરી-સ્કિલાન્સર'[૬૪] યોગ્ય રીતે જ કહયાં છે.

— X —

સંદર્ભ :

૧ નીલમ અને પોખરાજ (૧૯૬૨) - વિ.ક.વૈદ્ય, પૃ.૬૯. ૨ વિનાયકની
આત્મકથા (૧૯૬૯) - વિ.ક.વૈદ્ય, પૃ.૧૩૦ ૩ નીલમ અને પોખરાજ-વિ.ક.વૈદ્ય,
પૃ. ૮૩ ૪ જુઓ : 'કૌમુદી', અંક: ૧, આષાઢ :૧૯૨૪ ૫ એજ ૬ એજ
૭ કૃ.મો.ઝવેરી (પરિષદ, ૧૧ મી સાહિત્ય પરિષદ લાઠી -૧૯૩૩નો હેવાલ)
પૃ.૬૬ ૮ હીરા અને પન્ના (૧૯૮૪) -વિ.ક.વૈદ્ય, પૃ.૧૮૯ ૯ કુમપર્ણ
(૧૯૮૨)- વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ,પૃ.૪ ૧૦ વિનાયકની આત્મકથા વિ.ક.વૈદ્ય.પૃ.૧૩૧
૧૧ નીલમ અને પોખરાન - વિ.ક.વૈદ્ય, પૃ.૮૫ ૧૨ વિનાયકની આત્મકથા
વિ.ક.વૈદ્ય,પૃ.૧૩૧ ૧૩ જુઓ: 'સમાલોચક' અંક:૧૨, પુ.૨૯ ૧૪ વિનાયકની
આત્મકથા- વિ.ક.વૈદ્ય, પૃ.૧૩૧ ૧૫ જુઓ: 'કૌમુદી' અંક:૧, કાર્તિક,૧૯૨૭
૧૬ વિનાયકની આત્મકથા - વિ.ક.વૈદ્ય, પૃ.૧૬૩ ૧૭ જુઓ: 'કૌમુદી' અંક:૧,

જુલાઈ,૧૯૩૩ ૧૮ નીલમ અને પોખરાજ- વિ.ક.વૈદ્ય,, પૃ.૮૩ ૧૯ વિવેચનની ક્ષણો (૧૯૮૭)- હરી-દ દવે, પૃ.૩૩ ૨૦ વિનાયકની આત્મકથા- વિ.ક.વૈદ્ય.પૃ-૧૧૪ ૨૧ દ્રુમપર્ણ - વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પૃ.૪ ૨૨ જુઓ: 'કૌમુદી', અંક-૧, કાર્તિક ૧૯૨૮ ૨૩ વિનાયકની આત્મકથા -વિ.ક.વૈદ્ય, પૃ-૧૩૬ ૨૪ જુઓ : 'કૌમુદી' અંક: ૩/૪ સપ્ટે-ઓકટો ૧૯૩૩ ૨૫ વિનાયકની આત્મકથા - વિ.ક.વૈદ્ય(બચુભાઈ રાવતના શબ્દો) પૃ.૨૨૦ ૨૬ શબ્દની શકિત - ઉમાશંકર જોશી, પૃ.૩૫ ૨૭ જુઓ: કૌમુદી, અંક:૩, માર્ચ -૧૯૩૩ નું ચર્ચાપત્ર, 'ગુજરાતી' અંક :૬/૩/૩૨ ૨૮ જુઓ: 'સાહિત્ય,અંક: ૬, જૂન ,૧૯૨૫ ૨૯ જુઓ: 'સાહિત્ય', અંક-૧૨,ડિસેમ્બર-૧૯૨૫ ૩૦ રમેશ શુકલ ( હીરા અને પન્ના -વિ.ક.વૈદ્ય) પૃ.૯ થી ૧૧ ૩૧ જુઓ: 'કૌમુદી'-પોષ-ચૈત્ર ,૧૯૨૫ ૩૨ વિનાયકની આત્મકથા - વિ.ક.વૈદ્ય-પૃ-૧૦૪ ૩૩ શબ્દસેતુ (૧૯૭૦)-રમણલાલ જોશી, પૃ.૯૯ ૩૪ વિનાયકની આત્મકથા- વિજયરાય વૈદ્ય-પૃ ૧૧૧ ૩૫ માણેક અને અકીક (૧૯૬૭)-વિ.ક.વૈદ્ય, પૃ.૧૫ ૩૬ જુઓ: 'કૌમુદી',અંક:૪, આષાઢ -૧૯૨૫ ૩૭ એજ ૩૮ જુઓ:'કૌમુદી', આશ્વિન અંક:૧, ૧૯૨૫ ૩૯ એજ ૪૦ જુઓ: 'કૌમુદી' અંક:૧, આશ્વિન, ૧૯૨૬ ૪૧ જુઓ: 'કૌમુદી' અંક:૧, કાર્તિક -પોષ, ૧૯૨૯ ૪૨ જુઓ : 'કૌમુદી', આશ્વિન, ૧૯૨૪ ૪૩ 'સાહિત્ય', અંક -૧, નવેમ્બર, ૧૯૨૪ ૪૪ જુઓ: 'કૌમુદી', અંક:૩, વૈશાખ - આષાઢ -૧૯૨૯ ૪૫ જુઓ : 'કૌમુદી', અંક-૬, ડિસેમ્બર-૧૯૩૪ ૪૬ જુઓ: 'કૌમુદી', અંક:૧ જાન્યુઆરી-૧૯૩૨ ૪૭ એજ ૪૮ જુઓ: 'કૌમુદી' , અંક:૫, નવેમ્બર-૧૯૩૨ ૪૯ જુઓ : 'સાહિત્યદર્શન' (૧૯૩૫) - વિ.ક.વૈદ્ય, પૃ-૨૫૨ થી ૭૩ ૫૦ જુઓ: વિનાયકની આત્મકથા- વિ.ક.વૈદ્ય, પૃ-૧૪૯ ૫૧ માણેક અને અકીક વિ.ક.વૈદ્ય. પૃ.૪૧ ૫૨ જુઓ: 'કૌમુદી', અંક:૧, કાર્તિક , ૧૯૨૭ ૫૩ જુઓ: 'કૌમુદી',

અંકઃ૨, ફેબ્રુઆરી-૧૯૩૦ <u>૫૪</u> જુઓ: 'કૌમુદી', અંક-૩/૪ શ્રાવણ-આશ્વિન, ૧૯૨૫ <u>૫૫</u> જુઓ: 'કૌમુદી', અંકઃ ૪/૫ , ઓકટો-નવેમ્બર-૧૯૩૧ <u>૫૬</u> હીરા અને પન્ના - વિ.ક.વૈદ્ય, પૃ.૨૩૪ <u>૫૭</u> જુઓ: 'માનસી', અંકઃ૧ , ૧૯૩૫ <u>૫૮</u> એજ <u>૫૯</u> જુઓ: 'કૌમુદી, અંકઃ૧, જુલાઈ -૧૯૩૫ <u>૬૦</u> વિનાયકની આત્મકથા વિ.ક.વૈદ્ય, પૃ. ૨૦૯ <u>૬૧</u> જુઓ: 'કૌમુદી', અંકઃ૪, એપ્રિલ - ૧૯૩૭ <u>૬૨</u> શબ્દની શકિત-ઉમાશંકર જોશી, પૃ.-૩૪ <u>૬૩</u> માણેક અને અકીક-વિ.ક. વૈદ્ય, પૃ-૫૧ <u>૬૪</u> નીલમ અને પોખરાજ - વિ.ક.વૈદ્ય, પૃ.૮૮.

## 'માનસી'

'નર્મદ પછી સાહિત્યસેવાનો પ્રખર ભેખ લીધો હોય તો તે વિજયરાયે. 'સરસ્વતીચંદ્ર' જેવા ગ્રંથને સમીક્ષાવા માટે સમીક્ષાનું સ્વતંત્ર સામયિક જોઈએ એવા નવલરામના સ્વપ્નને ચરિતાર્થ કર્યું સૌ પહેલું વિજયરાયે 'કૌમુદી' અને 'માનસી'થી.

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ( દ્રુમપર્ણ, પૃ ૪ )

•

વિજયરાય એ પછી ૧૯૬૨-૬૩માં સંસ્કાર પત્રિકા રોહિણી પણ કાઢી લીધેલી. ૧૯૬૮ નાં ડિસેમ્બરની ૩જી તારીખે આ લખાય છે. ત્યારે પણ ૭૨ માં વર્ષના આઠમાં મહિનામાં વિજયરાય કહે છે : 'માનશો? મને હજીપણ એક અનિયત કાલિનનાં દિવાસ્વપ્નો આવ્યા જ કરે છે.

(જુઓ: વિનાયકની કહાણી - વિ.ક. વૈદ્ય, પૃ ૧૦૪)

'માનસી'નાં : પ્રકાશનની લાક્ષણિક મુદ્દા :-

'કૌમુદી' હાથમાંથી ગયા પછી વિજયરાયે એ જ વર્ષમાં (૧૯૩૫) ત્રૈમાસિક 'માનસી' શરૂ કર્યું. સામયિકની વ્યવસ્થા બાબતે આકાશીવૃત્તિના વિજયરાયને મુનશીએ વાતવાતમાં એકવાર કહેલું કે : ''યુ એન્ડ ઈન્દુલાલ સીમ ટુ હેવ એ જીનીયસ ફોર સ્ટાર્વીંગ''(૧) કોઈ સધ્ધર સાહિત્યસંસ્થાની મદદ વિના અને મૂડી રોકાણની વ્યવસ્થા વિના ''કૌમુદી'' ના કટુ અનુભવ પછી પણ વિજયરાય 'માનસી' આરંભે છે એમાં વિજયરાયનો પત્રકારત્વ પ્રત્યેનો લગાવ કારણભૂત છે.

''માનસી'' ધ્વારા 'કૌમુદી'ની પરંપરાને વિજયરાયે આગળ લઈ જવાનું તાકયું અને સર્જનાત્મક તથા શાસ્ત્રીય લખાણોને પ્રકટ કરવાની તેણે નેમ સેવી. 'માનસી' ની યોજના જાહેર કરતી વખતે જ વિજયરાય 'કૌમુદી' ના શરૂઆતના દાયકાને યાદ કરીને ગુજરાતમાં ત્રૈમાસિકની જરૂરિયાત દર્શાવે છે. તેઓ નોંધે છે કે : ''માનસી' એટલે સકલ મનોવ્યાપારનો આવિર્ભાવ : જેની સેવામાં સમર્પિત છે તે દેવી સરસ્વતી. ગ્રંથલેખકોથી માંડીને દૈનિક વર્તમાનપત્રોના લેખન સુધીના જે વિવિધ પ્રકારો સરસ્વતી સેવાના છે તેમાંના ત્રૈમાસિક લેખનપ્રકારને હાલના આપણા દેશકાળમાં કેટલીક રીતે ઉત્કૃષ્ટ પ્રકાર કહી શકાય એમ લાગે છે.''(૨) અહીં વિજયરાય 'માનસી' માં સુંદર સર્જન અને ગહન ચિંતન ધ્વારા ગુજરાતી સાહિત્યની પ્રતિભાઓને ઉજાળવાની મથામણો કંઈક રંગદર્શી વિચારમાં મૂકી આપે છે. ઊંચી કદમાં પ્રકાશિત કરેલા 'માનસી'નું લવાજમ પાંચ રુપિયા રાખવામાં આવેલુ. જે પછીનાં વર્ષોમાં છ રૂપિયા સુધી પહોંચેલુ. યોજના ઘડતી વખતે જ વિજયરાય 'માનસી' નાં રૂપરંગ સુઘડ રાખવાનો, એકે ચિત્ર નહીં આપવાની તેમજ પૃષ્ઠસંખ્યા બાબતે 'સુદિના આ ચંદ્રમાં જેવા નિ વર્ધમાન ૧૫૦, ૧૭૫, ૨૦૦....''(૩) એમ વધારતા જવાનું નોંધે છે. પરંતુ 'માનસી'નો પ્રથમ અંક જ ૨૪૦ પૃષ્ઠો અને બીજો અંક ૨૫૨ પૃષ્ઠો ધરાવતો હતો. જોકે આર્થિક સંકડામણના ગાળામાં અંકોની પૃષ્ઠસંખ્યા નાછૂટકે ૧૦૦ થી ૧૨૦ સુધી નીચે લઈ

૧.

જવી પડેલી. સર્જન અને ચિંતન વિષયક સામગ્રી આપવાનું સાહસ આમ, 'માનસી'માં આરંભાયું. 'કૌમુદી' નું અનોખું ચિત્ર 'માનસી'માં વિશેષ નિરાળુ બની શક્યું છે કે કેમ એ જોવાનું રસપ્રદ છે.

''માનસી''ની લેખનસામગ્રી ::-

૧. કવિતા : કાવ્યપ્રસિધ્ધિનું કોઈ ધોરણ 'માનસી' માં જોવા મળતું નથી. કોઈવાર કાવ્યોનો સમૂળગો છેદ ઉડાવનારા વિજયરાય માર્ચ - જૂન ૧૯૪૭ ના અંકમાં ૧૯ જેટલાં કાવ્યો પ્રસિધ્ધ કરે છે ! ૧૯૩૮ થી કાવ્યોનું પ્રકાશન 'માનસી' એ કોઈપણ કારણ વિના જ બંધ કરેલું. માર્ચ - ૧૯૪૪ થી ફરી કાવ્ય પ્રકાશનનો આરંભ થયો. 'માનસી'માં 'સુન્દરમ્', પૂંજાલાલ, ઈંદુલાલ ગાંધી, મુકુંદરાય પારાશર્ય, દેશળજી પરમાર, પૂજારામ રાવળ મુખ્ય કવિઓ રહ્યાં છે. એમની નોંધપાત્ર કૃતિઓ માનસી'માં પ્રકટ થયેલી જોઈ શકાય છે. ઠાકોરની વિશ્વવિગ્રહ કાવ્યમાલા, ઉમાશંકરનું દીર્ઘ કાવ્ય 'રતિમદન', હરિશચંદ ભટ્ટના 'શેલીને', રાઈનર મારિયા રિલ્કેને', 'મરણોન્મુખ બોદલેરને' જેવાં 'કવિ વિશેષ કાવ્યો' પણ નોંધનીય છે. અહીં પ્રસિધ્ધ કવિઓ હાજરી પુરાવે છે ખરાં પરંતુ એમની કાવ્યસંખ્યા એક-બેથી વધતી નથી. એ સમયના નવોદિત કવિ હરીન્દ દવેના ગીતોને 'માનસી' એ પ્રસિધ્ધ કર્યાં હતા. હરીન્દ દવેએ નોંધ્યું છે કે : ''દસમા ધોરણમાં ભણતો હતો, ત્યારે એ વેળાની કાચી કૃતિઓ વાંચી સંપાદકે એમાંની એક 'માનસી' માટે પસંદ કરી હતી. તેનાથી હું દ્રવી ઉઠયો હતો પછી તો 'માનસી'નો એ અંક તૈયાર થયો કે નહીં એ જાણવા આનંદ પ્રેસના જે ધક્કા ખાધા હતા ! (૪) નવા સર્જકોને વિજયરાય કેટલા મુકતમને સ્વીકારી શકતા હતા એનો અણસાર આમાંથી મળી રહે છે. અન્ય નવોદિતોની એક - બે થી વધુ રચનાઓ મળતી નથી. સોમનાથ જયોતિર્લિંગના પ્રતિષ્ઠા ઉત્સવ ટાણે જયન્તકૃષ્ણ દવે એ રચેલું પ્રશસ્તિ સ્તોત્ર વિજયરાય ના મમત્વથી ગુજરાતી અનુવાદ સાથે 'માનસી'માં પ્રકાશિત થયેલું. જ્યારે ફ્રાંસીઝ થોમ્પસનના અંગ્રેજી કાવ્ય 'ધ હાઉન્ડ ઓફ હેવન' નો સુન્દરમે કરેલો અનુવાદ પણ પ્રકટ

થયેલો. આ અનુવાદો કાવ્યસર્જનના નવોન્મેષને ઝીલવાના પ્રયત્નો કરતાં કાવ્યોને બદલે ચિંતનાત્મક ધારાનો અનુભવ કરાવતી રચનાઓના વિશેષ લાગે છે. 'માનસી'ની'સર્જન અને ચિંતનનું ત્રૈમાસિક' એવી ઓળખ જાણે કે એ ઉપસાવી આપે છે.

૨. વાર્તા : અહીં પ્રકટ થયેલી વાર્તાઓનું પ્રમાણ કાવ્યવિભાગ કરતાં વધુ કંગાળ છે. એમાંની અરધા ઉપરાંતની વાર્તાઓ અનુવાદિત છે.ટોલ્સ્ટોય પુશ્કિન, પર્લ બક જેવાં વાર્તાકારોના અનુવાદ સામે ગુજરાતીની બે-ત્રણથી વધુ મૌલિક રચનાઓ જોવા મળતી નથી. ઝવેરચંદ મેઘાણી 'માનસી' માં 'છતી જીભે મૂંગા' વાર્તા આપ્યા પછી કયારેય જોવા મળતા નથી. 'સુન્દરમ્' ની 'જીવનની તરસ', ઉમાશંકરનો 'રાહો' નામની વર્તા કિસનસિંહ ચાવડાની 'આત્માનો વધ', ગુલાબદાસ બ્રોકરની 'આગલી રાત્રે' અને 'એ આખી વાત' તથા ર.વ.દેસાઈની 'ઝેરનો કટોરો' માનસીની નોંધપાત્ર વાર્તાસૃષ્ટિ ગણાય.

'માનસી'નો ડિસેમ્બર – ૪૨ નો અંક વિશિષ્ટ એ કારણે હતો કે એ આખો અંક જ્હૉન સ્ટાઈનબેકની લાંબીવાર્તા 'ધ મુન ઈઝ ડાઉન'નો જયંતકુમાર ભટ્ટ ના અનુવાદને પ્રકટ કરનારો હતો. આમ, જ્હૉન સ્ટાઈનબેકની ઉત્તમ રચના વાચકોને 'માનસી' અંકમાં પ્રાપ્ત થાય છે. મોહનભાઈ પટેલ અને સુરેશ જોષી દ્વારા ઋગ્વેદકાલીન ધારાવાહી કથા 'ઈન્દ્રના આશ્રયે' માર્ચ – ૧૯૪૮ થી પ્રકટ થઈ હતી. આર્યોના સાહસ – કુટુંબપ્રેમની આ કથા એ સમયમાં વાચકોને પ્રિય થઈ પડેલી.

૩. નાટક, હળવા નિબંધો અને પ્રવાસ :

નાટકના પ્રકાશનમાં ઉમાશંકરના 'બારણે ટકોરા' જેવા નોંધપાત્ર એકાંકીને પ્રકટ કરવાનું કોય 'માનસી' લઈ જાય છે. ઉમાશંકરે 'ઉત્તરરામચરિત'ના કેટલાક અંકોનો અનુવાદ પણ 'માનસી'માં પ્રકટ કરેલો. આ સિવાય ગોવિંદભાઈ અમીનનું 'વાર્તા', ઈન્દુલાલ ગાંધીનું 'સર્વનાશ' અને 'અમે બધા' નવલકથા પરથી ધનસુખલાલ મહેતાએ કરેલા નાટ્યરૂપાંતરો ધ્યાનાર્હ છે. એ

ઉપરાંત, સ્વીડીશ નાટ્યકાર ઓગષ્ટ સ્ટ્રિંડબર્ગ, યુજીન ઓ'નીલ, લોર્ડ ડનસાની જેવા પાશ્ચાત્ય સર્જકોની નાટ્યકૃતિઓના અનુવાદો પણ પ્રકટ થયા છે. 'વિનોદકાંત' નામે હળવી શૈલીના લેખો લખીને સાહિત્યરસિકોનું ધ્યાન ખેંચનારા વિજયરાયે 'માનસી'માં કેટલાક નિબંધો લખેલા છે. જ્યેન્દ્ર દૂરકાળ અને ભગવત રામચંન્દ્ર ભટ્ટના રમૂજ પ્રસરાવતા નિબંધો પણ ધ્યાન ખેંચે છે. પ્રવાસવર્ણનો નોંધપાત્ર સંખ્યામાં અહીં પ્રાપ્ત થાય છે. 'દક્ષિણાયન'ના પ્રવાસ વર્ણનનો 'કન્યાકુમારી' નામે મણકો, હીરાલાલ ગોદીવાળાના 'ગંગાજીને પુણ્ય પગલે' નામનો પ્રવાસ, ભદ્રમુખ ક. વૈદ્યનો 'ઈસ્ટવર્ડ હો !' નામે અમેરિકા પ્રવાસ તથા રમણ મહર્ષિના અરુણાચલની યાત્રાનાં સ્મરણોને પ્રકાશિત કરીને વિજયરાયે અલ્પવિકસ્યા પ્રવાસ સાહિત્યને પ્રકટ કરવાની મહેચ્છા સંતોષી હતી.

૪. <u>લેખ</u> : 'કૌમુદી'ની જેમ 'માનસી'માં પ્રકાશિત લેખસામગ્રી 'માનસી'ના સ્વરૂપને ચરિતાર્થ કરવામાં ઉપયોગી બને છે. જો કે અહીં 'કૌમુદી'માંના ખાસ લેખકો વિશેષ સક્રિય જણાતા નથી. વિશ્વનાથ ભટ્ટ 'નંદશંકરની નવલકથા', 'વિવેચનનો આદર્શ' અને 'વિવેચકની સર્જકતા' જેવા મહત્વના ત્રણ લેખો જ આપે છે. ડોલરરાય માંકડ છેક ૧૯૪૦માં દેખા દે છે. 'પ્રકૃતિ-કાવ્યો' તથા 'ઋગ્વેદકાળના જીવન અને સંસ્કૃતિ' ની ગુણદર્શી સમાલોચના એમણે આપી છે. સુંદરમ્, બળવંતરાય ઠાકોરના છપ્પમાં વર્ષે ઠાકોરની વિચારણા, સર્જકતા અને જીવનદર્શન વિશેનો એકાદ લેખ આપી એમના પોંડેચેરી જીવનમાં ગૂંથાય છે. અહીં અંબાલાલ પુરાણી, વિષ્ણુપ્રસાદ, ધનસુખલાલ, દુર્ગાશંકર શાસ્ત્રી જેવાં લેખકો વિવિધ લેખો ધ્વારા સાહિત્ય સતર્કતાનો પરિચય એકથી વધુ વાર આપતા રહયાં છે. વિષ્ણુપ્રસાદ ધ્વિવેદીએ એકથી વધુ વાર પુસ્તક સમીક્ષાઓ આપીને તેમજ 'ગોવર્ધનની શૈલી' નામનો લેખ લખીને વિવેચન પ્રતિભાનો આલેખ આપ્યો છે. અંબાલાલ પુરાણીએ 'કૌમુદી'માં લખેલાં 'મણિલાલ ચરિત્રની સામગ્રી' લેખનું અનુસંધાન અહીં જોડાય છે. તેમના

અન્ય લેખોમાં 'એશિયાખંડની કલા', 'સમૂળી ક્રાંતિ' એક અવલોકન' મહત્વના છે. ધનસુખલાલ અહીં 'નૃત્ય, અભિનય કલા-રંગભૂમિ' જેવો દીર્ઘ અભ્યાસ લેખ આપે છે. એમાં ધંધાદારી રંગભૂમિ, નાટકનું સંગીત એમેટર્સની અપાત્રતા, શિષ્ટ નાટકોની ભજવણી જેવા અનેક મુદ્દાઓને આવરી લેવાયા છે. દુર્ગાશંકર શાસ્ત્રી એ ઈતિહાસ સબંધી નોંધપાત્ર લેખો 'માનસી'માં લખ્યાં છે પરંતુ એમની મહત્વની સેવા તો 'એક સરસ્વતી ભક્તના સાક્ષારજીવનનાં સ્મરણો' નામે આત્મકથનાત્મક લેખની છે. ઈતિહાસ વિષયના સંશોધકને માર્ગદર્શક બને એ પ્રયોજનથી એમણે એ અભ્યાસક્ષેત્રનો વિગતે પરિચય આપ્યો છે. આ સિવાય કે.કા.શાસ્ત્રીના જોડણી વિષયક ચર્ચાના લેખો, બટુભાઈ ઉમરવાડિયાનો 'જુનું ગુજરાતી સાહિત્ય' લેખ, અનંતરાય રાવળનો 'યુધ્ધ સમયની કવિતા', જયોતીન્દ્ર દવે ના 'નવલરામ : કવિ અને નાટયકાર' જેવા લેખો ધ્યાન ખેંચે છે. ભાઈલાલ કોઠારીનો ઉપેક્ષા પામતાં અને વિવેચકોની નજરમાંથી છટકી જતાં પુસ્તકો વિશેનો મહત્વનો લેખ 'ભુલાઈ જતાં સ્વજનો' તેમજ 'વેદાંતી કવિ અખો' એ લેખ વિષયના મર્મ સુધી પહોંચવામાં સફળ બને છે. 'સાહિત્યક્ષેત્રના બ્રાહ્મણ' લેખમાં વિશ્વનાથ ભટ્ટના 'વિવેચક પણ સર્જક છે' વિવાદને સમર્થતાથી આગળ લઈ જવાનો પરિશ્રમ ભાઈલાલ કોઠારી કરતાં જણાય છે. 'કૌમુદી' ધ્વારા જાણીતાં થયેલા સુરેશ દીક્ષિતના 'ભોજો ભક્ત' અને 'પદ્મનાભ : કાન્હડદે પ્રબંધ' જેવા અભ્યાસ લેખો પણ અહીં જોવા મળે છે તો ગિરિન ઝવેરી જેવા નવોદિત અભ્યાસીનો 'ટી.એસ.એલિયેટ' અને તેની કવિતા' લેખ 'માનસી'માં પ્રસિધ્ધ થયેલો. ઠાકોરભાઈ નાયક, રામચંદ્ર આઠવલે, રમણલાલ ભટ્ટ, જગદીશ દવે જેવા અનેક નવા અભ્યાસીઓ 'માનસી' માં દેખા દે છે.

'માનસી'ની એક વિશિષ્ટતા એ પણ છે કે ખ્યાત સર્જકોનાં સંસ્મરણો અન્ય વ્યકિતઓ ધ્વારા મેળવીને કે સર્જકો પાસે ખાસ લખાવીને એણે પ્રકટ કર્યા છે. આ રીતે કૃ. મો. ઝવેરીનાં સંસ્મરણો, લલ્લુભાઈ શામળદાસના જીવનચરિત્ર ને આલેખતી ધનસુખલાલની લેખમાળા તેમજ ધનસુખલાલની આત્મકથા 'આથમતે-

અજવાળે' – જૂન ૧૯૪૨ થી 'માનસી'માં આરંભાયેલી (સંજોગોવશાત એ આગળ ચાલી નથી.) બટુભાઈ ઉમરવાડિયા અને ધનસુખલાલ વિશેના, નરસિંહરાવ અને ઠાકોર પર લખાયેલા સંસ્મરણ લેખો 'માનસી'ની વિશિષ્ટતા છે. ગુજરાતી કેળવણીના ઈતિહાસનો મહત્વની સામગ્રીરૂપ ટી.સી. હોપના ત્રીસેક જેટલા પત્રો કૃ.મો. ઝવેરી ધ્વારા સંપાદિત થઈને 'માનસી' માં પ્રસિધ્ધ થયેલા. અંગ્રેજી પત્રોની સામે તેમના ગુજરાતી અનુવાદો પણ પ્રકાશિત કરોને એ સમયગાળાની કેળવણી વિષાયક વિચારણા અને ગુજરાતની સાંસ્કૃતિક ભૂમિકાને મૂકી આપવાનો પ્રયત્ન કરેલો. સાહિત્ય પરિષદો, અધ્યાપક સંઘનાં સંમેલનો તેમજ મરાઠી, સંસ્કૃત સાહિત્ય સંમેલનોની કાર્યપ્રવૃત્તિને ચીંધતા લેખો 'માનસી'એ પ્રકટ કર્યા છે. પરપ્રાંતના સાહિત્યનો પરિચય કરાવવાની 'કૌમુદી' પરંપરા 'માનસી'માં સુપેરે જળવાયેલી છે. મનોહર રામચંદ્ર પાળંદેનો 'અર્વાચીન મરાઠી વાઙ્મયનો અલ્પ પરિચય' લેખ નમૂનારૂપ છે. આ દીર્ઘલેખ ત્રણ અંકોમાં પ્રકાશિત થયો છે. લેખના અંતે લેખક વિજયરાયનો ઋણસ્વીકાર કરે છે તેમાં વિજયરાયની સંપાદનરીતિનો પરિચય મળે છે.તેઓએ લખ્યું છે કે : ''હું ગુજરાતી સારી રીતે લખી શકતો નથી તેથી લેખ પહેલાં મરાઠીમાં લખાયો અને પછી આ ત્રૈમાસિકના વિધ્વાન તંત્રીની અમૂલ્ય સહાયથી તેને ગુજરાતી સ્વરૂપ પ્રાપ્ત થયું છે. વિજયરાયે આ કામમાં અંગત અને આગ્રહભર્યો રસ નહી લીધો હોત અને પોતાનો કીમતી વખત અને શ્રમ તેને માટે નહિ આપ્યા હોત તો મેં મૂળ લેખ જ લખ્યો ન હોત''(૫) આ રીતે નારાયણ જોશી, નીલકંઠ સાળકર જેવા પરપ્રાંતી સર્જકોને વિજયરાયે 'માનસી' માં સ્થાન આપ્યુ. ખબરદાર અને જહાંગીર એદલજી સંજાના જેવા વિધ્વાનોનાં યુનિવર્સિટી વ્યાખ્યાનો 'માનસી'માં પ્રસિધ્ધ થયાં હતાં. અભ્યાસશીલ લખાણોને ગમે તેવા સંજોગોમાં પણ યોગ્યન્યાય આપવાનું વિજયરાયનું ધ્યેય હતું. સંજાનાનાં 'ગુજરાતની સંસ્કૃતિ અને નર્મદ વિશેના વ્યાખ્યાનો' 'માનસી'નાં ૨૫ પૃષ્ઠો રોકે છે તો એજ લેખકના 'ક્લાન્તકવિ' નું લાંબુ અવલોકન વિજયરાયે 'માનસી'ની પૂર્તિરૂપે એક આખી પુસ્તીકામાં આપ્યુ છે.

અહીં અન્ય કેટલાક નોંધપાત્ર લેખોની ચર્ચા પણ કરવી જોઈએ. 'માનસી'માં બ. ક. ઠાકોરે 'નવલરામની ગદ્યભાવના', પરિભાષાને મોટે નામે પણ' જેવા ધ્યાનાર્હ લેખો લખ્યાં છે. ઠાકોરના અવસાન પછી 'સાહેબરામ - આદિકૃત્ય' નામે પુસ્તક પ્રકાશનનો પત્રરૂપ ઈતિહાસ વિજયરાયે 'માનસી' માં પ્રકાશિત કરેલો જેમાં ઠાકોરે લાભશંકર ભટ્ટ પર લખેલા ૩૬ પત્રો છે. આ પત્રો રચના અને પ્રસિધ્ધિ વિશેના ઠાકોરના અભિગમને ખુલ્લો કરી આપે છે. રણજીતરામ મહેતાનો મરણોત્તર પ્રકાશિત લેખ 'ઈસુનું વર્ષ ૧૯૧૩. સિંહાવલોકન' 'માનસી'માં પ્રથમવાર પ્રકટ થાય છે ત્યારે એ લેખમાં ખૂટતી નોંધ, ઉમેરા અને ટીપથી જોડી આપે છે. લેખને સંપૂર્ણ બનાવવા વિજયરાયે કરેલો પરિશ્રમ એમના અભ્યાસી માનસનો પરિચય આપે છે.

૧૮૯૫ના 'આર્યધર્મ પ્રકાશ' માં પ્રસિધ્ધ થયેલો કાન્તનો લેખ 'સંપત્તિ અને વિપત્તિ ઉપર વિચાર' 'માનસી'માં પુર્નમુદ્રિત થયો છે. આ લેખ કવિના જીવનવૈષમ્ય અંગેના કાવ્યો તથા ઉત્તરવયનો સત્યધર્મ શોધની રચનાઓ વચ્ચે અંકોડારૂપ બને એવો સ્મરણીય છે.

o વિજયરાયના લખાણો ::-

વિજયરાયના સ્વતંત્ર લેખોમાં મુખ્યત્વે ચિંતનાત્મક વલણ દર્શાવતાં લખાણો તેમજ સદ્ગત લેખકોને અંજલિ આપતાં લખાણો છે. પોલ બર્ન જેવા કથાલેખક સાથે લેખકની મુલાકાતના અંશો, સ્પેનિશ રંગભૂમિનો સ્રષ્ટા 'લોપે ડી વેગા', મોરિસ મેટર લિંક' તેમજ નરસિંહરાવ, ધનસુખલાલ, અંબાલાલના સંસ્મરણોને આલેખ્યા છે. વિજયરાય અહીં 'સ્વાધીનોની પરાધીનતા લેખમાં દેશના ભાગલાની ઘટનાનું અવલોકન આપીને દેશની પુનર્ઘટના, સામાજિક, આર્થિક અને રાજકીય બાબતે સ્વાધીન થવાની જરુરિયાત પર ભાર મૂકે છે. સ્વાતંત્ર્ય પર્વે પૂર્ણયોગની જીવનદૃષ્ટિ વિશે રાષ્ટ્ર, વ્યકિત અને રાષ્ટ્રજીવન વિશે

વિચારણા કરતો લેખ પણ મહત્વનો બને છે. વિજયરાયે સમયાંતરે મહત્વની કૃતિઓનાં અવલોકનો પણ કરેલા છે. 'હિંદુધર્મતત્વ' જેવા વિચારલેખો અને છૂટક નોંધના લખાણો આપણને ઉત્તરનર્મદની યાદ અપાવી રહે એવાં છે. 'માનસી'ના પ્રારંભ પછી તેઓ અરવિંદદર્શન તરફ વળ્યાં હતા. જેના પ્રભાવે 'માનસી'માં અરવિંદના ઠીકઠીક લખાણો પ્રાપ્ત થાય છે. પોંડેચેરી આશ્રમ પ્રવૃત્તિ, પૂર્ણયોગ અને સાધકોની અનુભૂતિ વિષાયક માહિતીથી પાછળના અંકો ભરાયેલા છે. આમ, સર્જનની સાથે ચિંતનના સામયિક તરીકે 'માનસી' ની મુદ્રા પાછલાં વર્ષોમાં વધુ ઘેરી બનેલી છે. સર્જનમાં તેમ લેખસામગ્રીમાં ઈશ્વરતત્વ વિશેની, ધાર્મિક ગ્રંથો, ભારતીય સંસ્કૃતિ અને માનવજીવનની વિચારણા કરતા લેખો મળે છે અને એમાં રહેલો અરવિંદપ્રભાવ ઉપર તરી આવે છે. વિજયરાય અહીં કંઈક થાકેલા પણ જણાય છે. વિદ્રોહ અને તોડફોડ-ભર્યા વિવાદો કરવાનું 'માનસી'માં શકય બને ત્યાંસુધી એમણે ટાળ્યું છે. જરુરી લાગતા વિષયોમાં વિજયરાયે આકરા બનીને લખ્યું છે ખરું પરંતુ ઉહાપોહ સર્જવાનું કે વિદ્રોહી વલણને સામે ચાલીને અપનાવ્યુ હોય એવું 'માનસી'માં બહુ નહીં દેખાય. વિજયરાય કેફિયત આપતાં લખે છે કે ''મારી કલમ આગના અક્ષારે લખતી ૧૯૨૪ - ૧૯૩૫ ના અગિયારકામાં, હવે તો એવો પ્રસંગ હોય ત્યારે પણ પહેલી જાણે બરફના પાણીમાં બોળાય છે ને પછી આગળ ચાલે છે. શા માટે ? આટલા માટે : 'તમારો રીતે લખવું તો કયારે પોસાય કે તમારો પાસે બે લાખનું ફંડ હોય તે તમે તમારા સ્વતંત્ર મત પ્રમાણિકપણે દર્શાવો તેથી તમને કોઈ જાતનો વાંધો ન આવે' એ સાચા શુભેચ્છક (કૃષ્ણલાલ ઝવેરી) ની સલાહને મેં અમલમાં મુકવા માંડી છે. ત્રણેક વરસથી, પરિણામે તમારા ગુજરાતી સાહિત્યને આવશ્યક એવી એટલા ભાગની સ્વતંત્રતા દુનિયામાંથી ઘટી હશે પણ મારા તો હૈયામાં ને ઘરમાં શાંતિ પહેલાના પ્રમાણમાં ઘણી ફેલાઈ છે. કબૂલ છે કે એ કબરની શાંતિ હશે અને કબૂલ છે કે મને એ ગમતી નથી પણ બે લાખનું પેલુ ફંડ મળે તેની જ વાટ જોઈ રહયો છું''[(૬)]

સાહિત્ય પ્રત્યે અખૂટ નિષ્ઠા ધરાવતા વિજયરાયના હાથમાં ગુજરાતે કદી બે લાખ મૂડી આપ્યા નહી. જે વાત ગુજરાત કે અન્ય પ્રાંતોમાં આજે પણ અશકયવત્ લાગે છે એવા આ અભિલાષાને ત્યારે તો કોણ પૂરો કરે ?

અન્ય વિભાગો ::-

'માનસી'ના પ્રથમ અંકથી ધ્યાનમંત્ર વિભાગ શરુ થયેલો. જેમાં સ્તોત્રો, ઉપનિષદોમાંથી ઉધ્દૃહણો અને સાંપ્રત સર્જકોના ચિંતનાત્મક વિચારો એક પાનામાં પ્રસિધ્ધ થતાં. 'પત્રકારની સૃષ્ટિમાં' વિભાગ પાશ્ચાત્ય દેશોના અને ભારતીય પત્રકારોના પત્રકારત્વ સબંધી વિચારો રજૂ કરતો. માર્ચ - ૧૯૩૮થી ધ્યાનમંત્ર અને પત્રકારની સૃષ્ટિમાં વિભાગ બંધ કરીને પ્રથમ પાને 'સરસ્વતી - કંઠાભરણ' વિભાગ શરૂ કરાયો હતો. આ વિભાગમાં જગત સાહિત્યના ગ્રંથોમાંથી અવતરણો મુકાતા હતા.

'નિકષ', બસો પાંચસો શબ્દોમાં, હજારેક શબ્દોમાં જેવા વિભાગો હેઠળ સમકાલીન પુસ્તકોની સમીક્ષા કરાઈ છે. નિકષ વિભાગમાં વિજયરાય ઉપરાંત અનંતરાય રાવળ, ધનસુખલાલ મહેતા, વિશ્વનાથ ભટ્ટ આદિનાં અવલોકનો પણ પ્રકટ થતાં. 'બસો-પાંચસો શબ્દોમાં' અને હજારેક શબ્દોમાં' નોંધપાત્ર પુસ્તકોની વિગતે ચર્ચા વિજયરાયના હાથે થયેલી છે. ''પરિચાયિકા' નવા ગ્રંથોનો ટૂંકો પરિચય આપતો વિભાગ હતો. આમાંથી કેટલાંક પુસ્તકોનાં વિગતે અવલોકન પણ થતાં. 'સર્વ શિક્ષિતો માટે', 'વિશેષજ્ઞો માટે', વિદ્યાર્થીઓ અને બાળકો માટે' એવા ઉપવિભાગો યોજીને પુસ્તકોની આસ્વાદલક્ષી સમીક્ષાઓ પ્રાપ્ત થયેલી છે. પુસ્તક પરિચય કરતાં એના વિશેનો અભિપ્રાય આવી નોંધમાં વધુ પ્રાધાન્ય ભોગવતો. આ વિભાગનું બદલાયેલું શીર્ષક 'મિતાક્ષરી મતદર્શન' એથી વધુ યોગ્ય લાગે છે. સામયિકોના અંકોની વિશેષતા ચિંધતી નોંધ 'સહયોગીઓ' વિભાગમાં પ્રસિધ્ધ થતી. આ ચર્ચામાં ગુજરાતી સામયિકો સાથે હિન્દી - અંગ્રેજી સામયિકોની ચર્ચા પણ થયેલી છે. 'મંજૂષા' વિભાગ પ્રાસંગિક વિષયોની ચર્ચા મૂકી આપે છે. એમાં બધા મુખ્ય વિષયોનું

પ્રતિનિધિત્વ રહેતું અન્યત્ર વાચકોને સુલભ નહીં એવા વિચારો અને માહિતી એકત્ર કરી આપવાનો આ પ્રયાસ નોંધપાત્ર છે. 'ગ્રંથસ્થ ચિંતન' વિભાગમાં જુદા જુદા વિષયનાં ખ્યાત પુસ્તકોમાંથી અંશો આપવાનો અભિગમ રહેલો જણાય છે. એક બાજુએ ન્હાનાલાલ તો બીજી બાજુએ જ્યોર્જ ઈ. રસેલ, એચ.જી. વેલ્સ જેવા ખ્યાત સર્જકોના સર્જન અંશોને મુકાયા છે. 'નવા ભારતીય ગ્રંથો'માં નોંધપાત્ર ભારતીય પુસ્તકોનો પરિચય નોંધ અપાઈ છે 'નવા યુરોપી ગ્રંથો'માં યુરોપમાં પ્રસિધ્ધ થયેલા પુસ્તકોનો પરિચય અપાતો રહેલો. 'બે જમાના પહેલાં' વિભાગની વિશિષ્ટતા એ છે કે આ વિભાગમાં ૫૦ થી ૬૦ વર્ષ પરના દુર્લભ ગુજરાતી પત્રોમાંથી નાની - મોટી કંડિકાઓ એકાંતરે અંકે અપાયેલી છે. આ કારણે એ સમયનાં જનજીવન, પત્રકારત્વ અને ભાષાને વાચકો નજીકથી જાણી શકે છે. આ વિભાગને પાછળના વર્ષોમાં 'જૂનું સોનુ' નામે પરિવર્તિત કરાયો હતો. જેમાં અલભ્ય પુસ્તકોના અંશો પણ નોંધાયેલા છે. 'પ્રાપ્તિ-સ્વીકાર' નોંધમાં 'માનસી' ને મળતાં પુસ્તકો - પત્રિકાઓની વિજયરાયે સમુચિત નોંધ લીધી છે. આગામી અંકે આ પુસ્તકોમાંથી થનારી સમીક્ષાઓનું સૂચન કરવાનું પણ તેઓ ચૂકયા નથી. આમ, જોઈ શકાશે કે સાહિત્યિક પત્રકારત્વને વૈવિધ્યપૂર્ણ અને વ્યાપક ભૂમિકાએ, મહેનતપૂર્વક, નિષ્ઠાથી ને પોતાની લાક્ષણિક દૃષ્ટિએ એમણે મૂકી આપ્યું છે.

☞ <u>ચર્ચાપત્રો</u> :- ચર્ચાપત્ર વિભાગને વિજયરાયે 'ફૂલ ઓર પથ્થર' જેવું નામ આપ્યુ હતું. વિભાગને આવુ શીર્ષક વિજયરાય એટલા માટે આપે છે કે '' જેમ સાત્વિકચર્ચાનાં ફૂલ ચર્ચાપત્રીઓ વેરશે તેમ રાજસી ચર્ચાના પથરા પણ ફેંકશે''(૭) પરંતુ વિજયરાય એવી આશા સેવે છે કે ચર્ચાપત્રીઓ બને ત્યાંસુધી પહેલાં વર્ગમાં ગણાવાનો જ લોભ કેળવશે. આ વિભાગમાં સિધ્ધાંત વિષયક, લેખોની ત્રુટીઓ, નોંધમાં છુપાયેલી કલહવૃત્તિ અને 'માનસી'માં પ્રકટ થયેલા વિશિષ્ટ મત-મતાંતરોની લંબાણથી ચર્ચા કરે છે. આ વિભાગમાં વિશ્વનાથ ભટ્ટ, ડોલરરાય માંકડ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ભોગીલાલ સાંડેસરા, જહાંગીર સંજાના અને ઉમાશંકર જોશીએ પત્રરૂપે કરેલા વિવાદો ધ્યાન ખેંચે છે. 'વિવેચન

પણ સર્જન છે' એ વિધાનને 'માનસી'ના લેખમાં મૂકી આપનારા વિશ્વનાથ ભટ્ટ સામે અનેક વિધ્વાનોએ ચર્ચાની માંડણી કરી હતી. 'કૂલાન્ત કવિ કે કલાન્ત કવિ' ? વિષાયે જહાંગીર સંજાના અને ઉમાશંકર જોશીનો વિવાદ 'માનસી'ના ઘણાં અંકો સુધી ચાલ્યો હતો. 'વાસરિકા' વિભાગમાં વિજયરાયે સાંપ્રત સાહિત્યિક ઘટનાયોની, અવનવાં પુસ્તકોની ચર્ચાઓ કરેલી છે. આ ઉપરાંત દેશપરદેશના સાહિત્ય અને સાહિત્યકારો વિશે શતાબ્દિઓ, જયંતિઓ અને અવસાન નોંધ આમાં સમાવાઇ છે. ગુજરાતના સીમિત વર્તુળમાં જ રહેવાના બદલે વિજયરાયની જાગરુક દૃષ્ટિ વિશ્વસાહિત્યના વહેણો સુધી પહોંચે છે. આ વિભાગની એ વિશિષ્ટ બાજુ છે.

## ધ્વનિ :-

''કૌમુદી'ના 'મનન' વિભાગને 'ધ્વનિ' જેવા નવા નામે અહીં મુકાયેલો. આ વિભાગ એટલો લંબાણપૂર્વક લખાતો કે વિજયરાયે એની પણ અનુક્રમણિકા આપવી પડતી ! બાકી રહીગયેલી નોંધ 'ઉપધ્વનિ' વિભાગમાં સમાવાતી. કોઈવાર આ વિભાગ જ અંકનો શિરોષા બનીને રહયો છે. સર્જનાત્મક લખાણો પર કાપકૂપ મૂકીને આ વિભાગને લંબાણથી ચર્ચવાનું વિજયરાયે યોગ્ય માન્યું છે. ગુજરાતના સાહિત્યજગતની ઘટનાઓનો અહેવાલ 'ધ્વનિ'માં પ્રાપ્ત થાય છે. સાથોસાથ દેશવિદેશના સંસ્કારજીવનને ગૂંથતી ચર્ચાઓ પણ વિજયરાય પાસેથી પ્રાપ્ત થઈ છે. 'ધ્વનિ' માં કેળવણી, ભાષા અને સાહિત્ય, કલા નાટક અને ચલચિત્ર જેવો વિભાગવાર ચર્ચાઓ નોંધાયેલી છે. 'ધર્મ' અને તત્વજ્ઞાન' માં વિજયરાય ચિંતનાત્મક ગ્રંથોના, ખ્યાત સાધકોના તેમજ પૂર્ણયોગને લગતી નોંધ પ્રસિધ્ધ કરતા રહયાં છે. વિજ્ઞાનની અવનવીન માહિતીઓ ભદ્રમુખ ક. વૈદ્ય 'વિજ્ઞાન' વિભાગમાં નિયમિત લખતા રહયા હતા. ધનસુખલાલ મહેતા, દયાશંકર પોપટ જેવા વિધ્વાનોની સહાય પણ આ વિભાગની નોંધ લખવામાં મળતી. 'માનસી' માં પ્રકટ થયેલી વાર્તા કે લેખના પાશ્ચાત્ય લેખકોની માહિતી 'ધ્વનિ' વિભાગમાં હંમેશા પ્રસિધ્ધ થતી સર્જકના સર્જન વિશે જ નહીં પણ સર્જકના

અભિગમો, જીવન મથામણોને ચિત્રિત કરતી આ નોંધનું મોટું મૂલ્ય છે. 'ધ્વનિ' માં મળતી ભારતીય સંસ્કાર જીવનની તેમજ પાશ્વાત્ય સાહિત્યની વિશદ્ નોંધ વિજયરાયની સંપાદન રીતિ - નીતિનો ખ્યાલ આપવા સબળ આધાર પૂરો પાડે છે. રોમાં રોલાનું અવસાન થતાં એમની નોંધ સાથે ગુજરાતની ઉદાસીનવૃત્તિ પ્રત્યે વિજયરાયનો આક્રોશ જુઓ : ''આ બનાવ નિમિત્તે ગુજરાતમાં સારુ કે સાધારણ વર્તમાનપત્રી લખાણ થયું છે પણ નાથાલાલ દવેના એક ધ્યાન ખેંચે તેવા 'પ્રસ્થાન'માંના ટૂંકા લેખ સિવાય એથી ઉંચી કક્ષાનું કોઈ જ વિધ્વાને લખ્યું નથી. એ આપણું અક્ષામ્ય સંસ્કાર દારિદ્ર્ય નહી તો બીજુ શું છે ? પણ કદાચ, એ વેપારડુબી ને વ્યવહારગંડૂ પ્રજામાં તો આવુ બને તે સ્વાભાવિક પણ ગણાવું જોઈતું હશે !''(૮)

'કાયટેરિયન' સામયિક બંધ પડતા વિજયરાય એમની વિશિષ્ટતાઓનું સ્મરણ તો કરે જ છે. સાથો સાથ આપણા પત્રકારત્વની સહજ તુલના પણ એ નોંધમાંથી પ્રાપ્ત થઈ છે. વિજયરાયે નોંધ્યુ છે કે : ''કાયટેરિયન બંધ પડવાના નિવેદન માં આર્થિક બાજુનો સ્પર્શ નથી એ કારણે તે બંધ થયું હશે પણ વધુ અંશે તો કારણ મનોવૈજ્ઞાનિક હશે. આપણે ત્યાં આવાં સાહસો અટકવા માટે બંને પ્રકારના કારણો મોજૂદ છે. 'ગુજરાત' અને 'કૌમુદી' એમ જ ગયા. બીજી બાજુ 'માધુરી', 'પૂર્ણા' અને 'કુસુમ' આવ્યા એ આપણી શ્રધ્ધાવિહોણી સાહસપ્રિયતા દેખાડે છે કે ગુજરાતીઓ કોઈક દહાડો પણ ઉંધમાંથી ઢંઢોળાશે અને આપણા કાર્ય પર વારી જઈને આપણને ટકાવશે એવી ઉંડી અમરશ્રધ્ધા દેખાડે છે ?''(૯) એ સમયગાળાનાં વર્તમાનપત્રોમાં પુસ્તક સમીક્ષાકોને મફત પુસ્તકો મોકલવાની એક પ્રકાશકની જાહેર નારાજગી બાબતે ઉહાપોહ જાગેલો. વિજયરાય આ વિવાદ સબંધી વિગતે ચર્ચા માંડે છે. ચર્ચામાં તડકડિયા વાણીમાં કામ લેતા વિજયરાય પ્રકાશકને સ્પષ્ટ કહી દે છે : ''કૃપા કરી યાદ રાખજો કે અમે સમીક્ષાકરતાં હોઈએ છીએ તે વાઙ્મયના સર્જકો - ચિંતકોના કાર્યની, નહિ કે પ્રકાશકના બહુવિધ અને બહુરંગી પરાક્રમોની. 'પ્રજાબંધુ' કહે છે કે પુસ્તકો વાપરીને પરત કરો. એ નહી બને. પુસ્તકમાં કાર્યને અંગે અનેક તરેહના ચિતરામણ કરવા પડયા

હોય તેવા એ પ્રકાશકને પાછા ખપશે કે ? પ્રકાશકે 'કમમાં કમ' પોતાનો યાદી મોકલવો એમ વળી 'જન્મભૂમિ' કહે છે. અદ્દભૂત ! માત્ર યાદી પરથી પુસ્તકોનો બધી જાતની લાયકાત મૂલવવાની દિવ્યદૃષ્ટિ આપણા એ મશહુર દૈનિકને લાધી હોય તો એ મોટા આનંદની વાત છે પણ એ અમને નથી લાધી.'(૧૦) વિજયરાયની ભાષામાં જે ચિંતા દેખાય છે એમાં વિજયરાયનું સાહિત્યસીમાડાના એક જાગ્રત પ્રહેરી તરીકેનું ચિત્ર ઊભું થાય છે.

▱ સામગ્રીની જમા- ઉધાર પાસાઓ તરફ એક નજર :

'માનસી'ની તમામ પ્રકારની સામગ્રીમાંથી પસાર થતાં એવું જણાય છે કે વિભાગોમાં પ્રકટ થતી ટૂંકા લેખરૂપની નોંધ એ સમયના અન્ય સામયિકોથી તદ્દન ભિન્ન અને વિશિષ્ટ છે. જેમાં વિજયરાયની સાહિત્ય ખેવનાનો સુપેરે ખ્યાલ મળે છે. દુર્ભાગ્યે આ વિભાગો કયારેય નિયમિત રહી શકયા નથી. 'કૌમુદી'ની જેમ અહીં પણ નવાનવા નામે વિભાગોના શુભારંભ થાય છે ખરા પરંતુ જગ્યાની અતિ તાણને લીધે, નિયમિત બનવાના હેતુસર કે પછી અંકની પૃષ્ઠમર્યાદાઓને સાચવી રાખવા આમાંના કેટલાયે વિભાગોને છોડી દેવા પડયા છે. કયારેક આવા વિભાગો એક ઝબકાર આપીને વિલાઈ જાય છે. સર્જનના વિષયમાં વિજયરાયે તદ્દન ઓછા સર્જનો 'માનસી'માં પ્રકટ કર્યા હતા. પ્રતિદિન અધ્યાત્મ તરફ ખેંચાતી મનોદશાને કારણે વિવેચનસામગ્રી અને વિભાગોની સાંપ્રતનોંધને પણ સહન કરવાનું આવ્યું છે. સર્જન અને ચિંતનની સામગ્રી 'માનસી' પ્રકટ કરવા મથતું હોય તો એ બંને પાસાઓનો સમતોલ વિચાર અહીં થવો જોઈતો હતો. પાછળના કેટલાયે અંકોમાં આ પાસાની અસમતોલ દશાને નોંધી શકાય એમ છે. અરવિંદ દર્શનના અધ્યાત્મને વારંવાર પ્રકટ કરવામાં એ પરમતત્વની અંશરૂપ ઓળખ આપવાનો પ્રયત્ન વિજયરાયના મતે પ્રશસ્ય હોઈ શકે પરંતુ વાચકોને માટે એ કેવું અને કેટલું આવકારદાયક બને છે તેની સચેત નોંધ વિજયરાયે લેવી જોઈતી હતી. જો કે સર્જન અને ચિંતન વિષયક ઉત્તમને પ્રકટ કરવા માટે વિજયરાયે લીધેલા પરિશ્રમે કેટલાંક ઉત્તમ પરિણામો પણ નિપજાવ્યાં છે. સુરત

કોલેજના અધ્યાપકોનું 'ટીમ વર્ક' 'માનસી'માં જોવા મળશે એમાં વિજયરાયની સક્રિયતા જણાઈ આવે છે. પોતાની વિવેચન પ્રવૃત્તિને વિકસાવવામાં મહદ્ અંશે પત્રકારત્વ પ્રવૃત્તિને એમણે ખપમાં લીધી હતી. 'કૌમુદી'માં કસાયેલો વિવેચક 'માનસી'માં વિશેષા સક્રિય થાય છે. એમાં, આક્રોશ ઓછો અને સ્વસ્થતા વિશેષા છે. જો કે વિજયરાયે વિભાગોવાર લખાણો ટૂંકો લેખરૂપ નોંધનું ખેડાણ વિપુલ પ્રમાણમાં કર્યું જ્યારે સ્વતંત્રરૂપે લખાયેલા લેખોની સંખ્યા અલ્પમાત્રામાં છે. આ ઉપરથી એમ કહેવાનું પણ મન થાય છે કે વિજયરાયનું વિવેચન કૌશલ્ય સામયિક પ્રવૃત્તિમાં પ્રાસંગિક ઘટનાઓ - વિવાદોથી આગળ જતું નથી. મોટા ગજાના કામ કરવાની વિજયરાયની મહત્વાકાંક્ષા સમય અને શકિતના અભાવે ફળતી નથી. ઉમાશંકર જોશી પણ વિજયરાયની આ મર્યાદાને નોંધતા કહે છે : ''નવી હવાનો ખ્યાલ આપનારાં વિજયરાયનાં કેટલાંક વિવેચનો નોંધપાત્ર છે પણ એમનું અર્પણ એકંદરે હવા નિર્માણ કરતા સાહિત્યિક પત્રકારત્વના ક્ષેત્રમાં વધુ ગણાય એ પ્રકારનું રહ્યું. લાંબા સમય સુધી વાચનક્ષમ નીવડે એવાં લખાણો ઝાઝાં મળ્યાં નથી. 'પાંચસો એક શબ્દોમાં' 'હજારેક શબ્દોમાં' વિવેચન આદિ લેખમથાળા તે વખતે આકર્ષક લાગતાં છતાં આ નવીનતા પણ થોડીવારમાં એક 'મેનરિઝમ - શૈલીલઢણ - જેવી બનતી ગઈ. શૈલીની તાજગીને ઠેકાણે બધું એક વાક્યમાં સમાવવા કરતા આડવાક્યો કે આડવાકયખંડો (પૅરેન્થિસિસ) ગૂંથી લેવા મથતા જટીલ અભ્યાસશીલ અને આયાસકર શૈલીવેડા પણ ડોકાવા લાગ્યા. કોઈકોઈ સાક્ષરોના જેવી દુરુહતા પણ પ્રકટી''(૧૧) 'કૌમુદી' - 'માનસી' માં પ્રકટ થયેલા વિજયરાયના વિવેચનો 'શૈલી સાધના કે રીતિસાધના' બની ગયાના દોષાની અંતરાય રાવળે પણ નોંધ લીધી છે(૧૨) તે છતાં, કહેવું જોઈએ કે, કેટલીક પ્રાસંગિક ઘટનાઓને ગૂંથતા અને આયાસકર શૈલી ધરાવતા લેખોની સાથે વિવેચનના ઉત્તમ અંશોને પ્રકટ કરતાં વિજયરાયના લેખો અને કેટલીક સાહિત્યનોંધ વિવેચક વિજયરાયને એ સમયના વિવેચનમાં નિશંક સ્થાન અપાવે છે. આ પ્રવૃત્તિ સાથે પત્રકારત્વ જોડાયેલું હોવાથી એ જેમ પ્રાસંગિકતાની મર્યાદા ધરાવે છે તેમ સાંપ્રત સાહિત્યિક આબોહવા, સર્જકો, સમારંભો અને

સર્જન વિષયક ઉપેક્ષિત રહેતી અમૂલ્ય નોંધ વિજયરાયના હાથે પ્રાપ્ત થાય છે. આવી વિશદ નોંધ એ સમયના સાહિત્ય ઈતિહાસને, અન્ય પ્રદેશની સાહિત્યિક આબોહવાને સમજવા પથદર્શક બને છે.

▱ કેટલીક વિલક્ષણતાઓ :-

૧૯૫૦ થી 'માનસી'માં અંગ્રેજી વિભાગ પણ પ્રકટ થવા માંડેલો. જેમાં કવિતા, લેખ, સમીક્ષાઓ અને વિચારો અંગ્રેજીમાં પ્રકટ થતાં. આ પ્રકારના વિભાગને શરૂ કરવા પાછળ વિજયરાયનો આશય સમજાતો નથી. વળી, આ વિભાગમાં ગુજરાતી સાહિત્યના સર્જકોના જ વિચારો અને સમીક્ષાઓ મોટાભાગે પ્રસિધ્ધ થતાં રહયાં છે. 'માનસી' દરેક અંકમાં 'વર્ણાનુક્રમી' પાછળના પાને પ્રસિધ્ધ કરતું.જાહેર ખબરોનું ઠીકઠીક પ્રમાણ ૹૹ 'માનસી'માં જોવા મળે છે. દરેક અંકમાં ૧૫ જેટલી જાહેર ખબરો પ્રસિધ્ધ થતી. અનુક્રમણિકામાં એ જાહેર ખબર કયા પૃષ્ઠ પર આવેલી છે તેની નોંધ પણ મુકાતી. ડિસેમ્બર - ૧૯૩૮ના અંક માં નોંધ્યા મુજબ 'માનસી' ઈલાકાના કેળવણીખાતા તરફથી મંજુર થયેલું. 'અવતરણો'નો પુષ્કળ ઉપયોગ 'માનસી'માં થયેલો છે. વિવિધ વિધ્વાનોના આ અવતરણો સાહિત્ય અને સંસ્કારજીવનને પોષે એવા છે. પંદર વર્ષના ગાળા પછી 'માનસી' કાઉન આઠપેજી સાઈઝમાં પ્રકટ થવા લાગ્યુ હતુ. ૧૯૫૧ થી 'માનસી'ને માસિકરૂપે પ્રકાશિત કરવાના અને મૃતઃપાય વિભાગોને જીવંત કરવાના પ્રયત્નો વિજયરાય હાથ ધરતાં જણાય છે.

○ મુખપૃષ્ઠ :-

કનુ દેસાઈએ તૈયાર કરી આપેલું 'માનસી'નું મુખપૃષ્ઠ વિશિષ્ટ શૈલીનું હતું. પોતાના નવા ત્રૈમાસિકનો વિચાર પહેલો વહેલો મનમાં ઘોળાતો હતો ત્યારે જૈનધર્મશાસ્ત્રોનો વિદ્યાદેવી માનસી વિશેનાં લખાણો વિજયરાયે વાંચેલા. મૂર્તિલક્ષણશાસ્ત્ર, નિર્વાણ કલિકા, દિગંબર સંપ્રદાય જેવા વિચારોનો આધાર લઈને 'માનસી'ની ધ્યાનમુદ્રા' તૈયાર થયેલી. ચાર હાથમાં ચાર વસ્તુઓ લઈને

મનસાદેવીનાં પ્રતિકરૂપ સંકેત ચિહ્નો આ મુખપૃષ્ઠ પર આલેખાયાં છે. બચુભાઈ રાવત મુખપૃષ્ઠના સંજ્ઞા ચિત્રને સમજાવતાં લખે છે : ''ચિત્રમાં પદ્માસના દેવીના આસનને ધ્યાનમુદ્રાના આસન તરીકે કલ્પ્યું છે. અષ્ટદળકમળની ભૂમિરેખા બાંધીને બબ્બે પાંખડીનો એક એક વિભાગ યોજ્યો છે અને એ ચાર વિભાગમાં ચાર હાથમાંની સંજ્ઞાઓ ગોઠવી છે. કેન્દ્રભાગે વાગીશ્વરીની પ્રસન્ન ગંભીર ધ્યાનસ્થ મુખમુદ્રા આલેખી છે. વાળ છૂટા છે. કાનમાં કુંડળ અને મસ્તકે કમળ કિરીટ છે''(૧૩) સાંપ્રત સામયિકોના મુખપૃષ્ઠોની તુલનાએ 'માનસી'નું આ સંજ્ઞા ચિત્ર 'માનસી'ની અલગ ઓળખ ઉભી કરે છે. વળી, 'માનસી' એવું અક્ષરાંકન પણ પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોમાં હોય છે તેમ છેડા અંદર વળેલા કાનાવાળા અક્ષરોથી આલેખાયેલું છે. જોકે પાછળના સમયમાં અરવિંદ પ્રભાવે 'માનસી'ના મુખપૃષ્ઠો પર માતાજી અને અરવિંદની તસ્વીરો જોવા મળતી રહી છે.

○ <u>પ્રકાશન સંબંધી કેટલીક નોંધ :-</u>

વિજયરાયે 'માનસી'ને ગ્રંથશ્રેણી કહી છે. અંકના બદલે 'પૂર્ણસંખ્યા' જેવા એકમ ગણવા પાછળ વિજયરાયનો હેતુ વષૅભિરના અંકો પરથી 'માનસી' એ કરેલા કાર્યની મૂલવણી કરવાનો રહયો હોય એવું જણાય છે. ચારે અંકના વિભાગોને એક સાથે મૂલવવાથી 'માનસી'ની દિશા વિશે વિચારવાનું વિજયરાય નોંધે છે પરંતુ પૂર્ણસંખ્યા કે ગ્રંથશ્રેણીની આ ગણતરી કોઈ વિશિષ્ટ અસર ઉભી કરતી હોય એવું જણાતું નથી. 'માનસી'ની વ્યવસ્થા અને સંચાલનમાં વારંવાર સ્થળ બદલાવ થતો રહયો હતો. શરૂઆતના ગાળામાં ભાવનગરથી પ્રસિધ્ધ થયેલુ 'માનસી' સુરતના ગાંડીવ પ્રેસમાં અને વડોદરાના સાધના પ્રેસમાં કિસન સિંહ ચાવડાના હસ્તે પ્રસિધ્ધ થયાની નોંધ મળે છે.

વિજયરાયે 'માનસી'નો આરંભ કરવાની સાથે જ સર્જકોને પુરસ્કાર આપવાનું વલણ રાખ્યું હતું. 'બુધ્ધિના શ્રમજીવીઓ માટે ગુજરાતમાં પુરસ્કારનું વલણ દાખલ કરાવવા વિજયરાયેરોતસરની જેહાદ ઉપાડેલી. પુરસ્કારની તિની

પોષાણ કરતા એ શબ્દો જુઓ : ''આ પત્રમાંનું એકપણ લખાણ વિનામૂલ્ય લેવામાં આવ્યુ નથી ને આવશે પણ નહી. બીજુ એ કે અમે લેખકોને મોકલેલી કદરશનાચીની રકમ છતાં પણ એ લખાણ 'માનસી'માં પ્રકટ થયા પછી એની પર અમારો કોઈપણ જાતનો માલિકીહકક, આપણું એક પંકાયેલુ માસિક દુર્ભાગ્યે રાખે છે. તેવો ( એ સામયિક 'કુમાર' હતું.) રહેતો નથી. ત્રીજુ એ કે કેટલાંક લેખકમિત્રો રકમ સ્વીકારવાની ના પડે છે તે બરાબર નથી એમના નકારના મૂળમાં અલબત્ત શુભાશય હોય છે પણ નિયમ એટલે નિયમ''(૧૫) એ સમયમાં 'કુમાર', 'બુધ્ધિપ્રકાશ', 'શરદ', 'સ્ત્રીબોધ' અને 'માનસી'માં જ પુરસ્કારનું વલણ દેખાય છે. આ સ્થિતિ વિજયરાયને અસહય લાગે છે. લેખકોના અમુક વર્ગને જ પુરસ્કાર આપવાની અથવા તો એકસાથે મોટી રકમ આપવાની ચાલાકી કરતા વ્યવહારુ તંત્રીઓનો વિજયરાય સમયાંતરે ઉધડો લેતા રહયાં છે. આનંદશંકર ધ્રુવનું 'વસંત' પણ પુરસ્કારનું વલણ અપનાવે છે. છેક ૧૯૩૭ થી - આરંભ થયા પછી ૩૫ માં વર્ષે ! 'વસંત' પણ પુરસ્કારના પંથે' એવી નોંધ લઈને આનંદની લાગણી દર્શાવે છે તો 'કૌમુદી'ના સંપાદક મૂળશંકર ભટ્ટ પુરસ્કારનીતિ જાહેર કર્યા પછી પણ પુરસ્કાર ન આપતા વિજયરાય એ વૃત્તિની ઝાટકણી કાઢે છે. 'માનસી'ના પુરસ્કાર વ્રત માટે વિજયરાય આર્થિક સંકડામણમાં પણ જે જાહેરાતો કરે છે એ ગુજરાતી સાહિત્યના પ્રવાહને દોરનારી બની હશે, એમાં શંકા નથી વિજયરાયની એક જાહેરાત જુઓ : ''શરતચૂક જેવા કારણે જેમને અમારી ફૂલપાંદડી મળી ન હોય એમણે વિના-સંકોચે રકમનું ભરેલું આસન બનાવવું. તેમાં લેખકે લખાણદીઠ રુ. એકથી પાંચની પોતાને યોગ્ય લાગે તે રકમ ભરવી. એમાં ભરાઇ આવેલો આંકડો સૂચનારૂપ ગણી એમાં વધ કે ઘટની જરૂર હશે તો એ ફેરફાર 'માનસી' તરફથી કરી લેવામાં આવશે''(૧૬) 'માનસી'નો આ આગ્રહ જવલંત સાહિત્ય ખેવનાની સાક્ષી પૂરે છે. વિકટ પરિસ્થિતિમાં પુરસ્કાર આપી - અપાવીને અને સમગ્ર સામયિકોને એ દિશામાં કોઈપણ ભોગે દોરવાનું વિજયરાયનું વલણ પત્રકારત્વ ક્ષેત્રને ગૌરવ અપાવનારુ છે.

o <u>'માનસી'નું આર્થિક તંત્ર :-</u>

'માનસી'ને ટકાવવા માટે વિજયરાયે અને 'માનસી' પ્રેમીઓએ જે પ્રયત્નો કર્યા હતા એ ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે અપૂર્વ છે. પત્રકારત્વની આ ઘટનાઓ જેમ એ ક્ષેત્રની મર્યાદાઓને છતી કરે છે એમ ભેખધારી વિજયરાયની સાહિત્ય-નિષ્ઠાનો એમાંથી સતત રણકો સંભળાય છે. 'માનસી'ની આર્થિક વ્યવસ્થાની જમા-ઉધાર બાજુને વિજયરાયે 'મંદિરનો ઘંટનાદ' અને 'માનસી-વૃત્ત' માં નિયમિત પણે આલેખી છે. 'માનસી'ના આરંભ સમયે જ વિજયરાય 'લવાજમ' ભરવા બાબતે નોંધે છે : 'મે મારું લવાજમ મને જ આજરોજ ભરી દીધુ છે જેનો અર્થ છે કે મારા એકએક મિત્રે - હિતેચ્છુએ અને મુરબ્બીએ પોતપોતાના પાંચ રૂપિયા મારા તર્ફની પ્રત્યક્ષ અંગત વિનંતીની રાહ જોયા વિના સત્વરે મોકલવા કૃપા કરવી. 'માનસી'નો ભેટ નકલ મને પણ મળવાની નથી''(૧૭) પ્રથમવર્ષના અંતે 'માનસી'ના ૪૫૦ જેટલાં ગ્રાહકો હતા. જ્યારે ૧૯૪૦ માં ગ્રાહકોની સંખ્યા સવાસોથી પણ ઓછી હતી. ગ્રાહકો ઘટવા પાછળ 'માનસી' માં વ્યાપ્ત ચિંતનાત્મક લખાણો, અરવિંદદર્શનના એકાંગી ચિંતનો, સર્જનોની બાદબાકી જેવા કારણો વત્તા - ઓછાં અંશે જવાબદાર હતા. ગ્રાહકો ઘટવા ના એક કારણમાં 'માનસી' ની અસહ્ય અનિયમિતતા પણ જવાબદાર છે. અંકો એક - બે મહિના મોડા પડવાના બદલે છ માસ સુધી મોડા પડતા મોટાભાગે નિયમિતતા આણવા બબ્બે અંકો એકસાથે જોડવામાં આવતા આને લીધે વર્ષમાં ગ્રાહકોને 'માનસી'ના માત્ર બે વાર દર્શન થતાં. ડિસેમ્બર - ૧૯૪૫ નો અંક પૂરા એક વર્ષ પછી એટલે કે ડિસેમ્બર - ૧૯૪૬માં પ્રકાશિત થયેલો ! અંકની અનિયમિતતા ખાળવા માટે બે માસના અંકોને પ્રકાશિત કરવાની અનિશ્ચિતતા જોતા વિજયરાયે જૂન - ૩૯ તથા સપ્ટેમ્બર - ૩૯ ના અંકરૂપે પોતાનું પુસ્તક 'જુઈ અને કેતકી' 'માનસી'ના ગ્રાહકોને મોકલીને આ પુસ્તકને જ અંક ગણાવવાની 'ઘટના' સર્જી હતી. 'માનસી'ને નિયમિત પ્રકાશિત કરવાની વિજયરાયની ચિંતા અંતે તો દરેક અંકે ફરીફરીને નાણાંકીય ખેંચની વાત પર આવીને જ અટકે છે. નાણાંકીય તંગીને કારણે વિજયરાય 'માનસી'માં જ

ઉંચા હાથ કરી દઈને 'આવતો અંક નિરાંતે' એમ જાહેર કરી દે છે ત્યારે દુખઃદ આશ્ચર્ય થાય છે. 'માનસી'ના અનિયમિત પ્રકાશનથી વિજયરાયને ગ્રાહકો ગુમાવવાનો, સારા લેખો છોડવાનો તેમજ 'માનસી'ની બંધાયેલી મુદ્રાને તૂટતી જોવાનો વખત આવ્યો. એટલું જ નહીં પણ 'કૌમુદી'ની તુલના એ 'માનસી'ની અવ્યવસ્થાએ માઝા મૂકતા વિજયરાયને અન્યની ટીકા સાંભળવા નો વખત આવ્યો. જહાંગીર એ. સંજાના એક પત્રમાં લખે છે : '' ધૂમકેતુની પેઠે વિરલ અને અત્યંત અનિયમિત દર્શન આપી આશ્ચર્યચકિત કરનારા તમારા ત્રૈમાસિકનો અંક અકસ્માતે જોવા મળ્યો.(૧૮) 'માનસી'ને પગભર કરવા માટે થયેલા પ્રયત્નો ઐતિહાસિક છે. સુરતમાં ૧૨-૧૨-૩૭ ના દિવસે 'મૂંગી સ્ત્રી' નો નાટ્યપ્રયોગ સુરત કોલેજના વિદ્યાર્થીઓ ધ્વારા થયેલો. ઝવેરચંદ મેઘાણીએ સુરતમાં ખાસ રોકાઈને 'માનસી મંડોળ'ના આ કાર્યક્રમમાં પોતાના ગીતો સંભળાવેલા. એ પછી સુરતમાં જ કોલેજના વિદ્યાર્થીઓએ 'માનસી' માટે 'જાગૃતિ' નાટક અને અન્ય મનોરંજક કાર્યક્રમ કરેલો. ભરૂચના બે શિક્ષકમિત્રો એ 'માનસી'ના પરાણાથીરે વધુ લવાજમો ૧૯૪૮ માં ઉપરાવી આપ્યાં હતા. તો યશોધર મહેતાએ ૧૪૧૧ જેવી રકમ એકઠી કરી આપેલી. ધનસુખલાલના પુસ્તક 'મીઠી નજરે' નો બધો જ નફો 'માનસી' ને અર્પણ થયેલો. ગ્રાહકોને આકર્ષવા વિજયરાયે પુસ્તકભેટની યોજના સ્વીકારી હતી. ૧૯૩૬ માં ''બ્રહ્મર્ષિ - વશિષ્ઠ' અને એ પછીના સમયમાં 'ઋગ્વેદકાળના જીવન અને સંસ્કૃતિ' ભેટ અપાયેલું. પંડિત ઓમકારનાથજીએ 'માનસી' સાથેના પ્રેમ-ઉષ્માભાવે પોતાનો એક 'જલસો' 'માનસી'ને આપ્યો હતો. સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ 'માનસી' સબંધી ગ્રાહક થવાનો પરિપત્ર શાળા - હાઈસ્કુલોને મોકલ્યો હતો. ભાવનગરના મહારાજાએ ૧૯૫૦ માં સાહિત્યપ્રવૃત્તિના ઉત્તેજન તરીકે ૧૦૦૦ ની માતબર રકમ આપેલી તે છતાં એ વર્ષના આખરે 'માનસી'નુ દેવુ ૧૨૦૦ની ઉપર પહોંચતુ હતુ. લીલાવતી લાલભાઈએ વિશેષાંક (આનંદશંકર સ્મરણ અંક?) પ્રકાશિત કરવા માટે 'માનસી'ને રૂા. ૫૦૦ની સહાય કરેલી. નાની-મોટી

રકમની મદદનો આંકડો ક્યારેક તો પાંચસો - છસો સુધી પહોંચતો પરંતુ 'પાતાળકૂવા જેવું ખોટખાડિયું' (૧૯) 'માનસી'ની આર્થિક ભીંસનો ઉપાય જાણે કે અશક્ય રહેવા જ સર્જાયો હતો. અહીં એક વાત તરત ધ્યાનમાં આવશે કે 'માનસી'ને નાની - મોટી મદદ કરનારા, 'માનસી'ને માટે સમય, શક્તિ અને ધનસંપત્તિનો ભોગ આપનારા વ્યક્તિઓ વિજયરાયના અંગત સંબંધીઓ ન હતા. ગુજરાતના જુદાજુદા પ્રાંતમાંથી 'માનસી' માટે એકઠી થયેલી રકમો 'માનસી' પ્રત્યેની ઉંડી લાગણી જ દર્શાવે છે. એક સામયિકને માટે મનોરંજક કાર્યક્રમો થવા, સામાન્ય વર્ગના શિક્ષિતો દ્વારા લવાજમો મેળવવા તેમજ પુસ્તકોના હક્કને જતો કરવાની ઉદારતા માત્ર ગુજરાતમાં જ નહીં પણ સમગ્ર ભારતીય પરિપ્રેક્ષ્યમાં અપૂર્વ છે. વિજયરાયે 'માનસી'ને સધ્ધર સ્થિતિએ પહોંચાડવા જાત ઘસી નાંખી હતી. તેના બ્રાહ્મણવ્રતે આર્થિક પક્ષે મોટું બલિદાન લીધું છે. જૂન - ૧૯૩૭ થી વિજયરાયે સુરતની એમ.ટી.બી. કોલેજમાં અધ્યાપનકાર્ય શરૂ કરેલું. જૂન - ૧૯૪૯ સુધી અધ્યાપનની સેવા બદલ દર માસે મળતા ૧૨૦ રૂપિયામાંથી રૂા. ૭૫ જેટલો ઘરખર્ચ રાખીને બાકીની રકમ પૂરા અગિયારવર્ષ સુધી તેણે 'માનસી'ને આપેલી. ૧૯૫૦ ની પરીક્ષાનું ૪૪૩ રૂપિયા જેટલું મહેનતાણુ પણ એમણે 'માનસી'ની ખોટ પૂરવા આપી દીધું હતુ. પ્રોવિડંડ ફંડની રકમનો પણ પોતાના અંગત ખર્ચમાં ઉપયોગ કરવાના બદલે એ રકમનો ઉપયોગ 'માનસી'ના બીલ ચૂકવવામાં કર્યો. એમના 'નાજુક સવારી'થી માંડીને પ્રકાશિત થયેલા અન્ય પુસ્તકોનો નફો રળવાનો એણે વિચાર સરખો પણ કર્યો નહિં. સામયિકને જીવંત રાખવાના આ મરણિયા પ્રયત્નો વિજયરાયના વિરોધીઓનું મસ્તક પણ નમાવે એવા વિરલ હતા. વિજયરાયનો સ્પષ્ટ અભિગમ રહયો હતો કે પ્રજાકીય સંસ્કાર જીવનને પોષે એવા સાહસોનો ખર્ચ પ્રજાની સંસ્થાઓએ, શ્રેષ્ઠિઓએ અને તમામ સંસ્કૃત સમાજે વહન કરવો જ જોઇએ. વિજયરાય પોતાની નોંધમાં ગુજરાતના સંસ્કૃતિ દારિદ્ર્ય સામે, સંસ્કાર જગતની ઉપેક્ષિત વૃત્તિ સામે આક્રોશ

ઠાલવતાં રહયાં છે. એક યુનિવર્સિટી સરખું કાર્ય કરતા સામયિકોને આર્થિક બાજુએ પગભર બનાવવાની દરકાર લેવા વિજયરાયે અંકે અંકે અનુરોધ કર્યો હતો. સામયિકની દરિદ્ર સ્થિતિનો વિજયરાયને ભારે અજંપો રહયા કર્યો છે. સાહિત્યસેવી સામયિકો માટે પ્રજાએ ૨૦ થી ૨૫ હજાર રૂપિયાનું ભંડોળ એકઠું કરીને સામયિક પ્રવૃત્તિને નિશ્ચિંત બનાવે એવી યોજના ઘડવાનું વિજયરાયે સૂચન કર્યું હતુ. એ કારણે કેટલાંક શહેરોમાં 'માનસી શુભેચ્છા મંડળ' પણ સ્થપાયેલા. 'માનસી'ના લવાજમ ભરવા અંગે અમદાવાદ, મુંબઈ, સુરત, વડોદરા, કરાંચી અને સૌરાષ્ટ્રના અનેક સ્થળોએ માનદ્શાખાઓ સ્થપાયેલી પરંતુ ગ્રાહકોની સંખ્યામાં કોઈ નોંધપાત્ર વધારો થવાનું 'માનસી'માં નોંધાયુ નથી. આ વિકટ સ્થિતિમાં સામયિકને બંધ કરી દઈ નિરાંતથી જીવવાના વ્યવહારૂ ખ્યાલ સામે વિજયરાયનો પ્રકોપ ઢાંકયો ઢંકાતો નથી. તૂટતા જતાં 'માનસી'ને પ્રકાશિત કર્યે રાખવાનો વિજયરાયનો મકકમ ઈરાદો આ શબ્દોમાં વ્યકત થયો છે : 'મારા પગારનો તેમ એ બીજી ત્રીજી આવક નો વધુમાં વધુ હિસ્સો 'માનસી'ને મળ્યો છે. આવી સ્થિતિ જાણે કાયમી બનવા બેઠો છે તે નૈતિક દૃષ્ટિએ ઈષ્ટ નથી. અને આર્થિક દૃષ્ટિએ સહય નથી. 'તો પછી બંધ કરો તમારું માનસી' એ તો છેલ્લો ઉપાય છે જ. છેલ્લોને સહેલો. પણ એનો અમલ થયા પૂર્વે બે વાત સાબિત થવી જોઈશે. આ પત્ર દ્વારા થતું મુખ્ય કાર્ય કેટલુંક તો એ જ કરે છે તેવું એક અગત્યની ભારતીય ભાષામાં થવાની જરૂર નથી અને પત્રને હમણાં આવતી વાર્ષિક ખોટના માત્ર પાંચસોક રૂપિયા એક ધનવાન ભારતીય પ્રાંતની વ્યકિતઓ, સંસ્થાઓ તથા રાજયોની તિજોરીઓને બેંકોમાં નથી. એ બંને વાત નાસાબિત છે ત્યાં સુધી 'માનસી' બંધ પાડવુ અમારે નાકબૂલ છે[૨૦] 'માનસી'ને ટકાવવા વિજયરાયે અંકની પૃષ્ઠસંખ્યા પર કાપ મૂકયો. સાદા કાગળો વાપરવાનું શરૂ કર્યું. અંકોને નિયમિત બનાવવા શકય એટલા પ્રયાસો કર્યા. 'માનસી'ની સૂચિત યોજનાઓ અંગે વાચકપક્ષેથી ઘોર ઉદાસીનવૃત્તિ જણાઈ ત્યારે

વિજયરાયની હતાશાએ આમરણાંત અનશનનો ઐતિહાસિક નિર્ણય લેવાની ફરજ પાડી. ૧૯૫૨ માં, 'માનસી'ને જો ગુજરાત ટકાવશે નહીં તો આમરણાંત ઉપવાસ પર ઉતરી જવાનો વિજયરાયનો નિર્ણય પત્રકારત્વક્ષેત્રની વિરલ ઘટના છે. કિશોરલાલ મશરૂવાળા, કૃ.મો. ઝવેરી જેવા વિધ્વાનો, અગ્રગણ્ય સાહિત્યકારો અને સુરતના વિદ્યાર્થીમંડળની સમજાવટથી વિજયરાયે અનશન પર જવાના વિચારને પડતો મૂકેલો. વિજયરાય નિશ્ચિંતતાથી 'માનસી'નું પ્રકાશન કરી શકે એ માટેના કેટલાક પ્રયત્નો હાથ ધરાયા. નાની મોટી રકમો સરળતાથી મળવા લાગી પરંતુ આર્થિક વ્યવસ્થાનો બોજો સદંતર નિર્મૂળ થાય એવું કોઈ નક્કર આયોજન 'માનસી'ના ભાગ્યમાં નહોતું. છૂટક સહાય અને મદદના ટૂકડાઓથી વિજયરાયે જે 'માનસી'ને ઉછરેલું તેને માટે યોગ્ય નાણાંભંડોળ સ્થાપવાની એમના સ્વપ્ન પનીને જ રહી. વધારામાં પુરૂં વિજયરાય નર્મદની જેમ કલમને ખોળે માથું મુકીને જીવનારા સાહિત્યકાર હતા. પાછલી ઉંમરે કથળતું આરોગ્ય પણ 'માનસી' માટે જોઈતા ઉત્સાહમાં અડચણરૂપ બનતું હતું. સાહિત્ય જગતના નિરાશાજનક અને મંદ વાતાવરણે વિજયરાયને વધુ હતાશ કરી નૂકેલા. એમના લખાણમાં પણ આ નિરાશાનો અવાજ સાંભળી શકાય છે. તેઓએ નોંધ્યુ છે : ''આજે બળેવે 'માનસી'ને પંદર વર્ષ પૂરા થાય છે. એના પહેલાં વર્ષના અંકો કેટલાં સુંદર હતા ! ''કૌમુદી'' ત્રૈમાસિક કરતા માત્ર બીજા નંબરે જ અપૂર્વ કહેવા જેવા. પોતે યુવાવસ્થામાં લખેલો કોઈ ગ્રંથ ઉત્તરવયમાં સ્વિફ્ટે જોયો ત્યારે તેણે કાઢેલો ઉદ્ગાર એ આગલા અંકો મારી પાસે કઢાવે છે : વોટ એ જીનીયસ, આઈ હેડ એટ ધ ટાઈમ ? (૨૧) આખરે ડિસેમ્બર – ૧૯૬૦ માં ભાવનગરથી 'કોંગ્રેસ સ્મરણિકા અંક' પ્રકાશિત કરીને વિજયરાયે 'માનસી'નું ત્રૈમાસિક કાર્ય આટોપી લીધું. ''કૌમુદી' પછી 'માનસી'નો આ અંત વિજયરાયની સામયિક નિષ્ઠાનો પુનઃઅંદાજ આપે છે. મુખ્યત્વે એમાં ગુજરાતની કળા પ્રત્યેની દરિદ્રતા અને ગુજરાતી સંસ્કારજીવનની શકિતસીમા જ સૂચિત થાય છે. આટઆટલા કટુ અનુભવો પછી પણ વિજયરાયનો જીવ સામયિક

વિના મૂંઝાતો હતો એ કારણે ૧૯૬૨ – ૬૩ માં વિજયરાયે 'રોહિણી' નામે સંસ્કાર પત્રિકા શરૂ કરેલી. 'રોહિણી'ને પણ ટૂંક સમયમાં જ બંધ કરવું પડયું. તે છતાં ૧૯૬૮ના ડિસેમ્બરમાં બોંતેર વર્ષની ઉંમરના વિજયરાયે નોંધ્યુ છે કે : ''માનશો ? મને હજીપણ એક અનિયતકાલિનના દિવાસ્વપ્નો આવ્યા જ કરે છે''(૨૨) વિજયરાયના વ્યકિતત્વના અંશરૂપ આવી સામયિક નિષ્ઠા દુર્લભ છે. સાહિત્ય અને સામયિકો પ્રત્યેની અખૂટ ખેવના વિજયરાયને દીર્ઘકાળ સુધી જીવંત રાખશે. ઉમાશંકરે કહ્યું છે એ ફરીફરીને કહેવાનું મન થાય છે કે : ''જુદાજુદા જમાનાઓને પોતાનો વિજયરાય મળતો રહો''(૨૩)

'માનસી'નું પ્રદાન :-

વિજયરાયનું પત્રકારત્વક્ષેત્રે મુખ્ય પ્રદાન ગુજરાતી સાહિત્યની ગાંધીયુગીન રુચિને તેમજ 'વિવેચન-સર્જનનો પ્રતિભા, શકિતને બહાર લાવવામાં છે. 'કૌમુદી' અને 'માનસી'માં પ્રકટ થતાં શુધ્ધ સાહિત્યિક વલણોએ સર્જકોને એ દિશામાં પ્રેર્યા હતા. મહાન સર્જકોના પરિચયો, વૈવિધ્યપૂર્ણ ચર્ચાઓ અને વિવાદોથી તત્કાલીન સાહિત્યિક વાતાવરણને વિજયરાયે જીવંત રાખેલું. વિજયરાયની શકિતઓ 'વિવેચન'માં મુખ્યત્વે કેન્દ્રસ્થ થયેલી તે છતાં 'વિનોદકાંત' નામે આપેલા વિનોદાત્મક નિબંધો આ સામયિક પ્રવૃત્તિના ફળરૂપ છે. વિવેચનમાં પ્રકટ થયેલા વિજયરાયના યુયુત્સાપૂર્ણ અભિગમે નવીન વિવેચકોને પણ આ અભ્યાસક્ષેત્રમાં દોરવાનું કામ કરેલું. વિષ્ણુપ્રસાદ અને 'સુંદરમ્'ની વિવેચન પ્રતિભાને વિજયરાયે એક ચોકકસ દિશા આપેલી. જાગ્રત અભ્યાસનિષ્ઠાનો પરિચય આપવા માટે વિજયરાય સમયાંતરે આવી વિવેચક પ્રતિભાઓને બિરદાવતા રહ્યા હતા. વિજયરાયની એક નોંધમાં તેનું પ્રમાણ મળે છે. જુઓ એ શબ્દો : ''ભાઈ વિષ્ણુપ્રસાદે, સુંદરમે ગુજરાતી વિવેચનને એક ઈષ્ટને અભિનવ ભૂમિકા પર લઈ જવા માંડયુ છે. બંને વિવેચક વર્યોને નિજગુરુ કરી સ્થાપી શકાતા હોત તો કેવું સારું!(૨૪)

સર્જન - ચિંતનલક્ષી લખાણો, અભ્યાસશીલ સામગ્રીઓ આપવા 'માનસી' એ હંમેશા તત્પરતા દાખવી છે. બટુભાઈ ઉમરવાડિયાજી, ધનસુખલાલ મહેતા જેવા સર્જકોના ખાસ અંકો પ્રકાશિત કરીને તેમજ 'અરવિંદસપ્તાહ' પર વિશેષ લખાણ મેળવીને એમના સર્જન - ચિંતનાત્મક વલણનો પરિચય 'માનસી'એ જાળવી રાખ્યો. કેટલાક ઉત્તમ સર્જનો અને અધ્યયન સંદર્ભે અતિ ઉપયોગી જણાતા લેખો 'માનસી' એ પ્રકટ કર્યા હતા.

ગુજરાતી પત્રકારત્વને માટે 'માનસી' એક સીમાચિહ્નરૂપ સામયિક છે. જે ગુજરાતની સાહિત્યિક પત્રકારત્વની સિધ્ધિમર્યાદાઓનું જાહેર બયાન કરે છે. એક સામયિકના સંપાદકને પસાર કરવી પડેલી અગ્નિપરીક્ષાઓનો આ ઈતિહાસ વિજયરાયની સામયિક નિષ્ઠાની સાબિતી છે તેમ ગુજરાતી પત્રકારત્વની દશા-દિશાનો એ અંદાજ બાંધી આપે છે. અત્યંત કંગાળ સ્થિતિમાં પણ 'માનસીવ્રત' ને ધપાવ્યે રાખવાનાં પ્રયત્નો આજના સામયિકો અને વાચકોને દંતકથા સમા લાગવા સંભવ છે.

એ વર્ષોમાં ''કૌમુદી - માનસી'' ની સમતોલ વિચારશીલતા, વિદ્વત્તાભર્યા લખાણો અને નવા વલણોને સ્વીકારવાના વિશાળતાભર્યા દ્રષ્ટિબિંદુ બીજા સામયિકોને માટે આદર્શરૂપ છે. શિષ્ટ પ્રજાવર્ગ સુધી માત્ર ગુજરાતનાં જ નહીં અન્ય પ્રાંતોના સર્જકોને સક્રિય કરી જગત સાહિત્યના પ્રવાહોથી માહિતગાર રાખવાની પ્રજાસેવા વિજયરાયની કક્ષાએ અન્ય કોઈએ કરી હોય એવું જણાતું નથી. આજે પણ સામયિકોની આર્થિક સ્થિતિ ખાસ સુધરી હોય એવું અનુભવાતું નથી. સાથોસાથ સામયિકને ચલાવવાની દ્રઢ શ્રધ્ધા અને અડગ નિર્ધારનો અભાવ પણ એમાં વરતાય છે. સાહિત્યિક અને સંસ્કારિક ઘટનાઓ વિશે ઉદાસીન વૃત્તિ અને ડોળઘાલુ સ્થિતિ સામે આંખ મિંચામણા કરવાનું વલણ ધીમા ઝેરની ઘાતક અસરનો અનુભવ કરાવતુ થયુ છે. અને, ત્યારે .....વિજયરાય યાદ આવે છે.

**સંદર્ભ ::-**

(૧) વિનાયકની આત્મકથા (૧૯૬૯) વિ.ક.વૈદ્ય, પૃ. ૧૨૬ (૨) કૌમુદી, અંક:૪, એપ્રિલ, ૧૯૩૫ (૩) એજ. (૪) વિવેચનની ક્ષણો હરીન્દ્ર દવે, પૃ.૩૪ (૫) 'માનસી' અંક:૪ ડિસેમ્બર ૧૯૩૯ (૬) 'માનસી' અંક:૩, સપ્ટેમ્બર, ૧૯૩૮ (૭) 'માનસી' અંક:૧, જાન્યુઆરી, ૧૯૩૬ (૮) 'માનસી' અંક:૪, ડિસેમ્બર, ૧૯૪૪ (૯) 'માનસી', અંક:૧, માર્ચ, ૧૯૩૯ (૧૦) 'માનસી' અંક : ૩, જાન્યુઆરી-૧૯૩૬ (૧૧) શબ્દની શક્તિ-ઉમાશંકર જોશી, પૃ૩૬. (૧૨) 'ગ્રંથાક્ષત' (૧૯૪૯) અનંતરાય રાવળ પૃ. ૨૦૭. (૧૩) 'માનસી' અંક : ૧, બળેવ, ૧૯૩૫. (૧૪) એજ. (૧૫) એજ. (૧૬) 'માનસી' અંક:૩, સપ્ટેમ્બર-૧૯૩૭ (૧૭) 'કૌમુદી' અંક:૪, એપ્રિલ ૧૯૩૫. (૧૮) 'માનસી' અંક:૨, જૂન - ૧૯૪૫ (૧૯) 'માનસી' અંક:૨, જૂન - ૧૯૪૧ (૨૦) એજ. (૨૧) 'માનસી' અંક:૩ સપ્ટેમ્બર-૧૯૫૦. (૨૨) વિનાયકની કહાણી (આત્મકથા) - વિ. ક. વૈદ્ય, પૃ. ૧૦૪. (૨૩) શબ્દની શક્તિ - ઉમાશંકર જોશી, પૃ. ૩૮ (૨૪) 'માનસી' અંક:૧,જાન્યુઆરી-૧૯૪૪.